# જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય
# વસ્તુમાત્ર



# ज्ञान-ज्ञेय-ज्ञातामय
# वस्तुमात्र

ॐ

શ્રી પંચપરમેષ્ઠીને નમઃ
શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર

જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર

અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કહાન ગુરુદેવના,
અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,
પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈના
સમયસાર કળશ-૨૭૧
ઉપરના ચાર પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
"સ્વીટ હોમ" જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૪૪ | ૨૫૫૦ | ૨૦૮૦ | ૨૦૨૪ |


: પ્રકાશન :

પૂ. ''ભાઈશ્રી'' લાલચંદભાઈ મોદીના ૧૧૫ માં જન્મદિન પ્રસંગે
તા. ૧૫-૬-૨૦૨૪, શનિવાર, જેઠ સુદ-૯

પ્રથમ આવૃત્તિ - ૨૫૦ પડતર કિંમત - રૂા.૨૬૮ (અંદાજીત) મૂલ્ય-સ્વાધ્યાય

ટ્રસ્ટ નંબર : ૯૪૨૯૦ ૮૮૮૭૯


## 'જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર' પુસ્તકમાં આવેલી દાનરાશિ

| | | | રૂપિયા |
|---|---|---|---|
| ૧. | શ્રી ચેતનભાઈ મહેતા પરિવાર | રાજકોટ | ૧૫,૦૦૦/- |
| ૨. | મનીષભાઈ જૈન | ઈંદોર | ૧૫,૦૦૦/- |
| ૩. | રૂબી રાજકુમાર જૈન | ઈંદોર | ૧૫,૦૦૦/- |
| ૪. | વર્ષાબેન | બેંગ્લોર | ૧૦,૦૦૦/- |
| ૫. | આશાબેન જે. મહેતા | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૬. | ઉષાબેન કામદાર | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૭. | બીનાબેન શાહ | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૮. | રમેશભાઈ પંચાલી | રાજકોટ | ૫,૦૦૦/- |
| ૯. | શોભનાબેન એચ. શાહ | કલકત્તા | ૫,૦૦૦/- |
| ૧૦. | નરેશભાઈ જે. શાહ | | ૧૨૫૦/- |
| ૧૧. | ધમેન્દ્રભાઈ ગોડા | વાપી | ૧૧૦૦/- |
| ૧૨. | વિષ્ણુભાઈ મોદી | મહેસાણા | ૧૦૦૦/- |
| ૧૩. | ભાવિક અમિતભાઈ શેઠ | રાજકોટ | ૧૦૦૦/- |
| ૧૪. | કલ્પનાબેન | કલકત્તા | ૧૦૦૦/- |

# પ્રસ્તાવના

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કાળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ ૨૦૦૦ વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્યદેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભારતક્ષેત્રમાં લાવીને દ્રવ્યાનુયોગની ધારા પુનઃ પ્રવાહિત કરીને દ્વિતીય શ્રુતસ્કન્ધમાંના સમયસાર આદિ પાંચ પરમાગમોની રચના કરી. ત્યારબાદ ૧૦૦૦ વર્ષ પૂર્વે આ કાળના હાલતા-ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી. આ પરંપરામાં મોક્ષમાર્ગ લગભગ લોપ જેવો જ થઇ ગયેલો. તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ આત્મજ્ઞસંત નિષ્કારણ કરુણાના સાગર અને ભાવિ તીર્થાધિરાજ એવા નિર્ભય-નીડર અને નિઃશંક સિંહપુરુષ પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને પરમગામના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને ભવ્ય જીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટ ધારાથી દેશનાની શૃંખલા વરસાવીને અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણા જીવોએ પૂજ્ય ગુરુદેવશ્રીના નિમિતે પોતાના આત્મસ્વરૂપને સમજીને આત્મસાત્ કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્ન થયા. તેમના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂજ્ય "ભાઈશ્રી" લાલચંદભાઈ થયા. પૂજ્ય ભાઈશ્રીએ ઘણો સમય સોનગઢ પૂજ્ય ગુરૂદેવશ્રીની નિશ્રામાં રહી આચાર્ય ભગવંતોના મૂળ તાત્વિક રહસ્યોને પોતાના જ્ઞાન સરોવરના પ્રકાશ સાથે મેળવીને આચાર્ય ભગવાન તથા પૂજ્ય ગુરુદેવશ્રીએ જે રીતે શુદ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુદ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

પૂજ્ય ભાઇશ્રીની વાણીમાં ભેદજ્ઞાનની ભવ્યતા નીતરતી હોય છે, અને કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ છોડાવીને આત્મસ્વભાવને આત્મસાત્ કેમ કરવો તેની અપૂર્વ વિધિ જોવા મળે છે. તેમના પ્રવચનોમાં દ્રષ્ટિપ્રેરક જ્ઞાનના વિષયની અગાધ સ્પષ્ટતા અને જ્ઞાન ઉપયોગના વિવિધ પડખાનું સૂક્ષ્મ સ્પષ્ટીકરણ સરળ ભાષામાં જોવા મળે છે. તેઓએ "જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી" એવો અપૂર્વ મંત્ર આપી ભેદજ્ઞાનની ભવ્યાતીત વિધિ બતાવી સ્વાનુભવગમ્ય સુમધુર તત્ત્વસભર વાણી વરસાવી સિદ્ધાંતોની સરિતા વહાવી છે.

તેમના આ સુત્રનું ઉત્કૃષ્ટ વિશ્લેષણ સમયસાર કળશ ૨૭૧ ના પ્રવચનોમાં થયેલ છે - કે કેવી રીતે જાણનારો જ જણાય છે અને પર જણાતું જ નથી, કેવી રીતે જ્ઞેયાકાર હોવાના સમયે જ્ઞાન જ્ઞાનાકાર જ રહી ગયું છે, અને કેવી રીતે જ્ઞેયાકાર જ્ઞાનના કલ્લોલો ઉછળતા હોવા છતાં જ્ઞાયક જ જણાય રહ્યો છે. આવો ખ્યાલ આવતા અને ભેદજ્ઞાન કરતા કે પર જણાતું હોવા છતાં હું પરનો જાણનાર નથી, અને તેવા જ્ઞાનસ્વભાવી જ્ઞાયક ઉપર લક્ષ કરતા દ્રષ્ટિ દ્રવ્ય ઉપર અહમ કરે છે, જેથી જીવને નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ અનુભૂતિ થાય છે. આવા અનુભવ પશ્ચાત સવિકલ્પ દશામાં સાધક જીવને પરનો જાણનાર હોવાનો રાગ નથી

પરંતુ હું જ જ્ઞાતા, હું જ જ્ઞાન, અને હું જ જ્ઞેય એવો ભેદરૂપ વિકલ્પ રહે છે, અને ભેદજ્ઞાન દ્વારા જયારે તેને સર્વ ભેદોથી રહિત એવા અભેદ જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયરૂપ વસ્તુમાત્ર ઉપર દ્રષ્ટિ થાય છે ત્યારે ફરીવાર નિર્વિકલ્પ દશા આવે છે. આવી જ્ઞાનની સુંદર વ્યવસ્થાનું વર્ણન આ કળશ અને પ્રવચનોમાં જોવા મળે છે.

આ પુસ્તકમાં પૂજ્ય ભાઇશ્રીના LA394, LA395, LA396, અને LA397 એવા ચાર પ્રવચનોને અક્ષરશઃ રૂપમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. અક્ષરશઃ પ્રવચન લખવાનું, ટાઇપિંગનું અને પ્રૂફરીડિંગનું કાર્ય (અને તે સંબંધીનો ખર્ચ) પૂજ્ય લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી અક્ષરશઃ પ્રવચન ટીમે કરેલ છે. બધા પ્રવચનોનું ફાઇનલ પ્રૂફરીડિંગ બીનાબેન ચેતનભાઇ મહેતા દ્વારા થયેલ છે. સંસ્થા આ કાર્ય બદલ બધાનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તકનું કવર આર્ટ અમરભાઇ પોપટ (Design Scope) દ્વારા અને પ્રિન્ટિંગ તથા બાઈન્ડીંગનું કાર્ય ધર્મેશભાઈ શાહ (Sharp Offset Printers) દ્વારા થયેલ છે. સંસ્થા તેમનો આભાર માને છે. આ શાસ્ત્ર atmadharma.com અને atmadharma.org ઉપર ઉપલબ્ધ છે.

આ પુસ્તકનો સ્વરૂપના લક્ષે સ્વાધ્યાય કરી અધ્યાત્મના માર્ગે આગળ વધી સર્વે જીવો મોક્ષમાર્ગમાં પ્રયાણ કરે તેવી અંતરમનની મંગલ પવિત્ર ભાવના. આ પુસ્તકના લેખનમાં કે પ્રકાશનમાં કે ક્યાંય પણ અમારી ભૂલ રહી ગઈ હોય તો હૃદયપૂર્વક ક્ષમા માંગીએ છીએ.

લી. ટ્રસ્ટીશ્રી,

શ્રી કુંદકુંદ ક્હાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ, રાજકોટ

# પ્રિન્ટેડ અને ઓનલાઈન પુસ્તક વચ્ચેનો તફાવત

પ્રવચન LA394-LA397 પૂજ્ય લાલચંદભાઈની અક્ષરશઃ પ્રવચન ટીમ દ્વારા 1 એપ્રિલ 2023ના રોજ  AtmaDharma.com પર યુનિકોડ ફોર્મેટમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટે 15 જૂન 2024 ના રોજ આ પુસ્તક પ્રકાશિત કરવા માટે AtmaDharma.com ના આ અક્ષરશઃ પ્રવચનોનો ઉપયોગ કર્યો હતો. ટ્રસ્ટે તેનું પુનઃ પ્રૂફરીડિંગ કર્યું હતું અને આ પુસ્તકમાં નાના ફેરફારો કર્યા હતા.

જો કે ટ્રસ્ટ ફેરફારો અથવા અપડેટ કરેલા પ્રવચનોની વિગતો યુનિકોડ ફોર્મેટમાં  પ્રદાન કરવામાં અસમર્થ હતું, તેથી:-

1) html, pdf અને સબટાઈટલ ફોર્મેટમાં AtmaDharma.com પર પહેલેથી જ ઉપલબ્ધ અક્ષરશઃ પ્રવચનો આ પુસ્તક સાથે સુમેળમાં નહીં હોય અને

2) ભવિષ્યમાં આ પુસ્તકમાં ભૂલો સુધારવાનું શક્ય બનશે નહીં.

તેથી, ટ્રસ્ટની સમ્મતી થી, ઓનલાઈન પુસ્તકના પ્રવચનોને AtmaDharma.com પર પહેલેથી ઉપલબ્ધ ઓરિજિનલ સાથે બદલવામાં આવ્યા છે.

ટ્રસ્ટે પુષ્ટિ કરી છે કે પુસ્તક પ્રકાશિત કરવા માટે તેઓએ પ્રવચનોમાં જે ફેરફારો કર્યા હતા તે "થોડા હતા અને અવગણી શકાય છે".

# प्रस्तावना

**अहो उपकार जिनवरनो, कुंदनो ध्वनि दिव्यनो,**
**जिनकुंद ध्वनि आप्या, अहो ते गुरु कहाननो।**

वर्तमान शासन नायक महावीर भगवान से प्रगट हुई दिव्यध्वनि की परंपरा में, कदिलकाल सर्वज्ञ ऐसे श्री कुंदकुंदाचार्यदेव दो हज़ार वर्ष पूर्व हुए। श्री कुंदकुंददेव ने वर्तमान में महादिवदेह क्षेत्र में विराजमान श्री सीमंधर भगवान की सुखानंद से बहती हुई दिव्य-देशना को प्रत्यक्ष सदेह वहाँ जाकर साक्षात् मूर्तिमंत किया एवं भरतक्षेत्र में उसे लाकर द्वितीय श्रुतस्कंध के समयसार आदि पंचपरमागमों की रचना की। उसके बाद आज से एक हज़ार वर्ष पूर्व वर्तमान काल के चलते-फिरते सिद्ध ऐसे श्री अमृतचंद्राचार्यदेव हुए जिन्होंने समयसार आदि अनेक शास्त्रों की टीका की। इस परंपरा में मोक्षमार्ग प्रायः लुप्त जैसा ही हो गया था। उसी काल में ही जैनशासन में एक आध्यात्मिक महापुरुष, आत्मज्ञसंत, निष्कारण करुणा के सागर और भावी तिर्थादिधराज ऐसे निर्भय-निडर और निशंक सिंहपुरुष परम पूज्य श्री कानजीस्वामी का जन्म हुआ। उन्होंने आचार्य के हृदय में बैठकर चारों ओर से शास्त्रों का निचोड़ निकालकर परमागमों के रहस्यों को अपनी प्रज्ञा से आत्मसात् करके, भव्य जीवों के श्रेयार्थ ४५ साल तक अटूट धारा से देशना की श्रृंखला बरसा कर असंख्य जीवों को आध्यात्मिक वातावरण में भिगो दिया। बहुत सारे जीवों ने गुरुदेवश्री के निमित्त से अपने आत्मस्वरूप को समझकर आत्मसात् किया।

पूज्य गुरुदेवश्री के ४५ साल के सोनगढ़ के सुवर्णकाल दरम्यान अनेकों शिष्य रत्न हुए। उनमें से एक प्रमुख शिष्य रत्न ऐसे आदरणीय पूज्य

भाईश्री लालचंदभाई हुए। पूज्य भाईश्री ने बहुत समय तक सोनगढ़ में पूज्य गुरुदेवश्री की छत्रछाया में रहकर, आचार्य भगवंतों के मूल तात्त्विक रहस्यों को अपने ज्ञान सरोवर के प्रकाश के साथ मिलान करके, आचार्य भगवान और पूज्य गुरुदेवश्री ने जिस तरह से शुद्धात्मा का रहस्य चारों ओर से विस्तृत किया हैं, उसे भली-भाँति अवधारण करके छठवीं गाथा के निमित्त से अपने शुद्धात्मा को स्पर्श करके अतीद्रिंय आनंद का स्वाद चख लिया।

पूज्य भाईश्री की वाणी में भेदज्ञानकी भव्यता बहती है, और कर्त्ताबुद्धि और ज्ञाताबुद्धि को त्यागकर आत्मस्वभाव को कैसे आत्मसात् करना उसकी अपूर्व विधि देखने में आति है। उनके प्रवचनो में द्रष्टिप्रेरक ज्ञान के विषय की गहन स्पष्टता एवं ज्ञान उपयोग के विभिन्न पहलुओं का सरल भाषा में स्पष्टीकरण देखने को मिलता है। उन्होंने "जानने वाला जानने में आ रहा है, वास्तव में पर जानने में नहीं आ रहा" एसा अपूर्व मंत्र देकर, भेदज्ञान की भव्यातीत विधि बताकर, स्वानुभवगम्य सुमधुर तत्त्वसभर वाणी को बरसाकर सिद्धांतोकी सरिता बहाइ है।

उनके यह सुत्र का उत्क्रुष्ट विश्लेषण समयसार कलश २७१ के प्रवचनों में हुआ है - की कैसे जाननहार ही जानने में आ रहा है और पर कभी जानने में आता ही नहीं है, कैसे ज्ञेयाकार होने के समय ज्ञान ज्ञानाकार ही रह गया है, और कैसे ज्ञेयाकार ज्ञानके तरंग उछलते होने पर भी ज्ञायक ही जानने में आ रहा है। ऐसा ख्याल आते ही और भेदज्ञान करते ही के पर जानने में आने पर भी मैं पर को जानता नहीं हूँ, और ऐसे ज्ञानस्वभावी ज्ञायक के ऊपर लक्ष करते ही दृष्टि द्रव्य के ऊपर अहम् करती है और जीव को निर्विकल्प स्वसंवेदनरूप अनुभूति होती है। ऐसे अनुभव पश्चात सविकल्प दशा में साधक जीव को पर के जाननहार होने का राग तो नहीं है परन्तु मैं ही ज्ञाता, मैं ही ज्ञान, और मैं ही ज्ञेय ऐसा भेदरूप विकल्प रहता है और भेदज्ञान द्वारा जब उसको सर्व भेदो से रहित ऐसे अभेद ज्ञाता-ज्ञान-ज्ञेयरूप

वस्तुमात्र के ऊपर दृष्टि होती है तब फिर से निर्विकल्प दशा आती है। ऐसी ज्ञान की सुन्दर व्यवस्था का वर्णन यह कलश और प्रवचनों में आया है।

इस पुस्तक में पूज्य भाईश्री के LA394, LA395, LA396, और LA397 ऐसे चार प्रवचनो को अक्षरशः रूप में प्रकाशित किया गया है। अक्षरशः प्रवचनो का लेखन, टाईपिंग और प्रूफरीडिंग का कार्य (और उसके सम्बंधित खर्च) पूज्य लालचंदभाई अमरचंदभाई मोदी अक्षरशः प्रवचन टीम ने किया है। सभी प्रवचनों का फाईनल प्रूफरीडिंग बीनाबेन चेतनभाई मेहता द्वारा किया गया है। संस्था इस कार्य के लिए सभी का आभार व्यक्त करती है।

इस पुस्तक का कवर आर्ट अमरभाई पोपट (Design Scope) के द्वारा और प्रिंटिंग और बाइंडिंग का कार्य धर्मेशभाई शाह (Sharp Offset Printers) के द्वारा किया गया है। संस्था उनका आभार व्यक्त करती है। यह पुस्तक atmadharma.com और atmadharma.org पर उपलब्ध है।

इस पुस्तक का स्वरुप के लक्ष से स्वाध्याय करके अध्यात्म के मार्ग पर आगे बढ़ कर सभी जीव मोक्षमार्ग पर प्रयाण करे ऐसी अन्तरमन की मंगल पवित्र भावना। इस पुस्तक के लेखन में और प्रकाशन में कही भी हमारी भूल रह गयी हो तो उसके लिए हम हृदयपूर्वक क्षमा मांगते है।

ली. ट्रस्टीश्री,

श्री कुंदकुंद कहानामृत प्रभावना मंदिर ट्रस्ट, राजकोट

# मुद्रित और ऑनलाइन पुस्तक के बीच अंतर

प्रवचन LA394-LA397 को पूज्य लालचंदभाई की अक्षरशः प्रवचन टीम द्वारा 1 अप्रैल 2023 को AtmaDharma.com पर यूनिकोड प्रारूप में प्रकाशित किए गए थे।

श्री कुंदकुंद कहानामृत प्रभावना मंदिर ट्रस्ट ने 15 जून 2024 को इस पुस्तक को प्रकाशित करने के लिए AtmaDharma.com के इन अक्षरशः प्रवचनों का उपयोग किया। ट्रस्ट ने इन्हें दोबारा प्रूफरीड किया और इस पुस्तक में मामूली बदलाव किये।

ट्रस्ट किए गए परिवर्तनों या अपडेट किए गए प्रवचनों का विवरण यूनिकोड फॉर्मेट में प्रदान करने में असमर्थ था, इसलिए:-

1) HTML, पीडीएफ और सबटाइटल फॉर्मेट में AtmaDharma.com पर पहले से ही उपलब्ध अक्षरशः प्रवचन इस पुस्तक के अनुरूप नहीं होंगे और

2) भविष्य में इस पुस्तक की त्रुटियों को सुधारना संभव नहीं होगा।

इसलिए, ट्रस्ट की सम्मति से, ऑनलाइन पुस्तक के प्रवचनों को AtmaDharma.com पर पहले से उपलब्ध मूल प्रवचनों से बदल दिया गया है।

ट्रस्ट ने पुष्टि की है कि पुस्तक को प्रकाशित करने के लिए उन्होंने प्रवचनों में जो बदलाव किए थे वे "बहुत कम एवं नगण्य" थे।

# અનુક્રમણિકા / अनुक्रमणिका


| | |
|---|---|
| પ્રસ્તાવના | 1 |
| प्रस्तावना | 4 |
| શ્રી સમયસારજી સ્તુતિ | 8 |
| श्री समयसारजी स्तुति | 9 |
| શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ | 11 |
| श्री सदगुरुदेव स्तुति | 12 |
| જિનજીની વાણી ભલી રે | 14 |
| जिनजीनी वाणी भली रे | 15 |
| સમયસાર કલશ ૨૭૧ | 17 |
| समयसार कलश २७१ | 19 |
| પ્રવચન ૧ (LA ૩૯૪) | 21 |
| प्रवचन १ (LA ३९४) | 50 |
| પ્રવચન ૨ (LA ૩૯૫) | 79 |
| प्रवचन २ (LA ३९५) | 101 |
| પ્રવચન ૩ (LA ૩૯૬) | 123 |
| प्रवचन ३ (LA ३९६) | 145 |
| પ્રવચન ૪ (LA ૩૯૬) | 167 |
| प्रवचन ४ (LA ३९७) | 188 |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી
મુનિ કુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુ ને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાનને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# श्री समयसारजी स्तुति

**(हरिगीत)**

संसारी जीवनां भावमरणो टाळवा करुणा करी,
सरिता वहावी सुधा तणी प्रभु वीर! तें संजीवनी;
शोषाती देखी सरितने करुणाभीना हृदये करी,
मुदि कुंद संजीवनी समयप्राभृत तणे भाजन भरी।

**(अनुष्टुप)**

कुंदकुंद रच्युं शास्त्र, साथिया अमृते पूर्या,
ग्रंथाधिराज! तारामां भावो ब्रह्मांडना भर्या।

**(शिखरिणी)**

अहो! वाणी तारी प्रशमरस-भावे नीतरती,
मुमुक्षुने पाती अमृतरस अंजलि भरी भरी;
अनादिनी मूर्छा विष तणी त्वराथी उतरती,
विभावेथी थंभी स्वरूप भणी दोडे परिरणति।

**(शार्दूलविक्रीडित)**

तुं छे दिनश्चय ग्रंथ भंग सघळा व्यवहारना भेदवा,
तुं प्रज्ञाछीणी ज्ञान ने उदयनी संधि सहु छेदवा;
साथी साधकनो, तुं भानु जगनो, संदेश महावीरनो,
विसामो भवक्लांतना हृदयनो, तुं पंथ मुक्ति तणो।

**(वसंततिलका)**

सुण्ये तने रसदिनबंध शिथिल थाय,
जाण्ये तने हृदय ज्ञानी तणां जणाय;
तुं रुचतां जगतनी रुिच आळसे सौ,
तुं रीझतां सकलज्ञायकदेव रीझे।

**(अनुष्टुप)**

बनावुं पत्र कुंदननां, रत्नोना अक्षरो लखी;
तथादिप कुंदसूत्रोनां अंकाये मूल्य ना कदी।

## પ્રથમ તું આત્માને જાણ
## प्रथम तुं आत्मा को जान



ભગવત્ શ્રી કુંદકુંદાચાર્યદેવ
भगवत् श्री कुंदकुंदाचार्यदेव

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્ય રાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વ્યવહારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન" ધબકે ને વજ્ર વાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્વ ઝળકે પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સત્તના વાયુનિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# श्री सदगुरुदेव स्तुति

**(हरिगीत)**

संसारसागर तारवा दिजनवाणी छे नौका भली,
ज्ञानी सुकानी मळ्याविना ए नाव पण तारे नहीं;
आ काळमां शुद्धात्मज्ञानी सुकानी बहु बहु दोह्यलो,
मुज पुण्य राशि फळ्यो अहो ! गुरु कहान तुं नाविक मळ्यो।

**(अनुष्टप)**

अहो ! भक्त दिचदात्माना, सीमंधर-वीर-कुंदना!
बाह्यांतर विभवो तारा, तारे नाव मुमुक्षुनां।

**(शिखरिणी)**

सदा द्रष्टि तारी विमळ निज चैतन्य नीरखे,
अने ज्ञप्तिमांही दरव-गुण-पर्याय विलसे;
निजालंबीभावे परिरणति स्वरूपे जई भळे,
निमित्तो व्यवहारो चिदघन विषे कांई न मळे।

**(शार्दूलविर्क्रीडत)**

हैयुं 'सत सत, ज्ञान ज्ञान' धबके ने वज्र वाणी छूटे,
जे वज्रे सुमुमुक्षु सत्त्व झळके परद्रव्य नातो तूटे;
- रागद्वेष रुचे न, जंप न वळे भावेंद्रिमां - अंशमां,
टंकोत्कीर्ण अकंप ज्ञान महिमा हृदये रहे सर्वदा।

**(वसंततिलका)**

नित्ये सुधा झरण चंद्र ! तने नमुं हुं,
करुणा अकारण समुद्र ! तने नमुं हुं;
हे ज्ञानपोषक सुमेघ ! तने नमुं हुं,
आ दासना जीवनशिल्पी ! तने नमुं हुं।

**(स्रग्धरा)**

ऊंडी ऊंडी, ऊंडेथी सुखनिधि सत्तना वायु नित्ये वहंती,
वाणी चिन्मूर्ति ! तारी उर-अनुभवना सूक्ष्म भावे भरेली;
भावो ऊंडा विचारी, अभिनव महिमा चित्तमां लावी लावी,
खोयेलुं रत्न पामुं, - मनरथ मननो; पूरजो शक्तिशाळी!

**ક્રમબદ્ધપર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે. જૈનદર્શન અકર્તાવાદી છે અને તેમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**

**क्रमबद्ध पर्याय में महा रहस्य है । क्योंकि उसमें जैनदर्शन का रहस्य है । जैनदर्शन अकर्तावादी है और उसमें अकर्ता की पराकाष्ठा का स्वरूप है ।**



**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ દર્શાવનાર,**
**તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર**
**અધ્યાત્મ યુગપ્રવર્તક પૂજ્ય શ્રી કાનજીસ્વામી**

**आत्मा अकर्ता है वह जैनदर्शन की पराकाष्ठा है ऐसा दर्शानेवाले,**
**और परिणाम का कर्ता परिणाम है ऐसे कर्ताकर्म की पराकाष्ठा प्रकाशनार**
**अध्यात्म युगप्रवर्तक पूज्य श्री कानजीस्वामी**

# જિનજીની વાણી ભલી રે

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે...
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે...
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે...
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...

# जिनजीनी वाणी भली रे

सीमंधर मुखथी फूलडां खरे,
एनी कुंदकुंद गूंथे माळ रे,
 जिनजीनी वाणी भली रे...
वाणी भली, मन लागे रळी,
जेमां सार-समय शिरताज रे,
 जिनजीनी वाणी भली रे...
गूंथ्यां पाहुड ने गूंथ्युं पंचास्ति,
गूंथ्युं प्रवचनसार रे,
 जिनजीनी वाणी भली रे...
गूंथ्युं नियमसार, गूंथ्युं रयणसार,
गूंथ्यो समयनो सार रे,
 जिनजीनी वाणी भली रे...
स्याद्वाद केरी सुवासे भरेलो,
जिनजीनो ॐकारनाद रे,
 जिनजीनी वाणी भली रे...
वंदुं जिनेश्वर, वंदु हुं कुंदकुंद,
वंदु ए ॐकारनाद रे,
 जिनजीनी वाणी भली रे...
हैडे हजो, मारा भावे हजो,
मारा ध्याने हजो जिनवाण रे,
 जिनजीनी वाणी भली रे...
जिनेश्वरदेवनी वाणीना वायरा
वाजो मने दिनरात रे,
 जिनजीनी वाणी भली रे...

સ્વને જાણવાનું છોડીને, પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે
स्व को जानना छोड़कर पर को जानना वह भावबंध की पराकाष्ठा है




આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને તે જ
જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે.
વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮ માં બતાવી છે.
(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈ)

आत्मा अकर्ता है वह जैनदर्शन की पराकाष्ठा है और
वो ही जानने में आ रहा है वह ज्ञान की पराकाष्ठा है ।
विधि संबंधी सरलता की पराकाष्ठा समयसार गाथा १७-१८ में बतायी है ।
(श्री कहानगुरु के लघुनंदन स्वानुभवविभूषित पूज्य 'भाईश्री' लालचंदभाई)

# સમયસાર કલશ ૨૭૧

જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે, પોતે જ પોતાનું જ્ઞેય છે અને પોતે જ પોતાનો જ્ઞાતા છે - એવા અર્થનું કાવ્ય હવે કહે છે -

(શાલિની)

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।**

**શ્લોકાર્થ:** [यः अयं ज्ञानमात्रः भावः अहम् अस्मि सः ज्ञेय-ज्ञानमात्रः एव न ज्ञेयः] જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાન માત્ર જ ન જાણવો; [ज्ञेय-ज्ञान-कल्लोल-वल्गन्] (પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલો રૂપે પરિણમતો તે, [ज्ञान-ज्ञेय-ज्ञातृमत्-वस्तुमात्रः ज्ञेयः] જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો (અર્થાત પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય, અને પોતે જ જ્ઞાતા એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહીત વસ્તુમાત્ર જાણવો).

**ભાવાર્થ:** જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયા રૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે, જ્ઞાનમાં પેસતાં નથી. જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતા જ્ઞાન જ્ઞેયાકાર રૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ

પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા - એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે. ”આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું” એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.

# समयसार कलश २७१

ज्ञानमात्र भाव स्वयं ही ज्ञान है, स्वयं ही अपना ज्ञेय है और स्वयं ही अपना ज्ञाता है - इस अर्थ का काव्य कहते हैं -

(शालिनी)

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।**

**श्लोकार्थ:** [यः अयं ज्ञानमात्रः भावः अहम् अस्मि सः ज्ञेय-ज्ञानमात्रः एव न ज्ञेयः] जो यह ज्ञानमात्र भाव मैं हूँ, वह ज्ञेयों का ज्ञानमात्र ही नहीं जानना चाहिए; [ज्ञेय-ज्ञान-कल्लोल-वल्गन्] (परन्तु) ज्ञेयों के आकार से होनेवाले ज्ञान की कल्लोलों के रूप में परिणमित होता हुआ वह [ज्ञान-ज्ञेय-ज्ञातृमत्-वस्तुमात्रः ज्ञेयः] ज्ञान-ज्ञेय-ज्ञातामय वस्तुमात्र जानना चाहिए। (अर्थात् स्वयं ही ज्ञान, स्वयं ही ज्ञेय स्वयं ही ज्ञाता-इस प्रकार ज्ञान-ज्ञेय-ज्ञातारूप तीनों भावयुक्त वस्तुमात्र जानना चाहिए)।

**भावार्थ:** ज्ञानमात्र भाव ज्ञातृक्रियारूप होने से ज्ञानस्वरूप है। और वह स्वयं ही निम्न प्रकार से ज्ञेयरूप है। बाह्य ज्ञेय ज्ञान से भिन्न है, वे ज्ञान में प्रविष्ट नहीं होते; ज्ञेयों के आकार की झलक ज्ञान में पड़ने पर ज्ञान ज्ञेयाकाररूप दिखाई देता है परन्तु वे ज्ञान की ही तरंगें हैं। वे ज्ञान तरंगें ही ज्ञान के द्वारा ज्ञात होती हैं। इस प्रकार स्वयं ही स्वतः जाननेयोग्य होने से ज्ञानमात्र

भाव ही ज्ञेयरूप है। और स्वयं ही अपना जाननेवाला होने से ज्ञानमात्र भाव ही ज्ञाता है। इस प्रकार ज्ञानमात्र भाव ज्ञान, ज्ञेय और ज्ञाता-इन तीनों भावों से युक्त सामान्य-विशेषस्वरूप वस्तु है। ऐसा ज्ञानमात्र भाव मैं हूँ” इस प्रकार अनुभव करनेवाला पुरुष अनुभव करता है।

## પ્રવચન ૧ (LA૩૯૪): સમયસાર કળશ ૨૭૧
## પ્રવચન રત્નાકર ભાગ ૧૧, પાનું ૨૪૧-૨૪૯
## રાજકોટ, સપ્ટેમ્બર-ઓક્ટોબર ૧૯૯૦,

આ શ્રી સમયસાર કળશ નંબર ૨૭૧ ઉપર અધ્યાત્મ સતપુરુષ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના માર્મિક પ્રવચન. પ્રવચન રત્નાકર ભાગ-૧૧. આ અગિયાર ભાગ આપણાં બહાર પડી ગયા છે ને? એમાંથી જ આ લીધું છે, જુદું. એમાં ઝીણાં અક્ષરો છે અગિયાર ભાગમાં. અને આ મોટા અક્ષરો વાંચી શકાય. એટલે અમે જુદું કરાવ્યું એમાંથી. રત્નાકર ભાગ-૧૧, પૃષ્ઠ ૨૪૮-૨૫૨ સુધી. આ હમણાં હિમતનગરમાં છપાવી છે બુકલેટ.

**સમયસાર કળશ-૨૭૧**. **જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે.** જ્ઞાનમાત્ર એટલે શું? કે આત્મા. આત્માનો જે સ્વભાવ છે, આત્માનો જે ભાવ છે તે પોતે જ જ્ઞાન છે. આત્મા પોતે જ જ્ઞાન છે. **જ્ઞાનમાત્ર ભાવ** એટલે આત્મા **પોતે જ જ્ઞાન છે**. આત્માનું બીજું નામ જ્ઞાન છે. આત્માનું એક નામ આત્મા તો છે પણ આત્માનું બીજું નામ જ્ઞાન છે. આત્મા પોતે જ જ્ઞાન છે, એમ આવ્યુંને? પોતે જ જ્ઞાન છે, એક. હવે બીજું, (આત્મા) **પોતે જ પોતાનું જ્ઞેય છે**. આ (પર-પદાર્થો) જ્ઞેય નથી.

મુમુક્ષુ: ના. જ્ઞાનની પર્યાયમાં પોતે જ જણાય છે.

પૂ. લાલચંદભાઈ: પોતે જ જણાય છે. માટે પોતે, આત્મા જ - એનું બીજું નામ જ્ઞેય છે. એક નામ જ્ઞાન છે. બીજું નામ (જ્ઞેય) છે. એ હવે વ્યાખ્યા આવશે. શા માટે જ્ઞાન છે? શા માટે જ્ઞેય છે? પણ આત્માનું એક નામ જ્ઞાન છે, બીજું નામ પોતે જ જ્ઞેય છે.

હવે ત્રીજું, અને **પોતે પોતાનો જ જ્ઞાતા છે**. આનો (પર-પદાર્થનો) જ્ઞાતા નથી. **પોતે પોતાનો જ્ઞાતા** એટલે જાણનાર. પોતે પોતાનો જાણનાર છે. એવા અર્થનું કાવ્ય હવે કહે છે. આ સંસ્કૃત છે, અમૃતચંદ્રઆચાર્યનું સમયસારમાંથી. બોલો બેન સંસ્કૃત:

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव ।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।**

એનો **શ્લોકાર્થ:-** જે સમયસારમાં છેને, એ કોપી-ટુ-કોપી આમાં લીધું છે. **શ્લોકાર્થ:- જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું**. **જે આ જ્ઞાનમાત્ર ભાવ** એટલે આત્મા, જ્ઞાનમય આત્મા એવો જે હું, તે **હું છું**. **તે**, તે એટલે આ આત્મા, **જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જ જાણવો**. આને (પર-પદાર્થને) જાણનારો છે એવો હું નથી. મૂળ વાત છે મૂળ.

મુમુક્ષુ: એટલે જ્યારે જ્ઞેય જણાય છે ત્યારે હું નથી.

પૂ. લાલચંદભાઈ: એનો (પરનો) જાણનારો હું નથી. એનો (પરનો) જાણનારો હું નથી. હું કેવો છું? કે જ્ઞાનમાત્ર ભાવ હું છું. પણ કેવો છું? કે (પર)જ્ઞેયોને જાણે એવો હું નથી. આ (પર)જ્ઞેયોને જાણે એવો હું નથી. આ જ્ઞેયને (આત્માને) જાણે એવો તો છું.

મુમુક્ષુ: એવો જ છું.

મુમુક્ષુ: સ્વજ્ઞેયને જાણું એવો હું છું.

પૂ. લાલચંદભાઈ: એવો હું છું. પર જ્ઞેયને જાણું એવો મારો સ્વભાવ નથી.

મુમુક્ષુ: મારો સ્વભાવ નથી.

પૂ. લાલચંદભાઈ: મારો સ્વભાવ નથી.

મુમુક્ષુ: પરનો નિષેધ કરી નાખ્યો.

પૂ. લાલચંદભાઈ: આ અંદરમાં જેને જાવું હોય ને? જેને આત્મદર્શન કરવા હોય એની વાત છે. બાકી તો વ્યવહારની વાતો તો શાસ્ત્રમાં લાખો કરોડો આવે, સમજી ગયા?

મુમુક્ષુ: દૃષ્ટિ કેમ કરવી?

પૂ. લાલચંદભાઈ: દૃષ્ટિ કેમ કરવી આત્માની? આત્માનો અનુભવ

કેમ કરવો? અનંતકાળથી એણે આ કામ નથી કર્યું. બધુ કર્યું એણે પણ આત્માને જાણ્યો નથી. જાણનારને જાણ્યો નથી. સમજી ગયા? એ કેમ જણાય? એ એની આમા વિધિ છે આખી. અનુભવની વિધિ બતાવી છે.

**જ્ઞાનમાત્ર ભાવ હું છું તે** એટલે આ મારો આત્મા. **તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર**, એટલે જ્ઞેયોને જાણે એવો માત્ર એવો આત્માનો સ્વભાવ નથી. **(પરંતુ)** હવે કહે છે. **(પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે**, એટલે જે પોતાના જ્ઞાનમાં જ્ઞેયો જણાય ત્યારે જ્ઞેયને જાણનાર એમ નહિ. પણ જ્ઞેય જેમાં જણાય એવું જે જ્ઞાન, એ જ્ઞાન કે જેમાં આત્મા જણાય છે. પાછું એમા આત્મા જણાય છે એમ, ઓલું (પર-પદાર્થો) નહિ.

મુમુક્ષુ: જ્ઞાન તો આત્માનું છે.

પૂ. લાલચંદભાઈ: આત્માનું છે ને? જ્ઞેયનું ક્યાં છે? **જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે** એટલે પર્યાયોરૂપે **પરિણમતો તે**, કલ્લોલો એટલે પર્યાય. પર્યાય, જ્ઞાનની પર્યાય, પરિણમન, એને એનું નામ કલ્લોલ કહેવાય. જેમ સમુદ્રમાં મોજું ઊઠે.

મુમુક્ષુ: તરંગ ઊઠે.

પૂ. લાલચંદભાઈ: તરંગ ઊઠે, કલ્લોલ કહેવાય. એમ આ જ્ઞાન આત્માને જાણે છે, સમજી ગયા! એ પર્યાયને કલ્લોલો કહેવાય. તે, **તે જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય**, આહાહા! ત્રણેને અભેદ કરી નાખ્યા. જ્ઞાન પણ હું, જ્ઞેય પણ હું, અને જ્ઞાતા પણ હું. એ-મય. ત્રણ ધર્મ છે આત્મામાં, એ-મય, **વસ્તુમાત્ર જાણવો,** આહાહા! જ્ઞાન પણ હું, જ્ઞેય પણ હું, અને આ જ્ઞાતા પણ હું. એ ત્રણેની વ્યાખ્યા આવશે. હજી ટૂંકાણમાં છે. પછી એના પરના ગુરુદેવના વ્યાખ્યાન બહુ સરસ આવશે. **વસ્તુમાત્ર જાણવો (અર્થાત્ પોતે જ જ્ઞાન,** જુઓ! ઓલું આવ્યું હતુંને? જ્ઞાનમાત્ર?

મુમુક્ષુ: જ્ઞાનમાત્ર છે.

પૂ. લાલચંદભાઈ: એ આવ્યું હતુંને? એ. **(પોતે જ જ્ઞાન, પોતે જ**

**જ્ઞેય અને પોતે જ જ્ઞાતા - એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ**-મય ત્રણેનું એકરૂપ એકમય.

મુમુક્ષુ: અભેદ!

પૂ. લાલચંદભાઈ: એકમય. આ તો ભેદથી સમજાવે છે બાકી ભેદ એમાં નથી, અભેદ. અભેદ બતાવ્યો એમ. **જ્ઞાતારૂપ. જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો)**. આવી વસ્તુ મારી છે. હું જ જ્ઞાન, હું જ જ્ઞેય અને હું જ જ્ઞાતા. મારે કાંઇ બહાર જોવાનું રહ્યું નહિ.

મુમુક્ષુ: બધા પરદ્રવ્યોનો નિષેધ થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: નિષેધ થઈ ગયો.

મુમુક્ષુ: પોતામાં આવી ગયો.

પૂ. લાલચંદભાઈ: પરને જાણવાનો નિષેધ થઈ ગયો. પોતામાં આવી ગયો, આહાહા! હજી આપણે તો આ ટૂંકું લઇએ છીએ. પછી ગુરુદેવના વ્યાખ્યાનો આના ઉપર વિસ્તારથી આવશે. ટૂંકાણમાં લખાણ છે.

**ભાવાર્થ:- જ્ઞાનમાત્ર ભાવ**, હવે જ્ઞાનની વ્યાખ્યા કરે છે. જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા, ત્રણ શબ્દો હતા ને? તો જ્ઞાનની વ્યાખ્યા, પહેલા શબ્દની કરે છે. કે **જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે**. આત્મામાં જાણવાની ક્રિયા થાય છે. જાણવાની ક્રિયા થાય છે માટે આત્માનું નામ જ્ઞાન છે. જેમાં જાણવાની ક્રિયા થાય, એનું નામ જ્ઞાન છે. એટલે હું જ્ઞાનસ્વરૂપ છું. **જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી,** આહાહા! કરવાની ક્રિયા નથી થતી. જાણવાની ક્રિયા થાય છે. રાગને કરે અને પરને કરે એવી ક્રિયા નહિ.

મુમુક્ષુ: એનો સ્વભાવ જ છે જાણવું-જાણવું.

પૂ. લાલચંદભાઈ: હા! જાણવું-જાણવું-જાણવું, એ એનો સ્વભાવ છે. **જાણનક્રિયારૂપ હોવાથી,** એમ! થવાથી નહિ, હોવાથી. ત્રણેકાળ,

હોવાથી. થાય, થવું ને થશે એમ નહિ, હોવાથી.

મુમુક્ષુ: કાયમ છે.

પૂ. લાલચંદભાઈ: બસ!

મુમુક્ષુ: કરવાથી કે થવાથી.

પૂ. લાલચંદભાઈ: થવાથી, કરવાથી કે કોઇ કરે તો થાય, એમ નહિ. પોતે કરે તો થાય, એમ નહિ. સ્વભાવ જ છે. સ્વભાવ જ છે, બસ!

મુમુક્ષુ: હોવાપણે જાહેર કરી દીધો.

પૂ. લાલચંદભાઈ: હોવાપણે જાહેર કરી દીધો. બસ! છે અનાદિ અનંત.

મુમુક્ષુ: જેવો છે એવો જાહેર કરી દીધો.

પૂ. લાલચંદભાઈ: જેવો છે એવો જાહેર કર્યો! કે આત્મા કેવો છે? કે જાણવાના સ્વભાવથી ભરેલો છે. એ કાંઇ રાગને કરે અને કર્મને બાંધે, એવો આત્માનો સ્વભાવ નથી અને પરને જાણે એવો પણ (આત્માનો) સ્વભાવ નથી.

મુમુક્ષુ: અસ્તિ સ્થાપી કે આવો જ છું.

પૂ. લાલચંદભાઈ: બસ! અહીંથી આમાં મૂળમાં એમ કહેવું છે, સમજી ગયા? **જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે**, આહાહા! હું તો જ્ઞાનસ્વરૂપ છું. કેમ જ્ઞાનસ્વરૂપ છું? કે મારામાં જાણવાની ક્રિયા થાય છે. માટે હું જ્ઞાનસ્વરૂપ છું. અને જેનામાં જાણવાની ક્રિયા નથી થતી એ તો જડ પદાર્થો છે, એ હું નથી. આ દેહ મારો નથી, કેમકે આમાં જાણવાની ક્રિયા થતી નથી. માટે આ ચીજ મારી નથી, એમ! અને રાગ પણ મારી ચીજ નથી. કેમકે એમાં જાણવાની ક્રિયા નથી થતી. જેમાં જાણવાની ક્રિયા થાય, તેનું નામ જ્ઞાન અને તે આત્માનું સ્વરૂપ છે, એમ!

**જ્ઞાનમાત્રભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી**, હવે જ્ઞેયનો બોલ લ્યે છે. પહેલા જ્ઞાનનો બોલ લીધો. હવે જ્ઞેય.

**વળી, તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.** આત્મા પોતે જ જ્ઞેયરૂપ છે, એ આવશે. **બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે.** આ (પર) જ્ઞેયો જે છે એ આત્માથી જુદા છે. અને આત્મા પોતે જ જ્ઞેય છે. એટલે તારે બહાર જાવાનું ક્યાં જોવાનું રહ્યું? તું જ જાણનાર છો અને તું જ જણાઇ રહ્યો છે, એમ! **બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે, જ્ઞાનમાં પેસતા નથી.** રાગ-દ્વેષ, શરીર, મકાન, દુકાન કાંઇ આ જ્ઞાનમાં આવતા નથી. એ તો ભિન્ન છે-ભિન્ન છે. **જ્ઞાનમાં પેસતા નથી**.

**જ્ઞેયોના આકારની ઝલક** એટલે કે પ્રતિભાસ. જેવું જ્ઞેય હોય, જેમ દર્પણમાં અગ્નિ સામે હોય તો અગ્નિનો પ્રતિભાસ થાય છે સ્વચ્છતામાં, ઝાડ હોય તો ઝાડનો પ્રતિભાસ થાય, મોર હોય તો મોરનો પ્રતિભાસ થાય. એમ આ જ્ઞાન છે દર્પણની જગ્યાએ, તો એમાં જ્ઞેયો ઝળકે છે, પ્રતિભાસે છે. એમાં પ્રતિભાસે છે, એમાં આવતા નથી. એની સ્વચ્છતામાં ભાસે છે. **જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતા જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે**. શું કહે છે? આ મુદ્દાની વાત છે. કે જ્ઞેયો જ્ઞાનમાં જણાતાં, જીવને એમ ભાસે છે કે જ્ઞાન જ્ઞેયાકારરૂપ થઈ ગયું. રાગ-દ્વેષ જણાય, સુખ-દુ:ખ જણાય, શરીર જણાય, તો જ્ઞાનમાં જ્યારે જણાય છે ત્યારે જ્ઞાન જ્ઞેયાકાર થયું એમ દેખાય છે, થયું નથી.

મુમુક્ષુ: એમ લાગે કે એકમેક થઈ ગયું.

પૂ. લાલચંદભાઈ: એકમેક થઈ ગયું, પણ એકમેક થતું નથી. કેમકે જ્ઞેયો ભિન્ન છે અને જ્ઞાન ભિન્ન છે. એ ભલે ઝળકે પણ એ-રૂપે થતું નથી. જેમકે સ્ફટિકમણિમાં લાલ ફૂલ પ્રતિભાસે પણ સ્ફટિકમણિ લાલ થતો નથી. એમ કહે છે કે જ્ઞાનમાં, જ્ઞેયોના આકારની અનુરૂપે જ પરિણમતું તે **જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે**. એ દેખાય છેને જે? એ ઉપલક દૃષ્ટિ તારી ખોટી છે. એ તો જ્ઞાનાકાર છે, એ જ્ઞેયાકાર થતો નથી. એ જ્ઞેયને જાણવારૂપે પરિણમતો જ નથી. એ જણાય છે એ સાચી વાત છે પણ એને જાણવારૂપે પરિણમતો નથી.

મુમુક્ષુ: જ્ઞેયને જાણવારૂપ પરિણમતો નથી પણ પોતાનું જ્ઞાન જ જણાય છે.

પૂ. લાલચંદભાઈ: પોતાનું જ્ઞાન જણાય છે. પોતાનો આત્મા જણાય છે. ભલે (જ્ઞેયો) એમાં પ્રતિભાસે, એ જણાય, પણ એને જાણે નહિ. એ જણાય, ભલે પ્રતિભાસે, પણ હું એને જાણતો નથી. હું તો મને જાણું છું.

મુમુક્ષુ: મને તો મારી જ્ઞાનની પર્યાય જણાય છે.

પૂ. લાલચંદભાઈ: પર્યાય જણાય છે અથવા આગળ વધીને કહો તો જ્ઞાયક જણાય છે. આત્મા જણાય છે. ભેદથી જ્ઞાનની પર્યાય અને અભેદથી જ્ઞાયક જણાય છે. ભેદથી જ્ઞાનીઓ સમજાવે કે તને જ્ઞેય જણાતું નથી, તારી જ્ઞાનની પર્યાય જણાય છે. એમ કહે, સમજી ગયા? પણ એ જ્ઞાનની પર્યાય જણાય છે એમ જ્યાં આવે ... એ જ્ઞાનની પર્યાય ક્યારે કહેવાય? જ્ઞાનની પર્યાય જણાય છે એ ક્યારે કહેવાય? કે જ્ઞાનમાં આત્મા જણાય તો.

મુમુક્ષુ: તો બરાબર છે.

પૂ. લાલચંદભાઈ: મુદ્દાની વાત છે, સમજાણું? સમજાણું? જ્ઞાનની પર્યાય જણાય છે એમ કોઇ કહે. જ્ઞાનની પર્યાય જણાય છેને? તો એ જ્ઞાનમાં આત્મા જણાતો હોય તો એનું નામ જ્ઞાન અને આત્મા ન જણાતો હોય તો એનું નામ અજ્ઞાન છે.

મુમુક્ષુ: તો અજ્ઞાન થઈ ગયું પાછું.

પૂ. લાલચંદભાઈ: ભલે જ્ઞાનની પર્યાય જણાય છે, ચાલો ભાઇ! કાંઇ વાંધો નહિ. તો જ્ઞાન કોનું નામ કહેવાય? કે જેમા આત્મા જણાય તો એનું નામ જ્ઞાન અને એ જ્ઞાનમાં આત્મા ન જણાય તો-તો અજ્ઞાન થઈ ગયું. જ્ઞાનની પર્યાય જણાય છે એમ આવશેને? તો એ જ્ઞાયકમાં આવી જશે કેમ કે જ્ઞાન તો આત્માનું છે.

મુમુક્ષુ: ઓલો પરમાંથી નિષેધ થઈને પોતામાં આવી જશે.

પૂ. લાલચંદભાઈ: પોતામાં આવી જશે.

મુમુક્ષુ: હું અને મારું જ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: હું અને મારું જ્ઞાન. બસ! એમાં આવી જશે. નજીક આવી ગયો બહુ. **જ્ઞેયાકારરૂપ દેખાઈ છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.** એ તો જ્ઞાન જ જણાય છે, જ્ઞેય નથી જણાતું. ભલે (જ્ઞેય) એમાં પ્રતિભાસે, પણ મારું લક્ષ એના ઉપર નથી. મારું લક્ષ તો આત્મા ઉપર છે. જેના ઉપર લક્ષ છે એ જણાય છે, જ્ઞેય ઉપર લક્ષ નથી મારું એટલે મને એ જણાતું નથી, એમ! **તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે**. જ્ઞાનની પર્યાયો જ જ્ઞાન વડે જણાય છે. પણ જ્ઞાનની પર્યાય જણાય છેને? તો જ્ઞાનની પર્યાય ક્યારે કહેવાય? નામ એનું ક્યારે પડે? કે જ્ઞાન આત્માને જાણતું હોય તો એ જ્ઞાનની પર્યાય. શરીરને જાણતું હોય અને પરને જાણતું હોય તો એ જ્ઞાનની પર્યાય નહિ, એ તો અજ્ઞાન થઈ ગયું. કે તમને તમારા જ્ઞાનની પર્યાયમાં શું જણાય છે? કે દીકરી જણાય છે, લંડન જણાય છે, તો અજ્ઞાન છે.

મુમુક્ષુ: પરજ્ઞેયથી જ્ઞાન છે, એ બધું અજ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: અજ્ઞાન છે. આહાહા! તમારી જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાન કોનું નામ? કે જે આત્માને જાણે એનું નામ જ્ઞાન કહેવાય. આત્માને જાણવાનું છોડી દે એ તો અજ્ઞાન થઈ ગયું. એ તો છે અનંતકાળથી, તો દુ:ખી થાય છે. એને પલટાવીને અંદરમાં હવે જાવાનું છે. **આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.** આ જ્ઞેયની વ્યાખ્યા. પોતે પોતાથી જણાવા યોગ્ય. જાણનાર પણ પોતે અને જણાય પણ પોતે, માટે પોતે જ્ઞેય છે. જાણનાર માટે જ્ઞાતા-જ્ઞાન અને જણાય પોતે આત્મા, આખો આત્મા, તો પોતે જ્ઞેય થઈ ગયો, એમ! **વળી**, હવે જ્ઞાતાની વ્યાખ્યા કરે છે. જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા. ત્રણ શબ્દ હતાને? બેની વ્યાખ્યા થઈ. હવે ત્રીજાની વ્યાખ્યા:

**વળી પોતે જ પોતાનો જાણનારો હોવાથી**, પોતે જ પોતાનો

જાણનાર થવાથી નહિ.

મુમુક્ષુ: હોવાથી.

પૂ. લાલચંદભાઈ: એવો સ્વભાવ જ છે. દરેક આત્મા, પોતે પોતાને જ જાણે છે. માનતો નથી. બાકી જાણે છે તો પોતાને. પરને જાણતો જ નથી.

મુમુક્ષુ: આબાળગોપાળ સહુને.

પૂ. લાલચંદભાઈ: આબાળગોપાળ સહુને બસ! પોતાનો આત્મા જ જણાય છે. માનતો નથી એ તો દુ:ખી થાય છે.

મુમુક્ષુ: એટલે જ આ બધું દુ:ખ છેને.

પૂ. લાલચંદભાઈ: એટલે દુ:ખ છે, બાકી જાણે તો સમ્યગ્દર્શન થઈ જાય. એનું નામ જ આત્મદર્શન.

મુમુક્ષુ: એનું નામ જ આત્મદર્શન.

પૂ. લાલચંદભાઈ: બસ! આ, આ જે છેને? આ ૨૭૧ કળશ, અપૂર્વ છે, અપૂર્વ છે. એટલામાં સમજી જાવ. આમાં અનુભવની વિધિ બતાવી છે. ગુરુદેવ કહેશે, આ અનુભવની આમા વિધિ છે. આહાહા!

**પોતે જ પોતાનો જાણનાર હોવાથી,** હોં! **જ્ઞાનમાત્ર ભાવ જ** પોતે **જ્ઞાતા છે**. આત્મા જ્ઞાતા છે, આત્મા જ્ઞાતા દૃષ્ટા છે. પણ જ્ઞાતાની વ્યાખ્યા શું? કે પોતે પોતાને જાણે છે એટલે એનું નામ જ્ઞાતા છે. આને (પરને) જાણે છે માટે આત્માનું નામ જ્ઞાતા છે એમ નહિ. જ્ઞાતાની વ્યાખ્યા કરી, પોતે પોતાને જાણે છે માટે પોતે જ્ઞાતા છે. આહાહા!

**આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ** જ **જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત**, યુક્ત એટલે સહિત, **સામાન્યવિશેષસ્વરૂપ**. સામાન્ય તો દ્રવ્ય અને વિશેષ એની પર્યાય, જ્ઞાનની પર્યાય - એવો આખો આત્મા. જ્ઞાન **સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે.** સામાન્યમાં પણ જ્ઞાન અને વિશેષમાં પણ જ્ઞાન. સામાન્યમાં જ્ઞાન અને વિશેષમાં રાગ, એવું સ્વરૂપ નથી આત્માનું. એ આત્માનું સ્વરૂપ નથી, એ કાલ થોડી વાત આપણે

કરી હતીને? એ. **સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે**. **'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું'**. જે ઉપરનો જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણ ભાવોયુક્ત હું છું **એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.**

જેને આત્માનો અનુભવ થાય છે એ આવી રીતે આત્માને અનુભવે છે. અનુભવી પુરુષ એમ કહે છે કે અમે આત્માને આ રીતે અનુભવીએ છીએ અને તમે પણ આ રીતે અનુભવો. એમ કહે છે કે, અમે તો અનુભવી રહ્યા છીએ કે હું જ જ્ઞાન, હું જ જ્ઞેય અને હું જ જ્ઞાતા છું. અમે તો આવા આત્માને અનુભવી રહ્યા છીએ. તમે આત્માને અનુભવો આ, એમ કહે છે. અમે કર્તા નથી પરના અને પરના જ્ઞાતા પણ નથી. આહાહા! જ્ઞાતાની વ્યાખ્યા શું કહી? પોતે પોતાને જાણે માટે એને જ્ઞાતા કહેવામાં આવે છે. પરને જાણે માટે જ્ઞાતા એમ છે? એ તો અજ્ઞાન છે.

એટલો ભાવાર્થ પૂરો થયો. સમયસારનો જે એનો શ્લોકાર્થ અને ભાવાર્થ એ પૂરો થયો. હવે એના ઉપરનું વ્યાખ્યાન, ગુરુદેવનું હવે આવે છે. **કળશ ૨૭૧ શ્લોકાર્થ ઉપરનું પ્રવચન.** એટલે પહેલો જે શ્લોક છેને, એના ઉપરનું પ્રવચન. પછી ભાવાર્થ ઉપરનું પ્રવચન જુદું એમાં અને એમાં આવશે. પહેલા જે શ્લોક છેને? એના ઉપરનું છે વ્યાખ્યાન.

**જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો**. જ્ઞેયોને જાણે છે એવો આત્મા, મારો સ્વભાવ નથી, આહાહા! **જુઓ, શું કહે છે? જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું,** આ ગુરુદેવના અક્ષરે અક્ષર વ્યાખ્યાન ટેપ ઉપરથી ઉતારેલા. **જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે છ દ્રવ્યોના જાણવા માત્ર જ ન જાણવો.** કે છ દ્રવ્યને જાણનાર છે એવો આત્મા છું એવું નથી, એમ! તો છ દ્રવ્ય છેને, કોણ ના પાડે છે? છે. પણ એનો હું જાણનાર છું કે આનો જાણનાર છું?

મુમુક્ષુ: હો તો ભલે હો.

પૂ. લાલચંદભાઈ: ભલે હો! એની ના ક્યાં છે? છ દ્રવ્ય ભગવાને

કહ્યા. છે. પણ મારા જ્ઞાનનો એ વિષય છે કે મારા જ્ઞાનનો આત્મા વિષય છે? એના ઉપર આધાર છે. વિષય ફેરે ફેર છે. જો જ્ઞાનમાં પરપદાર્થ વિષય તમે લ્યો, તો સંસાર છે. અને એ જ્ઞાનમાં આત્માને વિષય બનાવો તો મોક્ષમાર્ગ છે, બસ!

મુમુક્ષુ: બહુ ટૂંકી વ્યાખ્યા.

પૂ. લાલચંદભાઈ: ટૂંકી વ્યાખ્યા.

મુમુક્ષુ: પર સામું જુઓ તો સંસાર.

પૂ. લાલચંદભાઈ: સંસાર.

મુમુક્ષુ: ને આ સામું જુઓ તો મોક્ષ.

પૂ. લાલચંદભાઈ: મોક્ષ! બસ! એ ટૂંકી વ્યાખ્યા આટલી જ છે. અજ્ઞાનીઓએ લાંબું-લાંબું કર્યું છે. અજ્ઞાનીઓએ લાંબુ લાંબું કર્યું છે.

મુમુક્ષુ: એ આટલી ભૂલે અનાદિથી રખડે છે.

પૂ. લાલચંદભાઈ: હા! આટલી ભૂલે હોં! આટલી જ ભૂલે અનાદિથી રખડે છે બસ! સાવ સાચી વાત છે. આટલી જ ભૂલ છે, આહાહા! કરવાની વાત તો આમાં ક્યાંય આવતી જ નથી. પણ જાણવાની વાત પણ નથી આમાં, ગઇ, આહાહા!

**જુવો, શું કહે છે? જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે છ દ્રવ્યોના જાણવામાત્ર જ ન જાણવો**. **શું કીધું? લોકમાં જેટલા દ્રવ્યો છે-અનંતા સિધ્ધો ને અનંતા નિગોદના જીવો સહિત જીવો**, **અનંતાનંત પુદગલો-દેહ, મન, વાણી, કર્મ ઇત્યાદિ, અને ધર્મ, અધર્મ, આકાશ, કાળ-એમ છ દ્રવ્યો - તેના દ્રવ્ય,** તેના **ગુણ,** તેની **પર્યાયો તે મારા જ્ઞેય અને હું એનો જ્ઞાયક, એમ, કહે છે, ન જાણવું**.

મુમુક્ષુ: બધું કાઢી નાખ્યું.

પૂ. લાલચંદભાઈ: કાઢી નાખ્યું. એક રાખ્યો.

મુમુક્ષુ: તીર્થંકર ભગવાનને કાઢી નાખ્યા.

પૂ. લાલચંદભાઈ: કાઢી નાખ્યા. તીર્થંકર, સિધ્ધોને કાઢી નાખ્યા.

એને જાણવા રોકાઇશને તો આત્માને કે દિવસ જાણીશ?

મુમુક્ષુ: આત્મા નહિ દેખાય.

પૂ. લાલચંદભાઈ: નહિ દેખાય આત્મા. ઉપકારી ભગવાન, તીર્થંકર સાક્ષાત્ બિરાજમાન હોયને, એ તારું જ્ઞેય નથી. તું એને જાણવા રોકાઇશ તો તને શુભભાવ થશે. સંસારમાં રખડવાનું મળશે.

મુમુક્ષુ: દુ:ખનું કારણ બનશે.

પૂ. લાલચંદભાઈ: દુ:ખનું કારણ બનશે.

**એમ ન જાણવું. હવે એનું કર્તાપણું તો ક્યાંય ગયું.** પરપદાર્થનો કર્તા, એ તો અહીંયા વાત એજન્ડા પર છે જ નહિ, એ તો વાત નીકળી ગઇ. અને એ જ શલ્ય જેને છૂટી ગયું અને જ્ઞાતા-જ્ઞેયના વ્યવહારમાં અટકયો છે, એને હવે અંદરમાં લઇ જાય છે. જેની કર્તાબુધ્ધિ છે એને તો આ બેસવાનું નથી. એને તો બેસવાનું નથી કેમકે આત્મા જ્ઞાતા છે અને માને છે કર્તા એટલે કર્તાબુધ્ધિવાળાને તો આ નહિ બેસે. હવે, જ્ઞાતામાં આવ્યો પણ જ્ઞાતા પરનો છે, એમાં હતો, એ કાઢીને અંદરમાં (પોતામાં) હાં. આ બીજો પાઠ છે. બે જ પાઠ છે. કર્તાબુધ્ધિ છોડાવે છે અને જ્ઞાતાબુધ્ધિ. બસ! પાઠ બે જ છે. ત્રીજી વાત છે જ નહિ. આ બેનો જ વિસ્તાર છે.

મુમુક્ષુ: પરનો (કર્તા) અને પરનો જાણનાર પણ નહિ.

પૂ. લાલચંદભાઈ: નહિ.

મુમુક્ષુ: આટલો નિર્ણય કરી લે જીવ. આટલો જ નિર્ણય કરવાનો રહ્યો હવે.

પૂ. લાલચંદભાઈ: આટલો જ નિર્ણય કરવાનો છે. આ જો યથાર્થ નિર્ણય થાય તો એને જ્ઞાન આત્મસન્મુખ થઈ અનુભવ થઈ જાય. આટલી જ વાત છે. બે જ વાત છે.

જગતના પદાર્થ સ્વયં પરિણમે છે. પોતાના પરિણામ પણ થવાયોગ્ય થાય છે. પોતાના પરિણામનો પણ કર્તા નથી, તો બહારની

વાત કરવાની ક્યાં વાત રહી. હેં? પોતાના પરિણામને જાણવાનું બંધ કરવાનું કહે છે, એ જ્ઞેય નથી. આત્મા જ્ઞેય છે એમ કહે છે. રાગ જ્ઞેય નથી. રાગ થાય છેને એ જાણવા લાયક નથી.

મુમુક્ષુ: બધું કાઢી જ નાખે છે. કટકા!

પૂ. લાલચંદભાઈ: **એનું કર્તાપણું તો ક્યાંય ગયું. અહીં તો કહે છે - એના (છ દ્રવ્યના) જાણવા માત્ર હું છું એમ ન જાણવું**. એનો જાણનાર છું એમ ન શલ્ય રાખ હવે. કાઢી નાખ તું! **ગજબ વાત છે. ભાઇ!** આ ગજબ વાત છે, આ સાધારણ વાત નથી. એમ કહે છે કે આ એવી સૂક્ષ્મ વાત છે કે જેનો કાળ પાકી ગયો છે, જેને ઝાઝા ભવ નથી, નિકટભવી જીવ છે, એને જ આ વાત બેસે. બાકી બેસવાની નથી. કેમકે કર્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિનું શલ્ય છે, પડયું છે, અને તર્ક કરે કે કેવળી લોકાલોકને જાણે છે અને હું પરને જાણું છું. જાણવામાં ક્યાં દોષ? છે દોષ, માને છે ગુણ. માને છે ગુણ એ ક્યાંથી પાછો ફરે?

મુમુક્ષુ: ન ફરે. જાણવું-જાણવું પણ પરને જાણે એ ક્યાંથી (આવ્યું)?

પૂ. લાલચંદભાઈ: પરને જાણતાં અનંતકાળ ગયો. આવ્યું સુખ? આવ્યું ક્યાંય?

મુમુક્ષુ: કારણ કે અહિયાં કહ્યું ને કે જાણવું તારો સ્વભાવ છે બસ. એ પકડી લીધું.

પૂ. લાલચંદભાઈ: પકડી લીધું. એ પકડી લીધું. જાણવું સ્વભાવ છે, પકડી લીધું. અને વ્યવહારના વાક્યો ઘણાં આવે છે શાસ્ત્રમાં, કે શાસ્ત્રને જો આગળ કરે, સમજી ગયા? અને નિશ્ચયના વાક્યને પાછળ રાખે. તો થઈ રહ્યું. ટોડરમલસાહેબે એ વાક્ય લખ્યા છે બે કે **વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રધ્ધાન છોડવું (મોક્ષમાર્ગ પ્રકાશક, સાતમો અધિકાર, પૃ ૨૬૨)**. આત્મા પરને જાણે છે એ વ્યવહારનયનું કથન છે. એ શ્રધ્ધાનમાંથી કાઢી નાખજે. શ્રધ્ધાનમાં

રાખીશ તો ઉપયોગ તારો બહાર જ રખડયા કરશે. રખડયા કરશે. આમ-આમ. આમ-આમ. અહીંયા કેદી જાણીશ તું. એ સ્ટીકર તમને આવી ગયા છે? નહિ આવ્યા હોય?

મુમુક્ષુ: આવી ગયા છે.

પૂ. લાલચંદભાઈ: આવી ગયા છે, ટોડરમલજીના?

મુમુક્ષુ: હા.

પૂ. લાલચંદભાઈ: તો સારું.

**નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રધ્દ્વાન અંગીકાર કરવું તથા વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રધ્દ્વાન છોડવું (મોક્ષમાર્ગ પ્રકાશક, સાતમો અધિકાર, પૃ ૨૬૨).** આ બે સૂત્ર છે એમાં.

મુમુક્ષુ: દેખાય વ્યવહારનયનો વિષય ઠામ ઠામ ભરેલો છે.

પૂ. લાલચંદભાઈ: હા, અને એ સાચો લાગે છે. ઘડિયાળ સામે જુઓને તો આ ઘડિયાળ દેખાય છેને? બોલો! હવે એ શું કરવું? એનું કરવું શું? અજ્ઞાન પોષે છે બધા ભેગા બેઠા થઈને.

મુમુક્ષુ: આટલું તો અમારે કરવું જોઇયેને?

પૂ. લાલચંદભાઈ: આટલું...જાણવામાં શું દોષ છે? જાણવું તો સ્વભાવ છે.

મુમુક્ષુ: એટલું તો અમે કરીએ ને? બીજું કાઈં નહિ કરીએ.

પૂ. લાલચંદભાઈ: ના કરીએ. ઘડિયાળ મારી એમ નહિ, પણ ઘડિયાળમાં કેટલા વાગ્યા એ તો મારી શક્તિ છે ને જાણવાની?

મુમુક્ષુ: એ ભૂલ થઇ ગઇ.

પૂ. લાલચંદભાઈ: મોટી ભૂલ. સાધારણ ભૂલ નથી આ, સમજી ગયા? ભણેલાની ભૂલ છે હોં વિદ્વાનોની. આ જે વિરોધ કર્યો, એ વિદ્વાનોએ કર્યો. સામાન્ય માણસને તો આમાં ખબર પણ ન પડે.

મુમુક્ષુ: એના સમજમાં ન આવે.

પૂ. લાલચંદભાઈ: સમજમાં ન આવે કે શેનો આ વિરોધ ચાલે છે? વિરોધની ખબર ન પડે. **ગજબ વાત છે ભાઇ! પરદ્રવ્ય સાથે જ્ઞેય-જ્ઞાયકપણાનો સંબંધ પણ નિશ્ચયથી નથી.** શબ્દો વાંચો તો ખરા! ગુરુવાણી છે ને આ તો. હેં! હું જ્ઞાતા અને આ જ્ઞેય, નિશ્ચયથી તારે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ પરની સાથે નથી, આહાહા! **વ્યવહારમાત્ર એવો સંબંધ છે**. કથનમાત્ર. વ્યવહાર એટલે કથન, જૂઠું.

મુમુક્ષુ: વ્યવહારમાત્ર આવ્યું એટલે બસ વ્યવહારે તો અમારે સંબંધ છેને.

પૂ. લાલચંદભાઈ: સંબંધ છેને, બસ એ પકડી લીધું. પણ નિશ્ચયે નથી એમ જે કહ્યું એ ભૂલી ગયો.

મુમુક્ષુ: એ ચુકાઈ ગયું. અને આ વ્યવહાર- વ્યવહાર તો હોય ને?

પૂ. લાલચંદભાઈ: વ્યવહાર તો હોય ને? વ્યવહારી એ જીવ છે અને જુઓ આ દરવાજો છે. આ દરવાજો છે, એ જાણીએ છીએ તો એમાંથી નીકળાય, આમાં ભીંતમાંથી નથી નીકળાતું એટલે જો માથું ભટકાય. એટલે તું જાણે છે દરવાજાને. આ તર્ક કરે તર્ક, તર્ક, સમજી ગયા? આ બધી તર્ક છે. ઇન્દ્રિયજ્ઞાનના પક્ષપાતવાળા જીવો તર્ક કરે છે. એમાં રહી જશે, આહાહા! એમ ને એમ રહી જાય, આહાહા! **વ્યવહારમાત્ર એવો સંબંધ છે, સમજાય છે કાંઇ**? **જૈન તત્ત્વજ્ઞાન બહુ ઝીણું છે ભાઇ!** જૈન તત્ત્વજ્ઞાન ઝીણું છે, આહાહા! એ તો પાત્ર જીવને પલ્લે પડે. દુર્ભવીને ખબર ન પડે, આહાહા!

**ભાઇ! આ વ્યવહાર રત્નત્રયનો રાગ હોય છેને ધર્માત્માને? અહીં કહે છે - ભગવાન આત્મા જ્ઞાયક, અને વ્યવહાર રત્નત્રયનો રાગ એનું જ્ઞેય એમ વાસ્તવમાં છે નહિ.** વ્યવહાર રત્નત્રયના જે પરિણામ થાયને, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, એ જ્ઞેય નથી તારું! તારા કર્તાનું કર્મ તો નથી પણ જ્ઞાનનું જ્ઞેય પણ નથી. તારા જ્ઞાનનું એ જ્ઞેય નથી, આહાહા!

મુમુક્ષુ: એ વાત ઘણી આગળ લઇ જાય છે.

પૂ. લાલચંદભાઈ: આગળ લઇ જાય છે.

મુમુક્ષુ: દૃષ્ટિ કરાવવી છેને?

પૂ. લાલચંદભાઈ: દૃષ્ટિ કરાવવી છે.

મુમુક્ષુ: અનાદિથી આમાં તો પડયો છે.

પૂ. લાલચંદભાઈ: પડયો છે. પરને જાણવાનો પક્ષ તને છે. છે, એ તો અજ્ઞાન છે. એ તો અનાદિનું અજ્ઞાન છે. એ કાંઇ નવું નથી. પરને જાણતાં તને આનંદ આવ્યો?

મુમુક્ષુ: ના.

ઉત્તર: આવતો જ નથી, તો પાછો ફરને? થોડીવાર પાછો ફર કે પરને જાણતો નથી, જાણનાર જણાય છે. કરને, ટ્રાય (try) તો કર. કોશિશ તો કર તને આનંદ આવશે. દર્શન થશે ભગવાનના. **રાગ એનું જ્ઞેય એમ વાસ્તવમાં છે નહિ.** લ્યો. વ્યવહાર રત્નત્રયના પરિણામ કર્તાનું કર્મ તો નથી, બેન! પણ જ્ઞાનનું જ્ઞેય પણ નથી, આહાહા! તો જ્ઞાનનું જ્ઞેય કોણ છે?

મુમુક્ષુ: આત્મા, પોતે.

પૂ. લાલચંદભાઈ: **બારમી ગાથામાં વ્યવહાર 'જાણેલો' પ્રયોજનવાન કહ્યો,** સમયસારનો આપે છે પોતે આધાર, **એ તો વ્યવહારથી વાત છે**. નિશ્ચયથી એમ નથી. વ્યવહાર રત્નત્રયના પરિણામને, નિશ્ચયથી આત્મા એને જાણતો જ નથી. જાણે તો એ મય થઈ જાય, એ રાગમય થઈ જાય, આત્મા. ખરેખર જાણે તો, નિશ્ચયથી જાણે તો, એ મય થઈ જાય. સમજી ગયા? એટલે એ ખોટું છે.

**નિશ્ચયથી તો સ્વપરને પ્રકાશનારી પોતાની જ્ઞાનની દશા જ પોતાનું જ્ઞેય છે**. જુઓ! જ્ઞાનની પર્યાય પોતાનું જ્ઞેય છે. જ્ઞાન તો જ્ઞાન છે, પણ જ્ઞાનમાં જ્ઞાન જણાય છે, જ્ઞાનની પર્યાય, એ પર્યાય જ્ઞેય છે. એ પર્યાય કેવી? કે સ્વપરનો અંદર પ્રતિભાસ થાય એવી. સ્વપરને જાણે

એમ નહિ. સ્વ અને પર બેય જેમાં પ્રતિભાસે એવી જે જ્ઞાનની પર્યાય, એ જ્ઞાનની પર્યાય, જ્ઞાનની પર્યાય પણ છે અને એ જ્ઞાનની પર્યાય જ્ઞાનનું જ્ઞેય પણ છે. જ્ઞેય પણ એ અને જ્ઞાન પણ એ. એક પર્યાયના બે નામ. જ્ઞાનની પર્યાય જ્ઞાન પણ છે અને જ્ઞાનની પર્યાય જ્ઞેય પણ છે, એટલે આ (પર) જ્ઞેય નથી, એમ.

મુમુક્ષુ: એટલે પર્યાયમાં જ પોતાને જાણે છે એટલે એ જ્ઞેય.

પૂ. લાલચંદભાઈ: એ જ્ઞેય છે. પર્યાય જ જણાય છે. પર્યાયમાં જે (પર) જણાય છે એ (પર) નથી જણાતું. પર્યાયમાં જે (પર) જણાય છે એ (પર) નથી જણાતું. જ્ઞાનની પર્યાય જણાય છે, એ વાત સાચી છે.

મુમુક્ષુ: બધું કાઢી નાખે છે, ક્યાંયનું?

પૂ. લાલચંદભાઈ: એક રાખ્યો આત્મા.

મુમુક્ષુ: પોતે અને પોતાની પર્યાય.

પૂ. લાલચંદભાઈ: બસ! બસ! એટલામાં રમત છે. રમત એટલામાં છે. બીજે ક્યાં છે? જ્ઞાનમય આત્મા અને એની પર્યાયમાં ઉપયોગ થાય છે. એ ઉપયોગમાં આત્મા જણાય છે અનન્ય થઈને. જણાઇ રહ્યો છે બાળગોપાળ સહુને, બસ! તો કામ થઈ જાય. **રાગાદિ પરવસ્તુ-પરદ્રવ્યોને એના જ્ઞેય કહેવા તે વ્યવહારથી છે.** વ્યવહાર એટલે ખોટું, જુઠું. નિશ્ચયથી પર સાથે એને જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નથી. કાઢી નાખ્યો.

મુમુક્ષુ: જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ પણ કાઢી નાખ્યો.

પૂ. લાલચંદભાઈ: આહાહા! એની સાથે આ (પર) જ્ઞેય અને આ જ્ઞાન - એવો વ્યવહાર, એમ નથી. નિશ્ચયથી તો પોતે જ જ્ઞાન અને પોતે જ જ્ઞેય છે, એમ. **હવે પર સાથે એને મારાપણાનો -સ્વામીત્વનો અને કર્તાપણાનો સંબંધ હોવાની વાત તો ક્યાંય ઊડી ગઇ**, આહાહા! એ તો ક્યાંય ગઇ. રાગ મારું સ્વ અને હું એનો કર્તા અને એ મારું કર્મ, એ વાત તો ક્યાંય ગઇ? આહાહા! આ દુકાન મારી અને દીકરી મારી અને

લંડનનું ઘર મારું, એ તો ક્યાંયનું ક્યાંય ગયું. આ દેહ તારો નથી. પરિણામ તારા નથી, આહાહા! મમતા છોડી દે. પરિણામ રહી જાય, દેહ રહી જાય. બધું રહી જાય ભલે પણ મમતા છૂટી જાય.

મુમુક્ષુ: મારાપણું છૂટી જાય.

પૂ. લાલચંદભાઈ: મારાપણું છૂટે છે. આ જૈનદર્શનનો મર્મ છે. સમજી ગયા? મારાપણું છૂટી જાય છે. કરોડો રૂપિયા રહી જાય, ચક્રવર્તીને રાજપાટ રહી જાય. મારાપણું છૂટયું. બસ! મારાપણું અહીં આવ્યુંને?

મુમુક્ષુ: જેમ છે એમ જ છે.

પૂ. લાલચંદભાઈ: છે એમને એમ!

મુમુક્ષુ: મારાપણું હતું...

પૂ. લાલચંદભાઈ: એ ખેંચી લીધું. મારાપણું એમ તે ખેંચ્યું અને મારાપણું ક્યાં સ્થાપ્યું?

મુમુક્ષુ: પોતામાં! ત્યાંથી ખેંચીને અહીંયા લઇ ગયો.

પૂ. લાલચંદભાઈ: બસ!

મુમુક્ષુ: ત્યાંથી ખેંચીને અહીંયા લઇ ગયો.

પૂ. લાલચંદભાઈ: એટલું જ છે. મારાપણું છૂટે છે. સંયોગોમાં ફેરફાર કરવાની શક્તિ આત્મામાં નથી. રાગ રહી જાય, રાગના નિમિત્તો રહી જાય, કુટુંબ કબીલા રહી જાય, દેહ રહી જાય, આઠ કર્મનો સંયોગ રહી જાય, સમજી ગયા? રાજપાટ પણ રહી જાય, હોય તો. ન હોય તો કરોડો રૂપિયા પણ રહી જાય. ભલે રહે એનામાં. મમતા છૂટી ગઇ. મારા નથી, આહાહા! શુભાશુભ ભાવ મારા નથી. શુભાશુભ ભાવ રહી જાય.

મુમુક્ષુ: ભાવ હોય.

પૂ. લાલચંદભાઈ: ભાવ હોય પણ મારાપણું?

મુમુક્ષુ: મારાપણું છૂટી ગયું.

પૂ. લાલચંદભાઈ: ભાવ તો હોય. કેમકે વીતરાગ તો થયો નથી.

યથાખ્યાત ચારિત્ર થયું નથી. અરિહંત થયો નથી. મુનિ થયો નથી. એટલે ગૃહસ્થને યોગ્ય પાપ અને પુણ્યના પરિણામ આવે. પણ એ પરિણામ મારા, એ ગયું. એ ગયું અને પછી એ મારું જ્ઞેય એ પણ ગયું.

મુમુક્ષુ: એ પણ ગયું!

પૂ. લાલચંદભાઈ: (હા). કર્તાનું કર્મ તો નહિ પણ જ્ઞાનનું જ્ઞેય પણ નથી, આહાહા! આવી ઊંચી વાત આમાં છે.

મુમુક્ષુ: બહુ ઊંચી વાત છે.

મુમુક્ષુ: ટોચની છેલ્લે.

પૂ. લાલચંદભાઈ: ટોચની. આ પહેલામાં પહેલો એકડો છે, સમ્યગ્દર્શન થવાનો. આ સમ્યગ્દર્શન કેમ થાય અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને? જ્ઞાન બહારમાં ભમે છેને? એ ભમતું જ્ઞાન અંદરમાં વળી જાય. ઉપકાર કર્યો છે, ગુરુદેવે. ઘણો ઉપકાર કર્યો છે. આવા વ્યાખ્યાન!

**નિશ્ચયથી પર સાથે એને જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નથી. હવે પર સાથે એને મારાપણાનો-સ્વામીત્વનો અને કર્તાપણાનો સંબંધ હોવાની વાત તો ક્યાંય ઊડી ગઇ.** દૂર વઇ ગઇ, **સમજાણું કાંઇ?** આહાહા! હવે પારો બદલાવે છે.

**આહાહા! કહે છે - જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો. તો કેવી રીતે છે?** જ્ઞેયનો જ્ઞાતા નથી એ આત્મા, પરજ્ઞેયનો જ્ઞાતા નથી, તો આત્માનું સ્વરૂપ શું છે? એ સમજાવે છે. **જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલો** એટલે પર્યાયોરૂપે **પરિણમતો તે જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો. (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો)**. આ આટલા શાસ્ત્રના શબ્દો.

હવે, એના ઉપરનું વ્યાખ્યાન. એના ઉપરનું વ્યાખ્યાન આવે છે. ચોથું પાનું છે-ચોથું પાનું છેને? ઉપર ચોગડો છે. **'જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલરૂપે પરિણમતો'** આમાં એમ સમજાવ્યું છે કે **જ્ઞેયોના**

**આકારે** એટલે પરપદાર્થો એ જ્ઞેયો છે, એના આકારે એટલે જેવું એનું સ્વરૂપ હોય, કાળું, ધોળું, ખાટું, મીઠું, એ જ્ઞેયોનું સ્વરૂપ કહેવાય. એ આકાર એટલે સ્વરૂપ. એ જે સ્વરૂપ આમાં ઝળકે છે, એના **આકારે થતા જ્ઞાનના** પર્યાયો, **કલ્લોલો** એટલે પર્યાયો, એના સંબંધવાળું જ્ઞાન, જ્ઞેયના સંબંધવાળું જે જ્ઞાન, પર્યાય. એ **પરિણમતો આ વ્યવહારથી કહ્યું હોં**! એની સાથે એને સંબંધ નથી. નિમિત્ત દેખીને એ જણાય છે, એમ વ્યવહારથી કહ્યું પણ એમ છે નહિ. જુઓ નિષેધ કરશે.

મુમુક્ષુ: એ કાળું-ધોળું જણાય છે એ પોતે નથી.

પૂ. લાલચંદભાઈ: એ કાળું-ધોળું તો એ પોતે નથી પણ કાળું-ધોળું જેમાં જણાય છે એવું જ્ઞાન પણ પોતાનું નથી. એ સંબંધ કાઢવો છે. એને બહારનો સંબંધ એની સાથેનો, જ્ઞેયના સંબંધથી થાય છે જ્ઞાન, એ એને જાણે છે એમ કથનમાં કહેવામાં આવે, પણ એમ છે નહિ. જુઓ! આમાં છે. **આ વ્યવહારથી કહ્યું હોં**! **ખરેખર તો જ્ઞેયોનું, છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેને જાણવાના વિશેષરૂપે પરિણમવું.** પર્યાયરૂપે પરિણમવું. એ જેમાં જણાય એવા પર્યાયરૂપે પોતે પરિણમે **તે જ્ઞાનની પોતાની દશા છે. અને તે જ્ઞાનના પોતાના સામર્થ્યથી છે**. ઓલા છ દ્રવ્ય છે માટે એનું જ્ઞાન થાય છે એમ નહિ. છ દ્રવ્યનું જાણપણું પણ પોતાના સામર્થ્યથી, અંદરમાંથી આવે છે, એમ! એ સ્વને કે પર, એનું જે જાણવું આવે છે, એ જ્ઞાનની શક્તિમાંથી આવે છે. સામર્થ્ય, શક્તિ છે.

'**જ્ઞેયોના આકારે થતું જ્ઞાન**' જુઓ, ઉપર કહ્યું તું ને? જ્ઞેયોનું સ્વરૂપે, જેવું જ્ઞેય છે, કોલસો હોય તો કોલસો, સોનું, ચાંદી, ઘોડો, હાથી જે પ્રકારે પદાર્થો હોય એ સંબંધે થતું જ્ઞાન. '**જ્ઞેયોના આકારે થતું જ્ઞાન' એ તો કહેવામાત્ર છે**. કથનમાત્ર છે. '**જ્ઞેયોના આકારે થતું જ્ઞાન**' કથનમાત્ર છે.

મુમુક્ષુ: એટલે જ્ઞેયાકારે થયું જ નથી એમ કહેવા....

પૂ. લાલચંદભાઈ: થયું જ નથી. એમ કહેવા માંગે છે.

મુમુક્ષુ: જ્ઞેયાકારે જ્ઞાન થયું જ નથી.

પૂ. લાલચંદભાઈ: (જ્ઞેયાકારે જ્ઞાન) થયું જ નથી. એ તો જ્ઞાનનાકારે છે. એ તો જ્ઞાનાકાર છોડયું નથી એણે. અને જ્ઞેયાકાર થયું નથી. થવાનું પણ નથી. પણ જ્ઞેયને દેખીને જ્ઞેયાકાર થયું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ: આરોપ છે?

પૂ. લાલચંદભાઈ: આરોપ, બસ! એવું વ્યવહારથી કહેવામાં આવે છે. કથનમાત્ર, એટલે એમાં કાંઇ નથી. કથનમાત્ર એટલે?

મુમુક્ષુ: કહેવા પૂરતું છે.

પૂ. લાલચંદભાઈ: (કથનમાત્ર એટલે) કેણો મામો. એ મોસાળું ન પૂરે. તમારા ગામનો, તમારી છોકરીના લગ્ન થશે, સમજી ગયા? તો એના ગામના હોયને? એના મામાના ગામના કોઈ આવે, તો મામા આવો-આવો એમ કહેવાય. એ ગામમાં, આપણાં ગામડામાં એ રિવાજ. એમ કે મામા આવો.

મુમુક્ષુ: ગામના બધા મામા કહીએ.

पू. लालचंदभाई : तब उन्हें निमित्त कहा जाता है, उन्हें जाना कहा जाता है, इसे (अपने को) जानूँ तो। गुरुदेव को जानो, तो वह जानना नहीं है। गुरुदेव मना करते हैं वह। उन मुनि ने नहीं कहा कि मैं तुम्हारे साथ आऊँ, मुझे दिक्कत नहीं है। वहाँ आऊँगा ना तो भी मुझे तो ज्ञायक ही जानने में आयेगा, मेरे उपयोग में। मेरे उपयोग में तो तीर्थंकर हैं नहीं। वे जानने में आते हैं, वह कहाँ से (आया)? वे जानने में नहीं आएंगे मुझे। कहते हैं ऐसा? तो कहते हैं हाँ! तुम कहते हो तो आऊं, यदि तीर्थंकर भगवान ज्ञात हो जायें मेरे ज्ञान में। तो वे भी मुनि ही थे, वे कहाँ से कहें? ना! यह बात आपकी सत्य है, आत्मा ही जानने में आयेगा। वहाँ जाओगे तो भी और यहाँ बैठे तो भी आत्मा। तो फिर यहीं पर स्थिरता करो न। ध्यान में बैठ जाओ न, आहाहा! ऐसी बात है। यह मार्मिक बात है। आत्मा का

दर्शन कैसे करना? उसकी यह बात है। और दर्शन में रुकावट यह है 'मैं पर को जानता हूँ', वह रुकावट है। बड़ी रुकावट है। एक कर्ता, है जाननेवाला और मानता है कर्ता, वह रुकावट बड़ी। उसमें से वह खिसका तो इसमें पर का जाननेवाला। हो गया, वही का वही रहा, अज्ञान। लेकिन यह है न, यह विषय उसे ग्रासपिंग (grasping) करनेवाले, ग्रहण करनेवाले, वे कम हैं। कम ही होते हैं, तीनोंकाल कम होते हैं। सूक्ष्म बात समझनेवाले कम होते हैं। होते हैं अवश्य, संख्या कम होती है, बस! चिंतवन का विषय है। चिंतवन करके बिठाने का विषय है अंदर में। अंदर में बिठाने का है। अपना हित कैसे हो? पर को जानते हुये अनंतकाल गया, हित हुआ नहीं, आनंद आया नहीं। स्व को जानने पर आनंद आयेगा। वह प्रूफ (proof) है। वह तो प्रमाण है।

मुमुक्षु: बहुत सुंदर बात है! ज्ञान का विषय पलटता नहीं है।

पू. लालचंदभाई : और विषय पलटे तो ज्ञान नहीं है किन्तु अज्ञान है। खाते-पीते-चलते-बैठते, जाननहार ही जानने में आता है। साधक को दो ज्ञान प्रगट हुए हैं। एक तो था इन्द्रियज्ञान और दूसरा आत्मज्ञान, अतीन्द्रियज्ञान प्रगट हुआ। अज्ञानी के पास एक ही प्रकार का ज्ञान। केवली के पास भी एक ही प्रकार का ज्ञान। साधक के पास दो प्रकार के ज्ञान। अज्ञानी के पास एक प्रकार का- अज्ञान, ज्ञान अर्थात् इन्द्रियज्ञान। उसके पास इन्द्रियज्ञान और केवली के पास अकेला अतीन्द्रियज्ञान। (केवली के पास) अकेला अतीन्द्रियज्ञान, उसके (अज्ञानी) पास अकेला इन्द्रियज्ञान। और साधक हुआ सम्यग्दृष्टि, दो प्रकार का ज्ञान। एक इन्द्रियज्ञान भी है ही और अतीन्द्रियज्ञान भी है। थोड़ा राग भी है, थोड़ा वीतरागभाव भी है। थोड़ी शुद्धता भी प्रगट हुई है, थोड़ी अशुद्धता भी है। अपूर्व बात है। इसमें समय लगाने जैसा है। इसमें पुरुषार्थ खिलाने जैसा है, आहाहा! ज्ञान उसका नाम कि (जिसका) विषय बदले नहीं।

मुमुक्षु: अर्थात् ज्ञान ज्ञेयाकाररूप होता नहीं। ज्ञान, ज्ञानाकाररूप ही

रहता है। क्योंकि विषय बदलता नहीं है न उसका।

पू. लालचंदभाई : इसलिये ज्ञानाकार रहता है। ज्ञेयाकार होता नहीं। उसे ज्ञेयाकार हुआ (ऐसा कहना) कथनमात्र है।

मुमुक्षु: वह तो भाई! निमित्त का ज्ञान कराया है उसे।

पू. लालचंदभाई : निमित्त देखकर व्यवहार से, उपचार से कहा जाता है। कथनमात्र अर्थात् कुछ नहीं, आहाहा! ज्ञान में विषय बदलता नहीं है, उसका कारण क्या है, पता है? उसका कारण क्या है? कि ज्ञान आत्मा का है। क्या कहा? ज्ञान में विषय बदलता नहीं है, उसका कारण क्या? कि ज्ञान आत्मा का है इसलिए विषय बदलता नहीं। सुनना! अब, यदि ज्ञान पर का हो तो तो विषय बदले। ख्याल आया कुछ? यदि ज्ञान पर का हो, पर ज्ञेय का, पर ज्ञेय से ज्ञान होता हो, पर का हो तो-तो विषय पलटा करे। लेकिन विषय पलटता है वह ज्ञान ही नहीं है। एक को जाना, तृप्ति नहीं, दूसरे को जानने की इच्छा हुई, इसप्रकार चक्कर मारता रहता है। ज्ञेय से ज्ञेयांतर, ज्ञेय से ज्ञेयांतर, ज्ञेय से ज्ञेयांतर, वह ज्ञान ही नहीं है, आहाहा! जिस ज्ञान में विषय बदले वह ज्ञान नहीं है। जिस ज्ञान में विषय बदले नहीं, आत्मा आया वह आया दृष्टि में, अनुभव में आया वह आया ज्ञायक कि ज्ञायक हूँ। फिर सोते-बैठते-चलते-फिरते भी ज्ञान का विषय बदलता नहीं है। तब विषय बदलता है, कौन बदलता है? कि इन्द्रियज्ञान। वह ज्ञान मेरा नहीं है, इन्द्रियज्ञान मेरा नहीं है। इन्द्रियज्ञान (विषय) पलटा करेगा। जब तक परमात्मा नहीं होता तब तक एक अंश विषय नहीं बदलता। और दूसरा अंश जो है, इन्द्रियज्ञान का, वह (विषय) बदलता रहेगा, लेकिन वह ज्ञान ही नहीं है मेरा, वह तो ज्ञेय है।

मुमुक्षु: किसी के संग के बिना, वह मन का संग हो तब तक।

पू. लालचंदभाई : वह ज्ञेय है। वह इन्द्रियज्ञान है, आहाहा! ज्ञान आत्मा का है इसलिए आत्मा को निरंतर जाना करता है। निरंतर जाना करता है इसलिए उसका विषय नहीं बदलता, आहाहा! और जो ज्ञान

विषय बदलता है इसे जानूँ इसे जानूं, उसे जानूं, उसे जानूं, वह ज्ञान ही नहीं है, वह इन्द्रियज्ञान है। उघाड़ है वह तो, आहाहा! कि अब क्या जानने में आता है? प्रवचनसार। अब क्या जानने में आता है? नियमसार। अब क्या जानने में आता है? कि समयसार। ऐसा नहीं है, विषय बदलता नहीं उसका।

मुमुक्षु: जो जिसका हो वह उसे प्रसिद्ध करे।

पू. लालचंदभाई : उसे ही प्रसिद्ध करे न! ज्ञान तो आत्मा का है।

मुमुक्षु: आत्मा का है, इसलिए आत्मा को प्रसिद्ध करता है।

पू. लालचंदभाई : समय-समय आत्मा को प्रसिद्ध करता है इसलिए विषय बदलता नहीं है। यदि ज्ञान पर का हो तो-तो विषय बदले, लेकिन पर का या पर से तो होता नहीं। और पर का विषय बदलता है तो वह ज्ञान नहीं, अज्ञान है, इन्द्रियज्ञान है। इन्द्रियज्ञान ज्ञान ही नहीं है।

एक पुस्तक बाहर प्रकाशित होने वाली है अभी। २६० पृष्ठ की छपती है, अहमदाबाद में। एक सप्ताह में यहाँ आ जायेगी। उसका नाम है 'इन्द्रियज्ञान... ज्ञान नहीं है'। 'इन्द्रियज्ञान.... ज्ञान नहीं है' सभी शास्त्रों के आधार उसमें रखकर पुस्तक तैयार हुई है। बहन ने खास मेहनत की है। पुस्तक छप गई है लगभग। दो चार छह दिनों में छप जायेगी। एक सप्ताह में आ जायेगी। ज्यादा में ज्यादा यदि ठगा हुआ हो जीव, तो वह पुण्य से धर्म मानता है। और पंडित ज्ञान से आत्मा का ज्ञान मानते हैं, शास्त्र से ज्ञान मानते हैं। शास्त्रज्ञान को ज्ञान मानते हैं। शास्त्रज्ञान ज्ञान नहीं है, वह तो ज्ञेय का ज्ञान हुआ। आत्मा का ज्ञान कहाँ है?

मुमुक्षु: ज्ञेय का ज्ञान होने से वह ज्ञेय ही है।

पू. लालचंदभाई : वह ज्ञेय ही है। वह ज्ञेय ही हो गया। ज्ञेय के सन्मुखवाला जो ज्ञान वह स्वयं ज्ञेय हो गया। और आत्मा की सन्मुखतावाला ज्ञान वह ज्ञान है। जिसमें आत्मा प्रसिद्ध हो, आत्मा जानने में आये, वह ज्ञान है। जिसमें आत्मा तिरोभूत हो जाये, आत्मा जानने में

नहीं आये और पर जानने में आया करे, तो वह ज्ञान कहाँ है? वह तो अज्ञान है। वह तो संसार का कारण है। चारगति में (भटकने का कारण है)।

ॐ

## પ્રવચન ૨ (LA૩૯૫): સમયસાર કળશ-૨૭૧
## પ્રવચન રત્નાકર ભાગ-૧૧ પાનું-૨૪૯
## સપ્ટેમ્બર-ઓક્ટોબર ૧૯૯૦

બીજાનું તો નહિ, એક. શાસ્ત્રમાં પણ આવે, હું કહું એનાથી જુદી વાત. અત્યારે કહેવા માગું છું એના કરતા જુદી વાત શાસ્ત્રમાંથી આવે, શાસ્ત્રમાં, તો તમે એને વ્યવહારનય ગણીને અસત્યાર્થ જાણશો, તો તમારું કામ થશે. એવી એક વાત (મારે) તમને કરવી છે. આ બીજો પાઠ ચાલે છે, એટલે પહેલા પાઠની વાત જરા કરી દઉં.

આત્મા જ્ઞાયક છે, જ્ઞાનમય છે, કેવળ જાણનાર-જાણનાર-જાણનાર-જાણનાર, કેવળ જાણનાર છે, એ કરનાર નથી. કોઇ કહે આત્મા રાગને કરે છે તો માનશો નહિ. કોઇ એમ કહે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને કરે છે તો પણ માનશો નહિ. કોઇ એમ કહે કે મોક્ષને કરે છે આત્મા તો માનશો નહિ. જાણનાર છે.

એટલું ખરું કે રાગ થાય છે ત્યાં સુધી રાગ થાય છે. વીતરાગભાવ થાય તો વીતરાગભાવ થાય છે. મોક્ષ થાય તો મોક્ષ થાય છે. પરિણામ થવા યોગ્ય થાય છે, એનો નિષેધ નથી. પરિણામ તો એના સ્વકાળે એની સ્વ અવસર જ્યારે હોય કાળ, ત્યારે પરિણામ તો થયા જ કરશે. પરિણામનો નિષેધ નથી પણ પરિણામને હું કરું છું, એ કાઢી નાખજો. સ્વતંત્રપણે સ્વયં થયા જ કરે છે પરિણામ. પરિણામને કોઇ કરતું પણ નથી અને પરિણામને કોઇ રોકતું પણ નથી અને પરિણામને કોઇ ટાળતું પણ નથી. પરિણામ તો થયા કરશે, અનાદિ અનંત થયા કરશે.

અજ્ઞાન દશામાં મિથ્યાત્વ થશે, ભલે થાય. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્દર્શન થાય, ભલે થાય. શુક્લધ્યાનની શ્રેણી આવી, ભલે આવી. અરિહંત દશા પ્રગટ થઇ ગઇ, ભલે થઇ. સિદ્ધ અવસ્થા મને પ્રગટ થઇ ગઇ, ભલે થઇ. સમજાણું?

પરિણામ તો થયા જ કરશે. પરિણામને આપણે રોકવાનો અધિકાર પણ નથી. જો આપણે કરવાનો અધિકાર નથી તો ટાળવાનો અધિકાર કે રોકવાનો અધિકાર શું છે? માટે હું તો જાણનાર છું, કરનાર નથી. સમજી ગયા? એ પહેલો જે પાઠ છે, એ પહેલો પાઠ જો તમારો પાકો હશે, તો આ દવા તમને લાગુ પડશે. જો કર્તાપણાનું શલ્ય અંદરમાં પડ્યું હશે તો, આ નહિ, બેસશે જ નહિ આ. જ્ઞાતાના પક્ષમાં આવશો તો તમને બેસશે. કર્તાના પક્ષમાં હશો તો આ વાત બેસવાની નથી, સમજી ગયા?

આ અમૃત છે. આ જે છે ને આ, ગુરુદેવનું વ્યાખ્યાન અમૃત છે. મેળવણ છે. દૂધ કઢાઇ ગયું હોય અને મેળવણ નાખો તો દહીં જામે અને માખણ થઇને ઘી નીકળે. પણ પાણીને ગમે તેવું ઉકાળો અને પછી એમાં મેળવણ નાખો તો દહીં થાય? સમજી ગયા? એને વલોવતાં માખણ નહિ નીકળે.

એટલે જ્ઞાતાના પક્ષમાં આવી ગયા પછી જ્ઞાતા જ છું, કેવળ. કેવળ જાણનાર છું, કથંચિત્ કર્તા અને કથંચિત્ જ્ઞાતા એવું મારું સ્વરૂપ નથી. કેવળ જાણનાર છું, બસ! પરિણામ થાય છે એનો નિષેધ નથી, પણ હું કરું છું એનો નિષેધ છે. નવતત્ત્વ થાય છે, ભગવાને કહ્યા છે, મને ખબર છે. નવતત્ત્વો એના સ્વકાળે થાય અને થશે, કેટલાક થઇ ગયા છે અને કેટલાક ભવિષ્યમાં થશે. શું સમજાણું એમાં કાંઇ? સમજાય ગયુંને? કેટલાક થઇ રહ્યા છે અને કેટલાક થશે ભવિષ્યમાં.

મુમુક્ષુ: એ મોક્ષની પર્યાય પણ...

પૂ. લાલચંદભાઈ: થશે, એ મોક્ષની પર્યાય થશે, એ મને ખબર છે. એ મને ખબર છે. પણ એ મોક્ષની પર્યાય થશે ત્યારે હું કરીશ?

મુમુક્ષુ: એમ નહિ.

પૂ. લાલચંદભાઈ: એમ નહિ, આવશે જ નહિ (કે હું કરું છું). આજથી નક્કી કરી લે, સમજી ગયા?

મુમુક્ષુ: એટલે આ જીવના ભાવમાં ગૂંથાઈ ગયું છે જે કે હું સમ્યગ્દર્શન કરું, (મારે) કરવું છે,

પૂ. લાલચંદભાઈ: એ ખોટું છે.

મુમુક્ષુ: મોટી ભૂલ છે.

પૂ. લાલચંદભાઈ: મોટી ભૂલ છે. સાધારણ ભૂલ નથી. જે સમ્યગ્દર્શનને કરવાની ભાવના ભાવે છે એ મિથ્યાત્વને કરવાની ભાવનામાં પડયો છે. એ તો વિકલ્પને કરે છે. સમ્યગ્દર્શન ક્યાં થયું? સમ્યગ્દર્શન મારે કરવું છે એવો વિકલ્પ આવ્યોને, હેં? એ તો વિકલ્પનો કર્તા થઇ ગયો. મોક્ષને મારે....કરવું મારા સ્વભાવમાં છે જ નહિ. પહેલો પાઠ મેં અહીંયા કહિયો તમને કે દેવો આવીને કહે તો પણ માનશો મા. સમજી ગયા?

મુમુક્ષુ: કરવું તો કોઇ હિસાબે (નહિ), ગમે એમ હોય.

પૂ. લાલચંદભાઈ: બસ! હું તો જ્ઞાતા, જાણનાર છું અને પરિણામ થયા કરે છે. પરિણામ થવા યોગ્ય થાય છે એનો હું નિષેધ નથી કરતો. પણ મારાથી થાય છે અને હું એનો સ્વામી છું અને હું એને કરું છું, (એવું) સ્વરૂપમાં નથી, (એવું) અનુભવમાં દેખાતું નથી. અનુભવી જીવોને એવું અનુભવમાં દેખાતું નથી. અજ્ઞાની જીવને દેખાય છે, તો દેખો. એ તો મરવાનો છે કર્તાબુધ્ધિથી, બીજું શું? આહાહા! માટે પહેલો પાઠ.

હું જયપુર ગયોને આ વખતે, બે હજાર માણસ હતા લગભગ શિબિરમાં. ત્યારે કહ્યું કે સર્વજ્ઞ ભગવાનના આગમમાં છ મહિનાનો કોર્સ (course) કહ્યો છે. વધારેમાં વધારે છ મહિને જીવ સમ્યક્ પામી જાય. જો રુચિપૂર્વક પુરુષાર્થ ઉપાડે તો છ મહિને પામે, એમ આગમનું વચન છે. હવે એ છ મહિનામાં હું બે ભાગ કરું છું. ત્રણ મહિના અને બીજા ત્રણ મહિના. પહેલા ત્રણ મહિનાનો કોર્સ એવો છે કે હું જ્ઞાતા છું, જાણનાર છું, કરનાર નથી. એ ત્રણ મહિનાનો કોર્સ પાકો કરી લો. અને એ ત્રણ મહિનાઓનો કોર્સ પાકો થાય અને એમાં જો પાસ થઇ ગયા તો પછી

બીજા ત્રણ મહિનામાં આવો, આહાહા! કે મને શું જણાય છે? કે પરિણામ જણાતા નથી. થવા યોગ્ય પરિણામ થાય છે એમ કહ્યું, જાણ્યું મેં, પણ કરતો નથી એમ તો જાણ્યું. પણ હવે હું જાણતો પણ નથી, એ બીજો પાઠ છે, ત્રણ મહિનાનો આ.

મુમુક્ષુ: પહેલા કર્તા છોડયું, પછી જાણવાનું પણ છોડયું. સીધો અભેદ, અભેદની દૃષ્ટિમાં આવી ગયો.

પૂ. લાલચંદભાઈ: અભેદની દૃષ્ટિમાં. ખ્યાલ આવી ગયો. નિલમ બહેન કહેતા હતા, તમે ગયા પછી કે બહેન અભ્યાસી લાગે છે. એને તો પરિચય નહિને? એને તો પહેલો પરિચય, મને તો પરિચય છે. એટલે મેં કહ્યું તારી વાત સાચી છે.

મુમુક્ષુ: બધો આપશ્રીનો છે પ્રતાપ.

પૂ. લાલચંદભાઈ: હેં?

મુમુક્ષુ: પહેલા કાંઈ, તમે આવ્યા એ પહેલા કાંઇ જાણતી જ નહોતી.

પૂ. લાલચંદભાઈ: હા, જાણતા નહોતા.

મુમુક્ષુ: કાંઇ સામાન્ય શું, વિશેષ શું, કાંઇ ખબર જ ન હતી.

પૂ. લાલચંદભાઈ: કાંઇ ખબર ન હતી. આહાહા! એ તો જાણ્યું તો તમારાથી જ. હું તો નિમિત્ત માત્ર, એમ.

મુમુક્ષુ: છતાં એ કૃપા તમારી.

પૂ. લાલચંદભાઈ: ઠીક છે, હા, એ તો એ મનમાં રહેજને? એટલું તો રહેજને?

મુમુક્ષુ: ગુરુદેવને તો પ્રત્યક્ષ જોયા નથી. આપશ્રી જ અમારા તો ગુરુ છો.

પૂ. લાલચંદભાઈ: આ મૂળ વાત પાયાની વાત છે. બાકી લોકો પાંદડા તોડવામાં ચડી ગયા છે. મૂળિયું સાજુ રાખે, (અને ફક્ત) પાંદડા તોડે તો પાછું લીલું ઝાડ થઇ જશે. પાંદડા તોડી-તોડીને ફેંકી દયે.

મુમુક્ષુ: મૂળમાં જ ભૂલ હોય પછી ક્યાંથી નીકળે.

પૂ. લાલચંદભાઈ: મૂળમાં જ ભૂલ હોય પછી ક્યાંથી નીકળે.

મુમુક્ષુ: પાછું પાંગરી નીકળે.

પૂ. લાલચંદભાઈ: પાછું પાંગરી જાય ઝાડ. એટલે એક મેઇન ચીજ પહેલી, ત્રણ મહિનાનો કોર્સ છે કે હું તો જાણનાર છું. આહાહા! પણ કોના જેવો જાણનાર? જેવા સિદ્ધ ભગવાન જાણનાર, એના જેવો જાણનાર હોં! એમાં અને મારામાં ફેરફાર નહિ કાંઈ. એમનો જે જાણનાર સ્વભાવ એવો જ મારો સ્વભાવ જાણનાર છે. એ જો કાંઇ કરતા નથી તો હું પણ કરનાર નહિ, આહાહા! એમ પહેલા અકર્તાનો પાઠ-અભોક્તાનો પાઠ, એ તમે જે પુસ્તક છપાવ્યું છે ને? તમારા સાસરાના નિમિત્તે એમાં જ છે આ. તમારા પિતાજી અને માતાજીનો ફોટો છે ને? મોકલાવ્યો છે મને. મળી ગયા પુસ્તક? એટલે એમાં જ છે આ. સમજી ગયા?

એટલે આ મૂળ વસ્તુનો સ્વભાવ છે. આત્મા જાણનાર છે, કરનાર નથી, બસ! એ પહેલો પાઠ પાકો થઇ ગયો? શાસ્ત્રમાં આવશે કે આત્મા અશુદ્ધનિશ્ચયનયે રાગને કરે છે. એક દેશ શુદ્ધનિશ્ચયથી સંવર, નિર્જરા અને મોક્ષને કરે છે. એ બધું આવશે, પણ એ વ્યવહારનયનું કથન છે, એને ગૌણ કરજો, ગૌણ કરીને અભૂતાર્થ કરી નાખજો. કથન આવશે બધા, કથન તો આવે એમાં શું? આવે કથન તો આવે. કેમકે પરિણમે છે ને એ આત્મા? તો પરિણમે છે, માટે કર્તા ઉપચારથી કહેવાય. ઉપચારથી કર્તા કહ્યો છે, વ્યવહાથી. ખરેખર કર્તા નથી, જાણનાર છે. જે જાણે છે તે કરતો નથી અને કરે છે તે જાણતો નથી. આ મેઇન છે વાત.

એટલે પછી આ બીજો પાઠ લાગુ પડશે, દવા. જો તમે શલ્ય રાખશો કે પરિણામને હું કરું છું, સમ્યગ્દર્શન મારે કરી દેવું છે. તમે જાણનાર છો કે કરનાર છો? તમે તો ભીંત ભૂલ્યા. તમારે ધર્મ કરવો છે? કે ધર્મી હું છું, ધર્મીને જાણનાર છું, એમ લ્યો ને? ધર્મી એટલે અનંત ગુણનો પિંડ, ધર્મી. અને એનો જાણનાર છું, કરનાર નથી, એમ.

મુમુક્ષુ: પછી આનંદ તો સહેજે આવી જાય.

પૂ. લાલચંદભાઈ: સહેજે આવશે. આવ્યો સમજો. જો તમે મેળવવા જશો તો નહિ આવે.

મુમુક્ષુ: નહિ આવે. તો-તો ઓલી કર્તાબુધ્ધિ થઇ ગઇ. કરું છું. જોઇએ છે આનંદ.

પૂ. લાલચંદભાઈ: મારે જોઇએ છે આનંદ. આ કહે, લંડનમાં રહીને આવો અભ્યાસ! મેં કહ્યું આત્મા છે ને? લંડનમાં ક્યાં રહે છે? આત્મામાં રહે છે. અને સૌ ગુરુદેવનું સાહિત્ય, ટેપો, અગિયાર ભાગ, બધું અધ્યયન કરે છે. મેં કીધું સાત ભાગ સુધી એ લોકોએ વાંચ્યું છે. અને ઘરમાં પણ વાંચે છે. અભ્યાસ તો કરે છે, અને હવે અભ્યાસ વધી જશે. બહુ નિવૃત્તિ થઇને, એ સારું, ઘણો ફેર પડશે, સારું છે. ઘણાં જીવો પામશે ગુરુદેવના નિમિત્તે. એવું બહાર આવ્યું છે તત્ત્વ, તત્ત્વ બહાર આવ્યું છે. નહોતું, અંધારું હતું સાવ. સાવ અંધારું. શાસ્ત્રમાં હતું, દિગંબર શાસ્ત્રમાં, પણ દિગંબરો કોઇ જાણતા નહોતા.

મુમુક્ષુ: આ વાત જ ક્યાં હતી?

પૂ. લાલચંદભાઈ: બહાર જ ન આવી. શાસ્ત્રોમાં પડી હતી, કોઇ જાણતું નહોતું, દૃષ્ટિ ન ગઇ કોઇની, અનુભવ ન થયો કોઇને. અનુભવી સિવાય કોઇ કહી શકે નહિ. જેણે આત્મા જાણ્યો એ આત્માના સ્વરૂપને કહી શકે. આત્મા જાણ્યો નથી એ આત્માનું સ્વરૂપ શું કહી શકે? એ તો કર્તા-કર્તા-કર્તા, માન્યા જ કરે. આમ કરો, આમ કરો, આમ કરો, આટલું કરો, ક્રિયા કરો. ચાલો! એટલી વાત મનમાં આવી સવારથી, તમને કહી દઉં. એ કહી દીધુ છે. કેમકે બે પાઠ છે ને? બે જ છે.

મુમુક્ષુ: હાં! બે જ છે. તમે પહેલેથી મળ્યા ત્યારથી જ કીધું તું કે બે જ પાઠ છે.

મુમુક્ષુ: પહેલા જ શરૂઆત કરી હતી પહેલા પાઠની આપે.

મુમુક્ષુ: પણ આમ ત્રણ-ત્રણ મહિનાની મુદ્દત?

પૂ. લાલચંદભાઈ: વધારેમાં વધારે, ત્રણ મહિનાની મુદ્દત વધારેમાં વધારે હોં! થાય તો અડધી કલાકમાં. આ તો આચાર્ય ભગવાને ઉદારતા વાપરી કે વધારેમાં વધારે છ મહિને તને સમ્યગ્દર્શન થશે, સમજી ગયા? બાકી કોઇ તો અંત:મુહૂર્તમાં પામી જાય. એમાં શું? આ ઘરની વાત છે ને? પોતાના દર્શન કરવા છે, બીજું તો કાંઇ નથી કરવાનું. પોતાના દર્શન કરવા છે, (એ) ભૂલી ગયો છે. આમ-આમ (પર સામે) દર્શન કરવા જાય છે. એટલે પોતાના દર્શન કરવા છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ: અંધો છે, એટલે દેખતો નથી.

પૂ. લાલચંદભાઈ: છે. જણાય, દેખાય, આહાહા! દેખાઇ રહ્યો છે.

મુમુક્ષુ: હજરાહજુર છે.

પૂ. લાલચંદભાઈ: હજરાહજૂર. અમારા દેશમાં હજરાહજુર કહે સમજી ગયા? પ્રત્યક્ષ દેખાય છે, છે. (જાગ)તો જીવ ઊભો છે. બહેનશ્રી કહે છે ને? (જાગ)તો જીવ ઊભો છે. એટલે છે, છે છે અને ન જણાય? છે તો જણાયને? ન જણાય શું કામ?

બીજો પારો છે ને? ચોથું પાનું. બીજો પારો.

મુમુક્ષુ: નહિ, પહેલું જ ચાલુ છે.

પૂ. લાલચંદભાઈ: પહેલું શરૂ કરું? ઠીક.

મુમુક્ષુ: પહેલું અડધું થયું.

પૂ. લાલચંદભાઈ: ઠીક. ફરીથી, ચોથું પાનું પહેલો પારો.

'**જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો**' આટલો પાઠ મૂળ છે. પરપદાર્થ જ્ઞેય છે, એના આકારે એટલે એનું સ્વરૂપ આમાં પ્રતિભાસે છે અને એ રૂપે જ્ઞાનનું પરિણમન સ્વતંત્રપણે અહીંયાં થાય છે. તેને જ્ઞાનના કલ્લોલો એટલે જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે. હવે, એ જે કહ્યું કે જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે, એવી જે જ્ઞાનની પર્યાય થાય છે, એમ જે શાસ્ત્રમાં આ પાઠ છે, શાસ્ત્રનું, શાસ્ત્રનું વાક્ય છે. એમ જે કહ્યું છે, એ વ્યવહારનયથી કહ્યું છે. એને જાણવારૂપે પરિણમે છે

- જ્ઞાન, એવું જે કહ્યું છે, છે શાસ્ત્રનું વચન આ. હવે ગુરુદેવ એનો અર્થ કરે છે કે એ વ્યવહારનું કથન છે.

જ્ઞેયને જાણવારૂપે જ્ઞાન પરિણમે છે, જ્ઞેયના સંબંધવાળું જ્ઞાન, એ વ્યવહારથી કહ્યું હોં! જો તમે નિશ્ચય માની લો ભૂલ થઇ ગઇ, મોટી ભૂલ થઇ ગઇ. તો તમે ત્યાં (પરમાં) જ ચોંટી જાશો, એને (પરને) જાણવામાં રોકાઇ જશો. (પરને) કરવામાંથી નીકળ્યા, તો રોકાણા (પરને) જાણવામાં. જાણવું તો જોઇએને? કેવળી ભગવાન લોકાલોકને જાણે છે અને જાણનાર છુંને હું?

મુમુક્ષુ: જાણવાનો સ્વભાવ છે ને મારો.

પૂ. લાલચંદભાઈ: જાણવાનો સ્વભાવ છે, તો જાણું તો ખરોને? આ દુકાન મારી કે અલકા મારી, એમ નહિ પણ અલકા છે એમ તો જાણુંને? એટલું તો જાણવું જોઈએને?

મુમુક્ષુ: જાણવાનો સ્વભાવ કીધો, મરી ગયો.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવ કીધો, મરી ગયો. આત્મા છે ને? આહાહા! શાસ્ત્રમાં પાઠ તો ઘણા આવે. લખાણ તો ઘણાં આવે. એનો ખુલાસો ગુરુદેવ કરે છે, જુઓ! આ શાસ્ત્રમાં આમ આવ્યું છે, કે જ્ઞેયો જ્ઞાનમાં જણાય એવી જ્ઞાનની પર્યાયરૂપે આત્મા પરિણમે છે. કલ્લોલ એટલે પોતાની પર્યાય. જેમાં ઓલું નિમિત્ત છે. ઓલું નિમિત્ત અને જ્ઞાનની પર્યાય નૈમિત્તિક. એ જ્ઞેય અને આ જ્ઞાન, એ સંબંધીનું. એના સંબંધીનું જ્ઞાન, આત્મા સંબંધીનું નહિ.

મુમુક્ષુ: જ્ઞેય સંબંધીનું.

પૂ. લાલચંદભાઈ: જ્ઞેય સંબંધીનું જ્ઞાન કહે છે કે એ વાક્ય છે એ વ્યવહારનું છે, તું એ સાચું માનીશ માં. હા! જ્ઞાન આત્માને જાણે છે એ વાત સાચી માનજે. પણ આને (પરને) જાણે છે એ વ્યવહાર છે. વ્યવહાર કહ્યું હોં! ધ્યાન રાખજે! આ વ્યવહારનયનું કથન છે હોં! વ્યવહારનયનું કથન એટલે જૂઠું, એમ છે નહિ.

મુમુક્ષુ: જે નથી એની જાહેરાત કરે છે.

પૂ. લાલચંદભાઈ: નથી એની જાહેરાત કરે છે, બસ, એનું નામ વ્યવહાર.

મુમુક્ષુ: એનું નામ વ્યવહાર. નથી એટલે પોતાના સ્વભાવમાં નથી?

પૂ. લાલચંદભાઈ: પોતાના સ્વભાવમાં નથી, એને જાણવું.

મુમુક્ષુ: એના સ્થાને એ ભલે રહ્યું.

પૂ. લાલચંદભાઈ: એ ભલે રહ્યું, પણ એને જાણવાનો મારો સ્વભાવ નથી. કેમકે એને જાણતાં આમ (આત્માના) સાધ્યની સિદ્ધિ થતી નથી. આત્મદર્શન અટકી જાય છે, આત્મદર્શન અટકે છે મને. બાધા પહોંચે છે મને. ઘાત થાય છે મારા આત્માનો એને (પરને) જાણવામાં રોકાઉ તો. એ રોકાણો અનંતકાળથી પરને જાણવામાં, આત્માને ન જાણ્યો. એ ભૂલ થઈ ગઇ. આ એ ભૂલ નીકળવા માટેનો આ પાઠ છે.

**આ વ્યવહારથી કહ્યું હોં. ખરેખર તો જ્ઞેયોનું-છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેને જાણવાના વિશેષરૂપે પરિણમવું તે જ્ઞાનની પોતાની દશા છે**. એના (પરના) કારણે નહિ પણ પોતાની દશા જ એવી છે કે જે એમાં જણાય. પોતાને જાણતાં એમાં એ (પર) જણાઇ જાય એવી સ્વચ્છતા છે પણ એને જાણે છે એમ રહેવા દેજે. એ ભલે જણાય, એ ભલે જણાય, એ ભલે પ્રતિભાસે. હેં! એ ભલે ઝલકી જાય, કાંઇ વાંધો નહિ. તું એનું (પરનું) લક્ષ કરીશ માં. તારી સ્વચ્છતા છે દર્પણની માફક અને એ ઝલકસે, ભલેને ઝલકે, કાંઈ વાંધો નથી, તારું જ્ઞાન મેલું નહિ થાય પણ એ ઝલકે છે એમાં લક્ષ કરીશ તું કે, આહાહા! આને (પરને) હું જાણું છું તો ગયો દુનિયામાંથી.

**ખરેખર તો જ્ઞેયોનું-છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેને જાણવાના વિશેષરૂપે પરિણમવું તે જ્ઞાનની દશા છે, ને તે જ્ઞાનના પોતાના સામર્થ્યથી છે**. એ (પર) જે જણાય છે એમાં એ પોતાની સ્વચ્છત્વ

શક્તિ છે, સામર્થ્ય છે તેથી જણાય છે. જેમ દર્પણમાં જણાય, અગ્નિ જણાય એમ, મોર જણાય એમ, આહાહા!

**'જ્ઞેયોના આકારે થતું જ્ઞાન'** જુઓ. ઇન ટુ કોમા (in-to-comma) કર્યા. **'જ્ઞેયોના આકારે થતું જ્ઞાન'** કોમા કર્યાને બે, ચિહ્ન ઉપર વાક્ય! **એ તો કહેવા માત્ર છે**. સંધ્યા બહેન! કહેવા માત્ર છે. હું આને (પરને) જાણું છું, આ મારા જ્ઞાનમાં જણાય છે, હું આને જાણું છું અને આ મારા જ્ઞાનમાં જણાય છે, જાણું છું અને જણાય છે, એ કહેવા માત્ર છે. આહાહા! કથનમાત્ર છે. એક વાક્ય તો બસ થાય. એક વાક્ય તો બસ થઇ જાય. જ્ઞેયથી વ્યાવૃત્ત થઇ જાય, પાછો ફરી જાય અને જાણનારને જાણવા માંડે, આહાહા! કથનમાત્ર છે! આ કોઇ મહાપુરુષ પાક્યો! આપણા માટે જ જાણે એણે અહીંયાં જન્મ લીધો એવું લાગે છે. આપણો કાળ પાકી ગયો હતોને? આપણો કાળ પાકયો તો આવું નિમિત્ત તો હોય જ ને? અને સમર્થ નિમિત્ત, તીર્થંકરનું દ્રવ્ય મળ્યું આપણને, એમ! સાધારણ સમ્યગ્દૃષ્ટિ કે પાંચમા ગુણસ્થાનવાળા કે મુનિરાજ પણ મળે. પણ આ તો સમર્થ પુરુષ પાક્યો, સમજી ગયા? જબરદસ્ત! આહાહા!

**કહેવા માત્ર છે**. **'જ્ઞેયોના આકારે થતું જ્ઞાન'**, બહેન! **'જ્ઞેયોના આકારે થતું જ્ઞાન'**. **એ તો કહેવામાત્ર છે**. જ્ઞેયો મારા એમ તો છે નહિ, પણ જ્ઞેયોના આકારે થતું મારું જ્ઞાન, આ જ્ઞાન, કહેવા માત્ર, કથનમાત્ર છે, આહાહા!

મુમુક્ષુ: જ્ઞેયોને જાણતું જ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: હા. જ્ઞેયો જેમાં જણાય, એવું જે જ્ઞાન, કહેવા માત્ર છે. એ જણાય અને હું જાણું.

મુમુક્ષુ: એમ નથી.

પૂ. લાલચંદભાઈ: મારે એની સાથે એ વ્યવહાર નથી. મારો વ્યવહાર પરની સાથે ન હોય, એક નાતમાં વ્યવહાર હોય, દીકરી-

દીકરાના લગનમાં. અત્યારે જુદી વાત છે. આ તો વાત કરું છું પહેલાના કાળમાં તો એક નાતમાં હતાને, સગપણના સંબંધો. એમ આ નાત બીજી છે, છ દ્રવ્ય, મારી નાત ક્યાં છે? મારો વ્યવહાર મારી પાસે છે. હું જ્ઞાન અને મારો આત્મા જ્ઞાયક. જાણનારને જાણું એ વ્યવહાર છે, એક જાતમાં. વિજાતમાં-વિજાતમાં વ્યવહાર પણ નથી. નિશ્ચય તો નથી, વ્યવહાર પણ નથી. રાગને જાણવું મારો ધરમ નથી. કરવું તો ધરમ નથી.

મુમુક્ષુ: પણ જાણવું પણ નહિ.

પૂ. લાલચંદભાઈ: કેમકે જાત જુદી છે એની.

મુમુક્ષુ: જ્ઞાન અને જ્ઞેયની જાત જુદી ન હોય.

પૂ. લાલચંદભાઈ: ન હોય. અને એ વ્યવહાર ન હોય આત્મામાં.

મુમુક્ષુ: જુદી જાતની સાથે જ્ઞાન-જ્ઞેયનો વ્યવહાર ન હોય.

પૂ. લાલચંદભાઈ: ન હોય, એમ કહે છે. જ્ઞાન-જ્ઞેયનો ભેદ એટલો અંદર રાખ તો વ્યવહાર થાય, અભેદ કર તો નિશ્ચય છે. તારે વ્યવહાર અને નિશ્ચય જોતો હોય તો અંદર છે, અંદર છે. હું જ્ઞાન અને હું જ્ઞેય, એ વ્યવહાર થઇ ગયો. અને અનુભવમાં હું જ જ્ઞાન અને હું જ જ્ઞેય, એકાકાર થઇ ગયો, એ નિશ્ચય. તારું જ્ઞેય તો અહીંયા (અંદરમાં) છે, અહીંયા જોને! ત્યાં (બહારમાં) ક્યાં જ્ઞેય છે તારું.

મુમુક્ષુ: એટલામાં જ રમત કરો કે જ્ઞાન અને જ્ઞેય અભેદ, અને વ્યવહાર આ જ જ્ઞાન અને જ્ઞેય.

પૂ. લાલચંદભાઈ: એ ભેદ કરો તો વ્યવહાર, અભેદ કરો તો નિશ્ચય. અભેદ કરો તો અનુભવ, બસ! નિશ્ચય-વ્યવહાર બધુ અંદર છે, આહાહા! બહારમાં કાંઇ નથી.

મુમુક્ષુ: આ જીવને તો પણ અનાદિથી બહારનું જ (લક્ષ) છે.

પૂ. લાલચંદભાઈ: હા! બહારનું કરવું અને બહારનું જાણવું-જોવું. બસ! એ રહી ગયું.

મુમુક્ષુ: અને અહીંયા આવ્યો તો પણ પરના જાણવામાં રહ્યો.

પૂ. લાલચંદભાઈ: અહીંયાં આવ્યો ગુરુદેવ પાસે, તો જાણવું તો સ્વભાવ છે ને? જાણવું તો ખરુને? આપણાં મુમુક્ષુઓ અત્યારે મારી સામે દલીલો કરે છે ઘણાં, આવે છે મારી સામે તો આવે જ ને એ તો? ભલે આવે, કાંઇ વાંધો નહિ. પણ હું કહું કે તમે ગુરુદેવને માનોને? હું ક્યાં કહું છું? આ તો હજી ટેપ છે ને? પાછી ટેપો છે, તમે ગુરુદેવના જ શબ્દો (સંભાડો), આ ગુરુદેવ જ બોલે છે એમ તમને ખાત્રી થાય.

મુમુક્ષુ: તર્કથી આમ અનુમાન કરે તો પણ બેસે કે-ના આમ જ છે.

પૂ. લાલચંદભાઈ: આમ જ છે. અનુમાન કરે તો પણ બેસી જાય. બેસે, લાયક જીવને બેસવા મંડે. હકાર આવે અંદરમાંથી. ગુરુદેવ કહેતા હતા એકવાર હા તો પાડ, તો હાલત થશે. હાલત થઇ જશે બહેન! આહાહા!

મુમુક્ષુ: અને એવું જ છે ને? હા પાડે તો એનું કામ થઇ જશે.

પૂ. લાલચંદભાઈ: કામ થઇ જશે. ના પાડે તો એ તો રહી જશે.

**'જ્ઞેયોના આકારે થતું જ્ઞાન' એ તો કહેવા માત્ર છે.** આત્મા-જ્ઞાન, અને જ્ઞેયને જાણે છે, એ તો કહેવા માત્ર છે. કથનમાત્ર છે, આહાહા! કેવા શબ્દો છે! આહાહા! **'બાકી જ્ઞાન જ્ઞાનાકાર જ છે', જ્ઞેયાકાર છે જ નહિ,** આહાહા! (જ્ઞાન) જ્ઞાનાકાર જ છે અને જ્ઞેયાકાર છે જ નહિ. જ્ઞેયોને જાણતું નથી અને પોતાના આત્માને જાણે છે. જ્ઞાન, જ્ઞાનને જાણે છે, જ્ઞાન જ્ઞાયકને જાણે છે. જ્ઞાનાકાર છે પણ જ્ઞેયાકાર નથી. આહાહા! ટાંકોત્કીર્ણ, કોહિનૂરના હીરા છે. કોહિનૂરના હીરા, આહાહા! ઝવેરી હોય ને? એનું ધ્યાન પડી જાય. ઓહોહો! હું આનો (પરનો) જાણનાર નથી, જાણનાર જણાય છે, મને તો જાણનાર જણાય છે. આવી જા ને અંદર. જાણનાર જણાય છે. થોડીક વાર તો આવ કે? મજા આવશે તને.

મુમુક્ષુ: પછી નીકળવાનું જ મન નહિ થાય.

પૂ. લાલચંદભાઈ: એવું જ છે હોં! પછી નીકળે કોણ એમાંથી?

મુમુક્ષુ: એકવાર સ્વાદ ચાખી લે પછી?

પૂ. લાલચંદભાઈ: પછી છોડે કોણ એને?

**જ્ઞાનાકાર જ છે, જ્ઞેયાકાર છે જ નહિ**. અસ્તિ-નાસ્તિ અનેકાંત કર્યું. જ્ઞાનાકાર છે અને જ્ઞેયાકાર નથી, એમ. **સમજાણું કાંઇ? આહાહા! અહીં કહે છે-એ જ્ઞાનની પર્યાય ને મારા દ્રવ્ય-ગુણ (દ્રવ્ય-ગુણ-પર્યાય) ત્રણે થઇને હું જ્ઞેય છું**. જ્ઞેય અહીંયાં (અંદરમાં) છે, જ્ઞેય ત્યાં (બહારમાં) ક્યાં છે? તારું જ્ઞેય તો અહીંયાં છે, આહાહા! દ્રવ્ય, ગુણ અને પર્યાય એ તારું જ્ઞેય છે, એને જાણ ને! આહાહા! **જ્ઞેય છું. જ્ઞાન હું, જ્ઞાતા હું ને જ્ઞેય આ લોકાલોક-એવું કોણે કહ્યું?** જ્ઞાન હું, જ્ઞાતા હું - બેય અહીંયા રાખ્યું. જ્ઞાતા અને જ્ઞાન બે (અહીંયા) રાખ્યું અને જ્ઞેય ક્યાં સ્થાપ્યું? (બહારમાં).

મુમુક્ષુ: બહારને જ્ઞેય સ્થાપી દીધું.

પૂ. લાલચંદભાઈ: એ ભૂલ થઇ ગઇ. અનાદિની આ ભૂલ છે. આ ભૂલ છે, એ એકડો છે, એ ભૂલ ગઇ એટલે કામ થાય, બસ! આ બીજો પાઠ જ છે. પાઠ બે જ છે, લંડનમાં પણ બે પાઠની વાત કરી હતી.

મુમુક્ષુ: પણ આમ બહુ સરળ છે. આ બધા થોથા ભણવાનું અને આવું બધુ કર્યું, એનું.

પૂ. લાલચંદભાઈ: શાસ્ત્ર ભણવાનું બંધ થઇ જાય. અટક ન રહે, છૂટી જાય એ બધુ. અહીંયા આવી જાય. આ વાંચતા હરખ આવી જાય છે, વાંચતા.

મુમુક્ષુ: વિચાર કરતાં પણ આમ અંદરથી ઉમંગ આવે.

પૂ. લાલચંદભાઈ: હા! ઉમંગ આવી જય. પોતાની વાત છે ને? પોતાની વાત છે અને પોતાની ભૂલ દેખાણીને પોતાને? એ ભૂલ જાણે તો ભૂલને ભાંગી નાખે કે આ મારી ભૂલ થઇ.

મુમુક્ષુ: પરની આકુળતા તો ક્યાંય ભાગી.....

પૂ. લાલચંદભાઈ: (હા).

હવે, જુઓ સારી વાત કરે છે. **જ્ઞાન હું અને જ્ઞાતા હું,** એ બે રાખ્યું અહીંયા. **ને જ્ઞેય આ લોકાલોક-એવું કોણે કહ્યું?** કોણે કહ્યુ આ વાત? આ તો છે નહિ ક્યાંય વાત. ગુરુદેવ કહે કોણે કહ્યું આ વાત? એવું તો વસ્તુ સ્વરૂપ નથી. હું જ્ઞાન અને હું જ્ઞાતા અને આ લોકાલોક મારા જ્ઞેયો - એમ કોણે કહ્યું? એવું છે નહિ.

મુમુક્ષુ: શેના ઉપરથી આવી જાહેરાત કરી ગુરુદેવે?

પૂ. લાલચંદભાઈ: કેવી જાહેરાત પણ! ટંકોત્કીર્ણ, દાંડી પીટીને! દાંડી પીટીને કરી વાત!

મુમુક્ષુ: શેના ઉપરથી? વિચાર કરીએ, જે આ વાત કોઈ જાણતું નહોતું, માન્ય ન રાખે એવી વાત એમણે જાહેર કરી છે.

પૂ. લાલચંદભાઈ: કોઇ માન્ય ન રાખે હોં! અત્યારે નથી રાખતા, પણ લાયક હોય એ રાખે.

મુમુક્ષુ: ત્યારે તો કોઇ માન્ય ન રાખે. એવી વાત કરવાની હિંમત થવી એ પણ ગજબ છે.

પૂ. લાલચંદભાઈ: હિંમત હોં! અનુભવીને હિંમત હાલે. અનુભવ હતોને એને? એટલે હિંમત હાલે. માને કે ન માને કોઇ.

મુમુક્ષુ: વસ્તુ તો આ જ છે. માનો કે ન માનો.

પૂ. લાલચંદભાઈ: તમારી મરજી, સ્વતંત્ર છો, બસ! આહાહા! **એવું કોણે કહ્યું?** આત્મા જ્ઞાતા છે અને લોકાલોક જ્ઞેય છે એમ કોણે કહ્યું? કે ભાઈ! સર્વજ્ઞના આગમમાં આવે છે ને? કે એ વ્યવહારનયથી કહ્યું છે, ખોટું માનજે, વ્યવહારનું કથન છે. એટલે બે વાત આજે કહી, કે દેવ આવે તો પણ તમે માનતા નહિ. એની અંદર બધા વિદ્વાનો (અને) બધા આવી ગયા. કહેવાનો મારો ભાવાર્થ એ હતો, સમજી ગયા? અને બીજું એ હતું કે આગમમાં પણ આવશે કે કેવળીભગવાન લોકાલોકને વ્યવહારે જાણે છે એ આવશે. આપણે માન્ય છે, વ્યવહારનયે જે આવશે, બરાબર છે પણ નિશ્ચયનયે જોવામાં આવે તો એ ખોટી વાત

છે. કેવળી ભગવાન આપણા તો આત્માને જાણે છે. કેવળી કેવળજ્ઞાન વડે આત્માને જ જાણે છે.

**કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ**

(શ્રી આત્મા સિદ્ધિ શાસ્ત્ર, ગાથા ૧૧૩)

શ્રીમદનું વાક્ય છે આ, અનુભવીનું વાક્ય છે. કે કેવળીની વ્યાખ્યા કરી એણે. એને ખબર હતી કે લોકાલોકને જાણે તે કેવળી, એ (વ્યાખ્યા) બધાય ચલાવે છે. સમજી ગયા? પણ એમ નથી. કેવળી તો પોતાના આત્માને ડૂબીને અંદરમાં જાણે છે, આહાહા! એ આમ-આમ (બહાર) જાણવા જાય? આમ-આમ (બહાર) જાણે કોઈ દિ?

મુમુક્ષુ: અભેદ છે.

પૂ. લાલચંદભાઈ: હેં! અભેદ છે, ભેદ જ પાડતો નથી કેવળજ્ઞાન અને આત્માનો. ભેદ પડે તો ઓલું વાક્ય આવે પણ ભેદ જ પડતો નથી. આહાહા! આ કોણે કહ્યું? હેં ગજબની હો! ગજબની હિંમત. કોણ કહે છે કે લોકાલોકને જાણે છે, જ્ઞાન. ખોટી વાત છે. પણ ખોટી વાત (છે એમ) કહેશો તો તમે કેવળીને માનતા નથી, એમ તમને (લોકો) કહેશે. અમે જ કેવળીને માનીએ છીએ, તું નથી માનતો. અમે કેવળીને માનીએ છીએ કેમકે કેવળજ્ઞાન વડે આત્માને જાણે છે, એમ અમે કહીએ છીએ.

મુમુક્ષુ: કેવળી, કેવળીને ન માને?

પૂ. લાલચંદભાઈ: કોણ જાણે. કેવળી છે, કેવળ આત્માને જાણે છે એ કેવળી છે-શ્રુતકેવળી છે. શ્રુતકેવળી છે એ કેવળીને ન માને? એ જ માને છે. અજ્ઞાની ક્યાં માને છે? અજ્ઞાની કેવળીને માનતો જ નથી.

**કોણે કહ્યું? પરમાર્થે એમ છે નહિ,** આહાહા! ખરેખર એમ છે નહિ, આહાહા! **એમ કહેવું એ વ્યવહાર છે.** કેવળી કે જ્ઞાન લોકાલોકને જાણે છે, **એમ કહેવું છે એ વ્યવહાર છે, આહાહા! ધર્મીના અંતરની**

**ખુમારી તો જુઓ**! આ અંતરની ખુમારી આવી, કે આત્મા જ્ઞાતા છે અને લોકાલોક જ્ઞેય છે, એમ કહ્યું કોણે? એ જુઓ તો ખરા, ધર્મીની ખુમારી! અંદર નિર્વિકલ્પધ્યાનમાંથી બહાર આવી અને આ વાણી નીકળી છે.

મુમુક્ષુ: ત્યારે આ વાણી બહાર પડે છે, બરાબર!

પૂ. લાલચંદભાઈ: (હા!) **ખુમારી તો જુઓ! કહે છે-જગતમાં હું એક જ છું, જગતમાં બીજી ચીજો હો તો હો,** એમાં ક્યાં ના છે? હો તો હો, છ દ્રવ્ય છે, અનંતા જીવો, અનંતા પુદગલ પરમાણુઓ, કોણના પાડે છે? હો તો હો.

મુમુક્ષુ: બધું છે. હો તો હો! હું તો એક છું.

પૂ. લાલચંદભાઈ: હો તો હો! હું તો એક છું અહીંયા (આત્મામાં). મારી નજર તો અહીંયા (અંદર) છે, મારી નજર (ત્યાં) બહાર નથી. મારી નજર તો અંદરમાં થંભી ગઇ છે, બસ! આહાહા! જ્ઞાન ફરતું નથી, આહાહા! જ્ઞેયો ફરે પણ જ્ઞાન ન ફરે. એ જ્ઞેયો એટલે શું? અંદરના જે પરિણામ છે ને? એ જ્ઞેય છે, છ દ્રવ્ય જ્ઞેય નથી.

મુમુક્ષુ: આપણે કહ્યાને પોતાના કલ્લોલો.

પૂ. લાલચંદભાઈ: હા કલ્લોલો! નિલમ સમજીને? પોતાના કલ્લોલો એ જ્ઞેય છે. હેં! એટલું પકડાયું ને? પરિણામ જે થાય છે અંદરમાં, આહાહા! એ જ્ઞેય છે-એ જ્ઞેય છે. એ જ્ઞેયો તો ફરે છે. પરિણામ આવે અને જાય, આવે અને જાય. હવે, એના સંબંધીનું જે જ્ઞાન થાય એ તો અજ્ઞાન છે. પણ આત્માને જે જાણે છે જ્ઞાન, એ ફરતું જ નથી. કેમકે આત્મા ફરતો નથી, ફરે એ જ્ઞાન ન કહેવાય. કારણ કે એતો જ્ઞેયો ફરે છે અને જ્ઞેયોની વાંહે વાંહે (પાછળ પાછળ) જ્ઞાન દોડે. આને (પરને) જાણું-આને જાણું-આને જાણું, હવે, આને જાણ્યું-આને જાણ્યું, એ જ્ઞાન જ નથી.

મુમુક્ષુ: તમારે હજી એક વખત પધારવું પડશે એક વાર અમારે

ધરે...

પૂ. લાલચંદભાઈ: હેં? એમ લાગે છે? લંડન? બોલાવી જશો, એક વખત?

મુમુક્ષુ: બીજું કાંઇ નહિ કરીએ આપણે બસ!

પૂ. લાલચંદભાઈ: આપણે બેસી જાશું સામે સામે. એમને? આપણે ત્રણ જણા.

મુમુક્ષુ: જે અમારી ભૂલ છે એ ભૂલ ભંગાવી છે.

મુમુક્ષુ: બહેન તો રજા આપશેને તમને. આપશેને બહેન રજા? બાપુજી રજા આપશેને? અમારે ત્યાં આવવા માટે.

પૂ. લાલચંદભાઈ: આહાહા! **બીજી ચીજો હો તો** ભલે **હો! પરમાર્થે તેની સાથે મારે જાણવાપણાનોય સંબંધ નથી**. જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ તોડી નાખ્યો. કર્તા-કર્મ સંબંધ તો નથી પણ હું જ્ઞાતા અને આ (પર) જ્ઞેય એવો જે વ્યવહાર, એ વ્યવહારને તોડે છે. એ વ્યવહારને તોડે ત્યારે અંદરમાં આવે, ઉપયોગ અંદરમાં જાય. હું આને (પરને) જાણું છું, એ જ્ઞેયને અને હું જ્ઞાતા (એમ નથી).

(ગુરુદેવે) સવાર બપોર અને સાંજ, આત્માની જ વાત કરી. એક જ વાત કરી, પિસ્તાળીસ-પિસ્તાળીસ વર્ષ સુધી આદિથી અંત સુધી, ફર્યા નહિ. વિરોધ થયો, હજારો લાખો માણસોનો, મેરૂ ડગે પણ જ્ઞાની ન ડગે, આહાહા! કહેતા હતા, તમારે ફરવું પડશે, આ અમારી વાત ફરવાની નથી, એમ કહેતા હતા. ચેલેંજ (challenge) હોં!

મુમુક્ષુ: વસ્તુનું સ્વરૂપ જ એવું હોય, પછી.

પૂ. લાલચંદભાઈ: પછી શું ફરે? વસ્તુ ફરે કાંઇ? વસ્તુ ફરે તો વસ્તુનું જ્ઞાન ફરે. વસ્તુ જેવી છે એવી જ્ઞાનમાં આવી ગઇ અને વાણીમાં એવું આવે, બસ!

**આહાહા! અહીં શું કહે છે?** બીજો પારો, હવે શરૂ થાય છે. **આહાહા! અહીં શું કહે છે? કે પરજ્ઞેય, (પરપદાર્થો-** એની વ્યાખ્યા

કરે છે, પરજ્ઞેયની, **દેવ-ગુરુ-શાસ્ત્ર, પંચપરમેષ્ઠી, ને વ્યવહાર રત્નત્રય આદિ જ્ઞેય)** અંદરના પરિણામ એ જ્ઞેય લીધા. ઓલા બહારના જ્ઞેય અને વ્યવહાર રત્નત્રયના પરિણામ અંદરના જ્ઞેય.

મુમુક્ષુ: ત્યાં સુધી લઇ લીધું, વ્યવહાર રત્નત્રયના (પરિણામ).

પૂ. લાલચંદભાઈ: અંદરના વ્યવહાર રત્નત્રયના પરિણામ પણ જ્ઞેયમાં જાય છે, એ જ્ઞાનમાં નથી આવતા.

મુમુક્ષુ: જ્ઞેયમાં આવે છે. બરાબર છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞેયમાં આવે છે. આત્મામાં તો નથી આવતા, પણ જ્ઞાનમાં પણ નથી આવતા. એ પરજ્ઞેયમાં આવે છે. આપણે સવારે વાત થઇને? એ આ, આવ્યું હતું. **ને વ્યવહાર રત્નત્રય આદિ જ્ઞેય) હું જ્ઞાન**, **ને હું જ્ઞાતા - એવો સંબંધ હોવાનું તો દૂર રહો,** આહાહા! **હું જ્ઞાન, હું જ્ઞાન ને હું જ્ઞાતા - એવો સંબંધ હોવાનું તો દૂર રહો, હું જ્ઞેય, હું જ્ઞાન, ને હું જ્ઞાતા - એવા ત્રણ ભેદ પણ હું નથી. એ ત્રણેય હું એક છું**. જ્ઞાતા પણ હું, જ્ઞેય પણ હું ને જ્ઞાન પણ હું. અંદરના ત્રણ ભેદ એણે અભેદ કરી નાખ્યા.

મુમુક્ષુ: ભેદને ભાંગી નાખ્યા.

પૂ. લાલચંદભાઈ: ભેદને ભાંગી નાખ્યા.

મુમુક્ષુ: અભેદમાં આવી ગયો,

પૂ. લાલચંદભાઈ: ભેદને ભાંગી નાખ્યા એટલે અભેદમાં આવી ગયો.

મુમુક્ષુ: અભેદ થઇ ગયો.

પૂ. લાલચંદભાઈ: અભેદ થઇ ગયો, બસ!

**એ ત્રણે હું એક છું**. **જુઓ આ સ્વાનુભવની દશા!** અનુભવી કહે છે કે હું જ્ઞાન, હું જ્ઞેય અને હું જ્ઞાતા, એવા જે ત્રણ ભેદ (હોય) ત્યાં સુધી અનુભવ નહિ થાય. એ ત્રણેનું એકપણું થાય એટલે અનુભવ થાય. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન છે.

આ પુસ્તક જે છે ને, અધ્યાત્મરત્નત્રય, છપાણું છે ને? એની સાથે આ એક બુક બાઇંડ કરાવી લેવું, એડ (add) કરાવવું, એડ (add). છે તો ઓમાં કળશ ટીકામાં ૨૭૧, પણ એ કળશ ટીકા ઉપરનું છે, આ સમયસારનું. એટલે એક બાઇન્ડીંગ કરાવી લેવું. લાઇફ ટાઇમ વાંચવું, એક પુસ્તક હોં! લાઇફ ટાઇમ.

મુમુક્ષુ: અત્યારે જે વાત છે ને એ તો આમ સચોટ છે.

પૂ. લાલચંદભાઈ: બેયને હા આવે-બેયને હા આવે. પહેલા અમારા ભાઇમાં હા નહોતી આવતી. હવે હા આવવા માંડી. હું ખુશી થયો. હું પ્રશંસા નથી કરતો. પ્રશંસા નથી કરતો તો પણ એક પ્રકારે રૂચિ જાગી. સ્વરૂપને સમજવાની ભાઇને રૂચિ જાગે અને આ ગુરુના વચનમાં હા આવે. સમજી ગયા? એ તો એનું કામ જ થાય, બીજું કાંઇ નહિ.

મુમુક્ષુ: રૂચિ તો જાગી જ્યારે વાત માન્ય થઇ ગઈ.

પૂ. લાલચંદભાઈ: ત્યાર થી.

મુમુક્ષુ: પણ સમય.

પૂ. લાલચંદભાઈ: એટલો નહોતો હજી ઉઘાડ. હવે પકડાય છે, બરાબર, વધારે. સારું.

મુમુક્ષુ: બેય માટે સારું છે. એક બીજાને આમ.

પૂ. લાલચંદભાઈ: હાં! બેય માટે સારું છે. તમારા માટે પણ સારું છે. એકબીજાને પરસ્પર, પરસ્પર એક આગળ અને એક પાછળ રહે તો મજા ન આવે. બે સાથે દોડેને? તો મજા આવે. પછી યોગ્યતા અનુસાર કોઇ વહેલો અરિહંત થાય અને પછી કોઇ મોડો. એનો વાંધો નથી.

મુમુક્ષુ: એ તો સૌ સૌની યોગ્યતા.

મુમુક્ષુ: એ તો જે થવાકાળ છે એ થવાનું છે.

પૂ. લાલચંદભાઈ: એ કાંઇ ફરવાનું નથી. એની સાથે આપણે સંબંધ નથી.

મુમુક્ષુ: પણ આ તો એક જ વસ્તુ જે છે એનો નિર્ણય કરવાનો છે.

પૂ. લાલચંદભાઈ: એ નિર્ણય કરવાનો છે. હું કોણ છું ને કેવો છું? બસ! એટલો નિર્ણય કરવાનો છે. એમાં કામ થશે.

**જુઓ, આ સ્વાનુભવની દશા!** જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય અભેદ થઈ ગયું, એ દશા સ્વાનુભવની. **જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય એવા ભેદોથી ભેદાતો નથી**, કટકા નથી થતા ત્રણ, સમજાવે તો. અભેદમાં ભેદ કરીને સમજાવે, તો વસ્તુ તો અભેદ જ છે. કટકા ન થાય એના. **એવો અભેદ ચિન્માત્ર હું આત્મા છું. ભેદાતો નથી એવો અભેદ ચિન્માત્ર હું આત્મા છું**. **હું જ્ઞેય છું, હું જ્ઞાન છું, હું જ્ઞાતા છું, એવા ત્રણ ભેદ ઉપજે એ તો રાગ વિકલ્પ છે.**

મુમુક્ષુ: એને વિકલ્પ કહે છે.

પૂ. લાલચંદભાઈ: હું આને (પરને) જાણું એ મિથ્યાત્વનો વિકલ્પ. અને જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયના ભેદ પાડવા એ સાધકનો વિકલ્પ. સાધક કહે વિકલ્પ છે એમાં શાંતિ નથી, એમાં અશાંતિ છે.

મુમુક્ષુ: નિર્વિકલ્પ જોઇએ છે.

પૂ. લાલચંદભાઈ: જોઇએ છે, એને એ જોઇએ છે.

મુમુક્ષુ: કારણ કે એનો જે સ્વભાવ છે એ રૂપે ટકી રહે

પૂ. લાલચંદભાઈ: હા, બસ!

મુમુક્ષુ: તો બરાબર બાકી જ્યાં સુધી વિકલ્પની ઉત્પત્તિ થઇ એ દુ:ખ છે.

પૂ. લાલચંદભાઈ: ત્યાં સુધી દુ:ખ થાય.

(આ હું જ્ઞાન), આ (હું) જ્ઞેય, આ હું જ્ઞાતા, એવા ત્રણ ભેદ દેખાતા નથી. ભેદ હોવા છતાં ભેદ દેખાતા નથી, દ્રષ્ટિ અભેદ ઉપર વઈ જાય છે. અભેદ ધ્યેય થાય છે અને અભેદ જ્ઞેય થઇ જાય છે. અભેદ ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી અને અભેદ જ્ઞેય થયું એમાં આનંદની પર્યાય જુદી દેખાતી નથી. આનંદમય આત્મા, આનંદમય અનુભવે છે બસ! મય!

**ભાઇ! તારામાં તારું હોવાપણું કેવડું છે તેની તને ખબર નથી**.

તું કોણ છો? તું કોણ છો, એ તને ખબર નથી. આહાહા! તું કોણ છો એની તને ખબર નથી, કેટલું અંધારું! **ત્રણ લોકના દ્રવ્યો-દ્રવ્ય-ગુણ-પર્યાયો ત્રિકાળવર્તી જે અનંતાનંત છે તે બધાને જાણનારી તારી જ્ઞાનની દશા એ ખરેખર તારું જ્ઞેય છે.** એટલે જ્ઞાનની પર્યાય જ્ઞેય છે, ખરેખર! પણ જે જણાય છે છ દ્રવ્યો, એ તારું જ્ઞેય નથી. બહેન! કાઢી નાખ્યું, છ દ્રવ્યો જ્ઞેય નથી. પણ છ દ્રવ્યો જેમાં જણાય એ જ્ઞાન, કે જે જ્ઞાનમાં આત્મા જણાય છે.

આ જ્ઞાનની વાત છે, અજ્ઞાનની વાત (નથી), અજ્ઞાનમાં આત્મા પણ ન જણાય અને અજ્ઞાનમાં છ દ્રવ્ય પણ ન જણાય. જ્ઞાનમાં આત્મા જણાય, એટલે છ દ્રવ્ય જણાય-એમ કહેવાય. પણ જે જ્ઞાનમાં આત્મા ન જણાય એમાં જ્ઞાન નથી, તો જ્ઞાન નથી તો છ દ્રવ્ય ન જણાય. અજ્ઞાનમાં ન જણાય, જ્ઞાનમાં જણાય. જણાય છતાં એને જાણતો નથી, આહાહા! એના ઉપર લક્ષ નથીને? જણાય છે બધા પણ લક્ષ નથી એના ઉપર, આહાહા!

મુમુક્ષુ: એને એટલું જ જોઇએ છે, પોતે ને પોતાની જ્ઞાનની પર્યાય.

પૂ. લાલચંદભાઈ: બસ! એટલું જ છે. બીજું બહારમાં કાંઇ છે નહિ. બહારમાં ક્યાંય જાવા જેવું નથી, બસ! અંદરમાં આવી જાયને? તો એને જલદી કામ થઇ જાય. ખરેખર તારું જ્ઞેય તો તારી જ્ઞાનની પર્યાય છે. જે પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે એ જ્ઞેય નથી તારા. **તે દશા એકલી નહિ, પણ તારા દ્રવ્ય-ગુણ-પર્યાય એ બધું જ્ઞેય છે**. હવે જો ખુલાસો કર્યો કે જ્ઞાનની પર્યાય જ જ્ઞેય (છે) તને કહ્યું પણ એકલી જ્ઞાનની પર્યાય જ્ઞેય નથી. તારો આત્મા, દ્રવ્ય, ગુણ અને પર્યાય - ત્રણે અભેદ થઇને જ્ઞેય છે. આ તો તને સમજાવવા માટે કહ્યું કે તારી જ્ઞાનની પર્યાય જ્ઞેય છે, છ દ્રવ્ય જ્ઞેય નથી. ઓનો (છ દ્રવ્યનો) નિષેધ કરવા (માટે) જ્ઞાનની પર્યાયને જ્ઞેય કહ્યું, પણ જ્ઞાનની પર્યાય જ જ્ઞેય ન હોય, પણ અભેદ આખો આત્મા. દ્રવ્ય-ગુણથી-પર્યાયે પરિણમેલો આખો આત્મા - એ જ્ઞેય છે. આખો

આત્મા, એ જ્ઞેય છે. **તે બધું જ્ઞેય છે, આહાહા! તે સમસ્તનું (-પોતાનું) જ્ઞાન તે જ્ઞાન, તે સમસ્ત (-પોતે) જ્ઞેય અને પોતે જ્ઞાતા-એ ત્રણેય વસ્તુ એકની એક છે.** વસ્તુ આત્મા જ છે એતો. જ્ઞાન પણ આત્મા, જ્ઞેય પણ આત્મા અને જ્ઞાતા પણ આત્મા. આત્માથી જુદા ધર્મો નથી આ, એક જ છે. **ત્રણ ભેદ નથી.** ત્રણ ભેદ નથી. **આવી ઝીણી વાત**! **જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર પોતે એક છે**. ચાલો હવે પાંચમું પાનું કાલે. જરાક થાક લાગે છે.

મુમુક્ષુ: બહુ સરસ. મજાની વાત આવે છે.

પૂ. લાલચંદભાઈ: બહુ સારી વાત આવે છે.

મુમુક્ષુ: અને સમજાય છે.

પૂ. લાલચંદભાઈ: અને સમજાતી જાય છે, એ દેખાય છે. અમને પણ એમ દેખાય છે કે તમને સમજાય છે એટલું સારું છે. નહીંતર આ સમજવું બહુ કઠણ છે. આ જે વિષય છે ને? એ વિદ્વાનોને નથી બેસતું, ગળે ઉતરતું નથી!

ૐ

## प्रवचन २ (LA३९५): श्री समयसार कलश २७१
## प्रवचन रत्नाकर भाग ११, पृष्ठ ५७१-५७७
## राजकोट, सितंबर-अक्टूबर १९९०

दूसरों का तो नहीं, एक। शास्त्र में भी आता है, मैं कहता हूँ उससे अलग बात। अभी जो कहना चाहता हूँ उससे अलग बात शास्त्र में से आती है, शास्त्र में, तो तुम उसे व्यवहारनय गिनकर असत्यार्थ जानोगे, तो तुम्हारा काम होगा। मैं आपको एक ऐसी बात करना चाहता हूँ। यह दूसरा पाठ चलता है, इसलिए पहले पाठ की बात जरा कर लेते हैं।

आत्मा ज्ञायक है, ज्ञानमय है, केवल जाननेवाला-जाननेवाला-जाननेवाला-जाननेवाला, केवल जाननेवाला है, वह करनेवाला नहीं है। कोई कहे आत्मा राग को करता है तो मानना नहीं। कोई ऐसा कहे कि सम्यग्दर्शन-ज्ञान-चारित्र के परिणाम को करता है तो भी मानना नहीं। कोई ऐसा कहे कि मोक्ष को करता है आत्मा तो मानना मत। जाननहार है।

इतना जरूर है कि राग होता है तब तक राग होता है। वीतरागभाव होता है तो वीतरागभाव होता है। मोक्ष होता है तो मोक्ष होता है। परिणाम होने योग्य होते हैं, उनका निषेध नहीं है। परिणाम तो अपने स्वकाल में अपने स्व अवसर पर जब उनका काल हो, तब परिणाम तो हुआ ही करेंगे। परिणाम का निषेध नहीं है परंतु परिणाम को मैं करता हूँ, वह निकाल देना। स्वतंत्ररूप से स्वयं हुआ ही करते हैं परिणाम। परिणाम को कोई करता भी नहीं है और परिणाम को कोई रोकता भी नहीं है और परिणाम को कोई टालता भी नहीं है। परिणाम तो होते रहेंगे, अनादि अनंत होते रहेंगे।

अज्ञान दशा में मिथ्यात्व होगा, भले होवे। सम्यग्दर्शन हुआ, सम्यग्दर्शन हो, भले हो। शुक्लध्यान की श्रेणी आयी, भले आयी। अरिहंत

दशा प्रगट हो गई, भले हुई। सिद्ध अवस्था मुझे प्रगट हो गई, भले हुई। समझ में आया?

परिणाम तो होते ही रहेंगे। परिणाम को रोकने का हमें अधिकार भी नहीं है। यदि हमें करने का अधिकार नहीं है तो टालने का अधिकार या रोकने का क्या अधिकार है? इसलिए मैं तो जाननेवाला हूँ, करनेवाला नहीं। समझ गये? वह पहला जो पाठ है, वह पहला पाठ यदि तुम्हारा पक्का होगा, तो यह दवा तुम्हें लागू पड़ेगी। यदि कर्तापने का शल्य अंदर में पड़ा होगा तो, यह नहीं, बैठेगी ही नहीं यह बात। ज्ञाता के पक्ष में आओगे तो तुम्हें बैठेगी। कर्ता के पक्ष में हो तो यह बात बैठनेवाली नहीं है, समझ गये?

यह अमृत है। यह जो है न यह, गुरुदेव का व्याख्यान अमृत है। जामन है। दूध कढ़ गया हो और जामन डालो तो दही जमती है और मक्खन होकर घी निकलता है। लेकिन पानी को चाहे जितना उबालो और फिर उसमें जामन डालो तो दही होती है? समझ गये? उसको बिलोने पर मक्खन नहीं निकलेगा।

ज्ञाता के पक्ष में आने के बाद ज्ञाता ही हूँ, केवल। केवल जाननहार हूँ, कथंचित् कर्ता और कथंचित् ज्ञाता ऐसा मेरा स्वरूप नहीं है। केवल जाननहार हूँ, बस! परिणाम होते हैं उनका निषेध नहीं है, लेकिन मैं करता हूँ उसका निषेध है। नवतत्व होते हैं, भगवान ने कहे हैं, मुझे पता है। नवतत्व अपने स्वकाल में होते हैं और होंगे, कितने ही हो गये हैं और कितने ही भविष्य में होंगे। समझ में आया इसमें कुछ? समझ में आ गया न? कितने ही हो रहे हैं और कितने ही होंगे भविष्य में।

मुमुक्षु: वह मोक्ष की पर्याय भी...

पू. लालचंदभाई : होगी, वह मोक्ष की पर्याय होगी, वह मुझे पता है। वह मुझे पता है। लेकिन वह मोक्ष की पर्याय होगी तब मैं करूँगा (ऐसा नहीं है।)

मुमुक्षु: ऐसा नहीं है।

पू. लालचंदभाई : ऐसा नहीं है। आयेगी ही नहीं (कि मैं करता हूँ)। आज से निर्णय कर लो, समझ गये?

मुमुक्षु: इस जीव के भाव में जो गूँथ गया है कि मैं सम्यग्दर्शन करूँ, (मुझे) करना है...

पू. लालचंदभाई : वह गलत है।

मुमुक्षु: बड़ी भूल है।

पू. लालचंदभाई : बड़ी भूल है। साधारण भूल नहीं है। जो सम्यग्दर्शन को करने की भावना भाता है वह मिथ्यात्व को करने की भावना में पड़ा है। वह तो विकल्प को करता है। सम्यग्दर्शन कहाँ हुआ? सम्यग्दर्शन मुझे करना है- ऐसा विकल्प आया न, हें? वह तो विकल्प का कर्ता हो गया। मोक्ष को मुझे.... करना मेरे स्वभाव में है ही नहीं। पहला पाठ मैंने यहाँ कहा तुम्हें कि देव आकर कहें तो भी मानना मत। समझ गये?

मुमुक्षु: करना तो किसी भी प्रकार से (नहीं)। चाहे जो भी हो।

पू. लालचंदभाई : बस! मैं तो ज्ञाता, जाननहार हूँ और परिणाम हुआ करते हैं। परिणाम होने योग्य होते हैं उसका मैं निषेध नहीं करता। किन्तु मेरे से होते हैं और मैं उनका स्वामी हूँ और मैं उन्हें करता हूँ, (ऐसा) स्वरूप में नहीं है, (ऐसा) अनुभव में दिखता नहीं है। अनुभवी जीवों को ऐसा अनुभव में दिखता नहीं है। अज्ञानी जीव को दिखता है, तो देखो। वह तो मरनेवाला है कर्ताबुद्धि से, दूसरा क्या? आहाहा! इसलिए पहला पाठ।

मैं जयपुर गया न इस बार, लगभग दो हजार लोग थे शिविर में। तब कहा कि सर्वज्ञ भगवान के आगम में छह महीने का कोर्स (course) कहा है। अधिक से अधिक छह महीने में जीव सम्यक् प्राप्त कर ले। यदि रुचिपूर्वक पुरुषार्थ उठाये तो छह महीने में प्राप्त करे, ऐसा आगम का वचन है। अब उन छह महीने के मैं दो भाग करता हूँ। तीन महीने और

दूसरे तीन महीने। पहले तीन महीने का कोर्स ऐसा है कि मैं ज्ञाता हूँ, जाननहार हूँ, करनेवाला नहीं हूँ। वह तीन महीने का कोर्स पक्का कर लो। और वह तीन महीनों का कोर्स पक्का हो जाए और उसमें यदि पास हो गये तो फिर दूसरे तीन महीनों में आओ, आहाहा! कि मुझे क्या जानने में आता है? कि परिणाम जानने में नहीं आते। होने योग्य परिणाम होते हैं ऐसा कहा, जाना मैंने, लेकिन करता नहीं हूँ ऐसा तो जाना। किन्तु अब मैं जानता भी नहीं हूँ, वह दूसरा पाठ है, तीन महीने का यह।

मुमुक्षुः पहले कर्ता छोड़ा, फिर जानना भी छोड़ा। सीधा अभेद, अभेद की दृष्टि में आ गया।

पू. लालचंदभाई : अभेद की दृष्टि में। ख्याल आ गया। नीलम बहन कहती थी, तुम्हारे जाने के बाद कि बहन अभ्यासी लगती हैं। उनको तो परिचय नहीं है न? उनका तो पहला परिचय है, मुझे तो परिचय है। इसलिए मैंने कहा तेरी बात सत्य है।

मुमुक्षुः सारा आपश्री का प्रताप है।

पू. लालचंदभाई : हें?

मुमुक्षुः पहले कुछ, आप आये उससे पहले कुछ भी नहीं जानती थी।

पू. लालचंदभाई : हाँ, जानती नहीं थी।

मुमुक्षुः कुछ भी सामान्य क्या, विशेष क्या, कुछ पता ही नहीं था।

पू. लालचंदभाई : कुछ पता नहीं था। आहाहा! वह तो जाना तो तुमने स्वयं से ही। मैं तो निमित्त मात्र, ऐसा।

मुमुक्षुः फिर भी वह आपकी कृपा।

पू. लालचंदभाई : ठीक है, हाँ, वह तो मन में रहता ही है न? इतना तो रहे ही न?

मुमुक्षुः गुरुदेव को तो प्रत्यक्ष देखा नहीं है। आपश्री ही हमारे तो गुरु हो।

पू. लालचंदभाई : यह मूल बात, नींव की बात है। वरना लोग पत्ते तोड़ने में चढ़ गये हैं। जड़ें जीवित रखे, (और सिर्फ) पत्ते तोड़े तो फिर से वृक्ष हरा हो जायेगा। पत्ते तोड़-तोड़कर फेंक देवे..।

मुमुक्षु: मूल में ही भूल हो...

पू. लालचंदभाई : मूल में ही भूल हो तो कहाँ से निकले।

मुमुक्षु: पुनः पल्लवित हो जाता है।

पू. लालचंदभाई : पुनः पल्लवित हो जाता है वृक्ष। इसलिए एक मुख्य चीज पहली, तीन महीने का कोर्स है कि मैं तो जाननहार हूँ। आहाहा! परंतु किसके जैसा जाननहार? जैसे सिद्ध भगवान जाननहार, उनके जैसा जाननहार हों! उनमें और मेरे में कुछ अंतर नहीं है। उनका जो जाननहार स्वभाव ऐसा ही मेरा स्वभाव जाननहार है। वे यदि कुछ नहीं करते तो मैं भी करनेवाला नहीं हूँ, आहाहा! इसप्रकार पहले अकर्ता का पाठ-अभोक्ता का पाठ, वह तुमने जो पुस्तक छपवाई है न? तुम्हारे ससुराल के निमित्त से, उसमें ही है यह बात। तुम्हारे पिताजी और माताजी का फोटो है न? भिजवाया है मुझे। मिल गई पुस्तक? उसमें ही है यह। समझ गये?

अर्थात् यह वस्तु का मूल स्वभाव है। आत्मा जानवाला है, करनेवाला नहीं है, बस! वह पहला पाठ पक्का हो गया? शास्त्र में आयेगा कि आत्मा अशुद्धनिश्चयनय से राग को करता है। एक देश शुद्धनिश्चय से संवर, निर्जरा और मोक्ष को करता है। वह सब आयेगा, परंतु वे व्यवहारनय के कथन हैं, उनको गौण करना, गौण करके अभूतार्थ कर देना। कथन आयेंगे सभी, कथन तो आते हैं उसमें क्या? आते हैं, कथन तो आते हैं। क्योंकि परिणमता है न, वह आत्मा? तो परिणमता है, इसलिए उपचार से कर्ता कहा जाता है। उपचार से कर्ता कहा है, व्यवहार से। वास्तव में कर्ता नहीं है, जाननहार है। जो जानता है वह करता नहीं है और करता है वह जानता नहीं है। यह मुख्य बात है।

फिर यह दूसरा पाठ लागू पड़ेगा, दवा (औषधि)। यदि तुम शल्य रखोगे कि परिणाम को मैं करता हूँ, सम्यग्दर्शन मुझे कर देना है..। तुम जाननेवाले हो या करनेवाले हो? तुम तो मार्ग भूल गए हो। तुम्हें धर्म करना है? या धर्मी मैं हूँ, धर्मी को जाननेवाला हूँ, ऐसा लो न? धर्मी अर्थात् अनंत गुणों का पिंड, धर्मी। और उसका जाननेवाला हूँ, करनेवाला नहीं, ऐसा।

मुमुक्षु: फिर आनंद तो सहज ही आ जाता है।

पू. लालचंदभाई : सहज आयेगा। आया ही समझो। यदि तुम प्राप्त करने जाओगे तो नहीं आयेगा।

मुमुक्षु: नहीं आयेगा। तो-तो वह कर्ताबुद्धि हो गई। करता हूँ। चाहिए आनंद।

पू. लालचंदभाई : मुझे चाहिए आनंद। ये कहते हैं, लंदन में रहकर ऐसा अभ्यास! मैंने कहा आत्मा हैं न? लंदन में कहाँ रहते हैं? आत्मा में रहते हैं। और गुरुदेव का सभी साहित्य, टेप, ग्यारह भाग, सभी का अध्ययन करते हैं। मैंने कहा सातवे भाग तक उन लोगों ने पढ़ा है। और घर में भी अध्ययन करते हैं। अभ्यास तो करते हैं, और अब अभ्यास बढ़ जायेगा। बहुत निवृत्त होकर, यह अच्छी बात है, बहुत फर्क पड़ेगा, अच्छा है। बहुत जीव प्राप्त करेंगे गुरुदेव के निमित्त से। ऐसा बाहर आया है तत्व, तत्व बाहर आया है। नहीं था, अंधेरा था एकदम। एकदम अंधेरा। शास्त्रों में था, दिगंबर शास्त्रों में, लेकिन दिगंबर कोई जानते नहीं थे।

मुमुक्षु: यह बात ही कहाँ थी?

पू. लालचंदभाई : बाहर ही नहीं आयी। शास्त्रों में पड़ी थी, कोई जानता नहीं था, दृष्टि नहीं गई किसी की, अनुभव नहीं हुआ किसी को। अनुभवी के सिवाय कोई नहीं कह सकता। जिसने आत्मा जाना वह आत्मा का स्वरूप कह सकता है। आत्मा जाना नहीं वह आत्मा का स्वरूप क्या कह सके? वह तो कर्ता-कर्ता-कर्ता ही माना करता है। ऐसे करो, ऐसे करो, ऐसे करो, इतना करो, क्रिया करो। चलो! इतनी बात मन

में आयी सुबह से, तुम्हें कह दूँ। वह कह दिया है। क्योंकि दो पाठ हैं न?

मुमुक्षु: हाँ! दो ही हैं। आप पहले से मिले तब से ही कहा था कि दो ही पाठ हैं।

मुमुक्षु: पहले ही शुरूआत की थी पहले पाठ की आपने।

मुमुक्षु: लेकिन इस प्रकार तीन-तीन महीने की अवधि?

पू. लालचंदभाई : ज्यादा में ज्यादा, तीन महीने की अवधि ज्यादा में ज्यादा हों! हो जाये तो आधे घंटे में (हो जाये)। यह तो आचार्य भगवान ने उदारता रखी कि अधिक से अधिक छह महीने में तुझे सम्यग्दर्शन होगा, समझ गये? वरना कोई तो अंतर्मुहूर्त में प्राप्त कर ले। उसमें क्या है? यह घर की बात है न? अपने दर्शन करने हैं, दूसरा तो कुछ नहीं करना। अपने दर्शन करने हैं, (वह) भूल गया है। ऐसे-ऐसे (पर के सामने) दर्शन करने जाता है। इसलिए अपने दर्शन करने हैं, दूसरा कुछ नहीं है।

मुमुक्षु: अंधा है, इसलिए देखता नहीं है।

पू. लालचंदभाई : है। जानने में आता है, दिखता है, आहाहा! दिख रहा है।

मुमुक्षु: हाजराहजूर है।

पू. लालचंदभाई : हाजराहजूर। हमारे देश में हाजराहजूर कहते हैं समझ गये? प्रत्यक्ष दिखता है, है। (जागता हुआ) जीव खड़ा है। बेनश्री कहती हैं न? (जागता) जीव खड़ा है। अर्थात् है, है। है और जानने में न आये? है तो जानने में आये न? जानने में क्यों न आए? दूसरा पैराग्राफ है न? चौथा पेज। दूसरा पैराग्राफ।

मुमुक्षु: नहीं, पहला ही चलता है।

पू. लालचंदभाई : पहला शुरू करूँ? ठीक।

मुमुक्षु: पहला आधा हुआ है।

पू. लालचंदभाई : ठीक। फिर से, चौथा पेज पहला पैराग्राफ।

**'ज्ञेय के आकाररूप होता हुआ ज्ञान की कल्लोलरूप से**

**परिणमित-'** इतना पाठ मूल में है। परपदार्थ ज्ञेय है, उसके आकाररूप अर्थात् उसका स्वरूप इसमें प्रतिभासित होता है और उसरूप ज्ञान का परिणमन स्वतंत्रपने यहाँ होता है। उसे ज्ञान की कल्लोलें अर्थात् ज्ञान की पर्याय कहने में आता है। अब, वह जो कहा कि ज्ञेय ज्ञान में जानने में आते हैं, ऐसी जो ज्ञान की पर्याय होती है, ऐसा जो शास्त्र में यह पाठ है, शास्त्र का, शास्त्र का वाक्य है। ऐसा जो कहा है, वह व्यवहारनय से कहा है। उसे जाननेरूप परिणमता है - ज्ञान, ऐसा जो कहा है, है शास्त्र का वचन यह। अब गुरुदेव उसका अर्थ करते हैं कि वह व्यवहार का कथन है।

ज्ञेय को जाननेरूप ज्ञान परिणमता है, ज्ञेय के संबंधवाला ज्ञान, वह व्यवहार से कहा हों! यदि तुम निश्चय मान लो तो भूल हो गई, बड़ी भूल हो गई। तो तुम वहाँ (पर में) ही चिपक जाओगे, उसे (पर को) जानने में रुक जाओगे। (पर को) करने में से निकले, तो रुके (पर को) जानने में। जानना तो चाहिए न? केवली भगवान लोकालोक को जानते हैं और जाननेवाला हूँ न मैं?

मुमुक्षु: जानने का स्वभाव है न मेरा।

पू. लालचंदभाई : जानने का स्वभाव है, तो जानूँ तो सही न? यह दुकान मेरी या अलका मेरी, ऐसा नहीं लेकिन अलका है ऐसा तो जानूँ न? इतना तो जानना चाहिये न?

मुमुक्षु: जानने का स्वभाव कहा, मर गया।

पू. लालचंदभाई : स्वभाव कहा, मर गया। आत्मा है न? आहाहा! शास्त्र में पाठ तो बहुत आते हैं। लेख तो अनेक आते हैं। उसका स्पष्टीकरण गुरुदेव करते हैं, देखो! इस शास्त्र में ऐसा आया है, कि ज्ञेय ज्ञान में ज्ञात हों ऐसी ज्ञान की पर्यायरूप आत्मा परिणमता है। कल्लोल अर्थात् अपनी पर्याय। जिसमें ज्ञेय निमित्त है, ज्ञेय निमित्त और ज्ञान की पर्याय नैमित्तिक। वह ज्ञेय और यह ज्ञान, उस संबंधित। उससे संबंधित ज्ञान, आत्मा संबंधित नहीं।

मुमुक्षु: ज्ञेय संबंधित।

पू. लालचंदभाई : ज्ञेय से संबंधित ज्ञान। कहते हैं कि वह वाक्य व्यवहार का है, तू उसे सत्य मत मानना। हाँ! ज्ञान आत्मा को जानता है वह बात सत्य मानना। लेकिन इसे (पर को) जानता है वह व्यवहार है। व्यवहार कहा हों! ध्यान रखना! यह व्यवहारनय का कथन है हों! व्यवहारनय का कथन अर्थात् झूठा, ऐसा है नहीं।

मुमुक्षु: जो नहीं है उसकी प्रसिद्धि करता है।

पू. लालचंदभाई : नहीं है उसकी प्रसिद्धि करता है, बस, उसका नाम व्यवहार।

मुमुक्षु: नहीं है अर्थात् अपने स्वभाव में नहीं है?

पू. लालचंदभाई : अपने स्वभाव मेंन हीं है, उसे जानना।

मुमुक्षु: उसके स्थान पर वह भले रहा।

पू. लालचंदभाई : वह भले रहा, परंतु उसे जानने का मेरा स्वभाव नहीं है। क्योंकि उसे जानने से (आत्मा के) साध्य की सिद्धि नहीं होती। आत्मदर्शन अटक जाता है, आत्मदर्शन अटकता है मुझे। बाधा पहुँचती है मुझे, घात होता है मेरे आत्मा का उसे (पर को) जानने में रुकूं तो। वह रुका है अनंतकाल से पर को जानने में, आत्मा को नहीं जाना। वह भूल हो गई। इस भूल को निकालने के लिए यह पाठ है।

**यह व्यवहार से कहा है हों। वस्तुतः तो छह द्रव्यरूप ज्ञेयों का जैसा स्वरूप है, उनको जानने के विशेषरूप से परिणमना ज्ञान की स्वयं की दशा है।** उसके (पर के) कारण से नहीं परंतु अपनी दशा ही ऐसी है कि उसमें जानने में आ जाता है। अपने को जानने पर उसमें वह (पर) जानने में आ जाता है ऐसी स्वच्छता है परंतु उसे जानता है ऐसा रहने देना। वह भले जानने में आये, वह भले जानने में आये, वह भले प्रतिभासित हो। हें! वह भले झलक जाये, कोई आपत्ति नहीं। तो उसका (पर का) लक्ष मत करना। तेरी स्वच्छता है दर्पण की तरह और वह

झलकेगा, भले ही झलके, कोई बात नहीं, तेरा ज्ञान मैला नहीं होगा। किन्तु वह झलकता है उसमें लक्ष करेगा तू कि, आहाहा! इसे (पर को) मैं जानता हूँ तो गया दुनियाँ में से।

**वस्तुतः तो छह द्रव्यरूप ज्ञेयों का जैसा स्वरूप है, उनको जानने के विशेषरूप से परिणमना ज्ञान की स्वयं की दशा है, और वह ज्ञान की स्वयं की सामर्थ्य से है।** वह (पर) जो जानने में आता है वह अपनी स्वच्छत्व शक्ति है, सामर्थ्य है इसलिए जानने में आता है। जैसे दर्पण में ज्ञात होता है, अग्नि ज्ञात होती है उस प्रकार, मोर ज्ञात होता है उस प्रकार, आहाहा!

**'ज्ञेय के आकाररूप होता हुआ ज्ञान'** देखो। इनवर्टेड कोमा (in-to-comma) किये हैं। **'ज्ञेय के आकाररूप होता हुआ ज्ञान-'** कोमा किये हैं न दो। चिन्ह के ऊपर वाक्य! **यह तो कथनमात्र है;** संध्याबेन! कहनेमात्र है। मैं इसे (पर को) जानता हूँ, यह मेरे ज्ञान में ज्ञात होता है, मैं इसे जानता हूँ और यह मेरे ज्ञान में ज्ञात होता है, जानता हूँ और ज्ञात होता है, वह कहनेमात्र है। आहाहा! कथनमात्र है। एक वाक्य तो बहुत है। एक वाक्य तो बहुत हो जाता है। ज्ञेय से व्यावृत्त हो जाये, वापस मुड़ जाये और जाननहार को जानने लगे, आहाहा! कथनमात्र है! ये कोई महापुरुष पके हैं! हमारे लिए ही जैसे उन्होंने यहाँ जन्म लिया हो ऐसा लगता है। अपना काल पक गया था न? अपना काल पका तो वैसा निमित्त तो होवे ही न। और समर्थ निमित्त, तीर्थंकर का द्रव्य मिला हमें, ऐसा! साधारण सम्यग्दृष्टि या पाँचवे गुणस्थानवाले या मुनिराज भी मिलते हैं। लेकिन ये तो समर्थ पुरुष पके, समझ गये? जबरदस्त! आहाहा!

**कथनमात्र है। 'ज्ञेय के आकाररूप होता हुआ ज्ञान'**, बहन! **'ज्ञेय के आकाररूप होता हुआ ज्ञान' - वह तो कथनमात्र है।** 'ज्ञेय मेरे' ऐसा तो है नहीं, लेकिन ज्ञेयों के आकाररूप होता हुआ मेरा ज्ञान, यह ज्ञान, कहने मात्र, कथनमात्र है, आहाहा!

मुमुक्षु: ज्ञेयों को जाननेवाला ज्ञान।

पू. लालचंदभाई : हाँ, ज्ञेय जिसमें जानने में आते हैं, ऐसा जो ज्ञान, कहनेमात्र है। वे जानने में आते हैं और मैं जानता हूँ।

मुमुक्षु: ऐसा नहीं है।

पू. लालचंदभाई : मेरा उनके साथ ऐसा व्यवहार नहीं है। मेरा व्यवहार पर के साथ नहीं होता, एक जाति में व्यवहार होता है, पुत्र-पुत्री के विवाह में। आजकल अलग बात है। यह तो बात करता हूँ पहले के समय में तो एक जाति में थे न, विवाह के संबंध। ऐसे ही यह जाति दूसरी है, छह द्रव्य, मेरी जाति कहाँ है? मेरा व्यवहार मेरे पास है। मैं ज्ञान और मेरा आत्मा ज्ञायक। जाननहार को जानूँ वह व्यवहार है, एक जाति में। विजाति में-विजाति में व्यवहार भी नहीं है। निश्चय तो नहीं, व्यवहार भी नहीं है। राग को जानना मेरा धरम नहीं है। करना तो धरम नहीं है।

मुमुक्षु: लेकिन जानना भी नहीं।

पू. लालचंदभाई : क्योंकि जाति अलग है उसकी।

मुमुक्षु: ज्ञान और ज्ञेय की जाति अलग नहीं होती।

पू. लालचंदभाई : नहीं होती। और ऐसा व्यवहार नहीं होता आत्मा में।

मुमुक्षु: भिन्न जाति के साथ ज्ञान-ज्ञेय का व्यवहार नहीं होता।

पू. लालचंदभाई : नहीं होता, ऐसा कहते हैं। ज्ञान-ज्ञेय का भेद इतना अंदर रख तो व्यवहार होता है, अभेद कर तो निश्चय है। तुझे व्यवहार और निश्चय चाहिये हो तो अंदर है, अंदर है। मैं ज्ञान और मैं ज्ञेय, ये व्यवहार हो गया। और अनुभव में मैं ही ज्ञान और मैं ही ज्ञेय, एकाकार हो गया, वह निश्चय। तेरा ज्ञेय तो यहाँ (अंदर में) है, यहाँ देख न! वहाँ (बाहर में) कहाँ तेरा ज्ञेय है?

मुमुक्षु: इतने में ही क्रीड़ा करो कि ज्ञान और ज्ञेय अभेद, और व्यवहार यह ही ज्ञान और ज्ञेय।

पू. लालचंदभाई : यह भेद करो तो व्यवहार, अभेद करो तो निश्चय। अभेद करो तो अनुभव, बस! निश्चय-व्यवहार सब अंदर है, आहाहा! बाहर में कुछ नहीं है।

मुमुक्षु: इस जीव को तो भी अनादि से बाहर का ही (लक्ष) है।

पू. लालचंदभाई : हाँ! बाहर का करना और बाहर का जानना-देखना। बस! वह रह गया।

मुमुक्षु: और यहाँ आया तो भी पर के जानने में रहा।

पू. लालचंदभाई : यहाँ आया गुरुदेव के पास, तो जानना तो स्वभाव है न? जानना तो है न? अपने मुमुक्षु बहुत से अभी मेरे सामने दलीलें करते हैं, आती हैं, मेरे सामने तो आयेंगी ही न वे तो? भले आयें, कोई बात नहीं। लेकिन मैं कहता हूँ कि तुम गुरुदेव को मानो न? मैं कहाँ कहता हूँ? यह तो अभी टेप है न? फिर टेप हैं, तुम गुरुदेव के ही शब्द (सुनो), ये गुरुदेव ही बोलते हैं ऐसा तुम्हें विश्वास होगा।

मुमुक्षु: तर्क से ऐसे अनुमान करे तो भी बैठे कि- नहीं ऐसा ही है।

पू. लालचंदभाई : ऐसा ही है। अनुमान करे तो भी बैठ जाये। बैठे, लायक जीव को बैठने लगती है। हकार आता है अंदर में से। गुरुदेव कहते थे एकबार हाँ तो कर, तो हालत हो जायेगी। हालत हो जायेगी बहन! आहाहा!

मुमुक्षु: और ऐसा ही है न? हाँ करे तो उसका काम हो जायेगा।

पू. लालचंदभाई : काम हो जायेगा। ना करे तो वह तो रह जायेगा।

**'ज्ञेय के आकाररूप होता हुआ ज्ञान' - वह तो कथनमात्र है।** आत्मा ज्ञान और ज्ञेय को जानता है, वह तो कहनेमात्र है। कथनमात्र है, आहाहा! कैसे शब्द हैं! आहाहा! **वस्तुतः ज्ञान तो ज्ञानाकार ही है, ज्ञेयाकार है ही नहीं,** आहाहा! (ज्ञान) ज्ञानाकार ही है, ज्ञेयाकार है ही नहीं। ज्ञेयों को नहीं जानता, अपने आत्मा को जानता है। ज्ञान, ज्ञान को जानता है, ज्ञान ज्ञायक को जानता है। ज्ञानाकार है किन्तु ज्ञेयाकार नहीं

है। आहाहा! टंकोत्कीर्ण, कोहिनूर के हीरे हैं। कोहिनूर के हीरे, आहाहा! जौहरी हो न? उसका ध्यान जाता है। ओहोहो! मैं इसका (पर का) जाननेवाला नहीं हूँ, जाननहार जानने में आता है, मुझे तो जाननहार जानने में आता है। आजा न अंदर। जाननहार जानने में आता है। थोड़ी देर के लिए तो आ! मजा आयेगा तुझे।

मुमुक्षु: फिर निकलने का मन ही नहीं होगा।

पू. लालचंदभाई : ऐसा ही है हों! फिर निकले कौन उसमें से?

मुमुक्षु: एकबार स्वाद चख ले फिर..

पू. लालचंदभाई : फिर छोड़े कौन उसे?

**ज्ञानाकार ही है, ज्ञेयाकार है ही नहीं।** अस्ति-नास्ति अनेकांत किया। ज्ञानाकार है और ज्ञेयाकार नहीं है, ऐसा। **समझ में आया? आहाहा! यहाँ कहते हैं कि यह ज्ञान की पर्याय और मेरे द्रव्य-गुण (द्रव्य-गुण-पर्याय) तीनों मिलाकर मैं ज्ञेय हूँ।** ज्ञेय यहाँ (अंदर में) है, ज्ञेय वहाँ (बाहर में) कहाँ है? तेरा ज्ञेय तो यहाँ है, आहाहा! द्रव्य, गुण और पर्याय वह तेरा ज्ञेय है, उसको जान न! आहाहा! **ज्ञेय हूँ। ज्ञान मैं, ज्ञाता मैं और ज्ञेय यह लोकालोक -ऐसा किसने कहा?** ज्ञान मैं, ज्ञाता मैं - दोनों यहाँ रखे। ज्ञाता और ज्ञान दो को (यहाँ) रखा और ज्ञेय कहाँ स्थापित किया? (बाहर में)।

मुमुक्षु: बाहर में ज्ञेय स्थाप दिया।

पू. लालचंदभाई : वह भूल हो गई। अनादि की यह भूल है। यह भूल है, यह इकाई है, यह भूल जाये तो काम हो जाये, बस! यह दूसरा पाठ ही है। पाठ दो ही हैं। लंदन में भी दो पाठ की बात की थी।

मुमुक्षु: वैसे बहुत सरल है। यह सब व्यर्थ पढ़ना और इतना सब किया, उसका।

पू. लालचंदभाई : शास्त्र पढ़ना बंद हो जाये। अटक न रहे, छूट जाये वह सब। यहाँ आ जाये। यह पढ़ते ही हर्ष आ जाता है, पढ़ते ही।

मुमुक्षु: विचार करने पर भी ऐसे अंदर से उमंग आती है।

पू. लालचंदभाई : हाँ, उमंग आ जाती है। अपनी बात है न? अपनी बात है और अपनी भूल दिखाई दी ना अपने को? वह भूल को जाने तो भूल को निकाल दे कि यह मेरी भूल हुई।

मुमुक्षु: पर की आकुलता तो कहीं भाग....

पू. लालचंदभाई : (हाँ)।

अब देखो अच्छी बात करते हैं। **ज्ञान मैं और ज्ञाता मैं**, वे दो रखे यहाँ। **और ज्ञेय यह लोकालोक- ऐसा किसने कहा?** किसने कही यह बात? यह तो है ही नहीं कहीं बात। गुरुदेव कहते हैं किसने कही यह बात? ऐसा तो वस्तु स्वरूप नहीं है। मैं ज्ञान और मैं ज्ञाता और ये लोकालोक मेरे ज्ञेय- ऐसा किसने कहा? ऐसा है नहीं।

मुमुक्षु: किसके आधार पर ऐसी घोषणा की गुरुदेव ने?

पू. लालचंदभाई : कैसी घोषणा लेकिन! टंकोत्कीर्ण, ढिंढोरा पीटकर! ढिंढोरा पीटकर की है बात!

मुमुक्षु: किसके आधार से? विचार करें, जो यह बात कोई जानता नहीं था, मान्य न रखें ऐसी बात उन्होंने जाहिर की है।

पू. लालचंदभाई : कोई मान्य न रखे, हों! आज भी नहीं रखते हैं, लेकिन लायक हो, वह रखे।

मुमुक्षु: तब तो कोई मान्य न रखे! ऐसी बात करने की हिम्मत होना वह भी गजब है।

पू. लालचंदभाई : हिम्मत हों! अनुभवी की हिम्मत होती है। अनुभव था न उनको? इसलिए हिम्मत हो गई। माने या न माने कोई।

मुमुक्षु: वस्तु तो यह ही है। मानो या न मानो।

पू. लालचंदभाई : तुम्हारी मर्जी, स्वतंत्र हो, बस! आहाहा! **ऐसा किसने कहा?** आत्मा ज्ञाता है और लोकालोक ज्ञेय है - ऐसा किसने कहा? कि भाई! सर्वज्ञ के आगम में आता है न? कि वह व्यवहारनय से

कहा है, झूठा मानना, व्यवहार का कथन है। दो बात आज कही, कि देव आये तो भी तुम मानना मत। उसके अंदर सभी विद्वान (और) सब आ गये। कहने का मेरा भावार्थ यह था, समझ गये? और दूसरा यह था कि आगम में भी आयेगा कि केवली भगवान लोकालोक को व्यवहार से जानते हैं, यह आयेगा। हमें मान्य है, व्यवहारनय से जो आयेगा, ठीक है लेकिन निश्चयनय से देखा जाए तो वह झूठी बात है। हमारे केवली भगवान तो आत्मा को जानते हैं। केवली केवलज्ञान के द्वारा आत्मा को ही जानते हैं।

**केवल निज स्वभाव का, अखंड वर्ते ज्ञान,**

**कहिये केवलज्ञान वह, देह तदपि निर्वाण,** श्रीमद् का वाक्य है यह, अनुभवी का वाक्य है। केवली की व्याख्या की उन्होंने। उन्हें पता था कि लोकालोक को जाने वह केवली, ये (व्याख्या) सभी चलाते हैं। समझ गये? परंतु ऐसा नहीं है। केवली तो अपने आत्मा को अंदर में डूबकर जानते हैं, आहाहा! वे ऐसे-ऐसे (बाहर) जानने जाते हैं? ऐसे-ऐसे (बाहर) जानते हैं कभी?

मुमुक्षु: अभेद है।

पू. लालचंदभाई : हाँ! अभेद है, भेद ही करते नहीं हैं केवलज्ञान और आत्मा का। भेद पड़े तो वह वाक्य आये लेकिन भेद ही पड़ता नहीं। आहाहा! यह किसने कहा? गजब की हों! गजब की हिम्मत। कौन कहता है कि लोकालोक को जानता है ज्ञान? झूठी बात है। लेकिन झूठी बात (है ऐसा) कहोगे तो तुम केवली को मानते नहीं हो, ऐसा तुम्हें कहेंगे (लोग)। हम ही केवली को मानते हैं, तू नहीं मानता। हम केवली को मानते हैं क्योंकि केवलज्ञान के द्वारा आत्मा को जानते हैं, ऐसा हम कहते हैं।

मुमुक्षु: केवली, केवली को न माने?

पू. लालचंदभाई : कौन जाने! केवली है, केवल आत्मा को जानता है वह केवली है-श्रुतकेवली है। श्रुतकेवली है वह केवली को न माने? वह ही

मानता है। अज्ञानी कहाँ मानता है? अज्ञानी केवली को मानता ही नहीं है।

**किसने कहा? परमार्थ से ऐसा नहीं है**, आहाहा! वास्तव में ऐसा नहीं है, आहाहा! **ऐसा कहना व्यवहार है।** केवली का ज्ञान लोकालोक को जानता है, **ऐसा कहना व्यवहार है, आहाहा! धर्मी के अंतर की खुमारी तो देखो!** यह अंतर की खुमारी आयी कि 'आत्मा ज्ञाता है और लोकालोक ज्ञेय है, ऐसा किसने कहा?' यह देखो तो सही, धर्मी की खुमारी! अंदर निर्विकल्प ध्यान में से बाहर आकर यह वाणी निकली है।

मुमुक्षु: तब यह वाणी निकलती है, सही है!

पू. लालचंदभाई : (हाँ!) **खुमारी तो देखो!** कहते हैं- **जगत में मैं एक ही हूँ। जगत में अन्य वस्तुएं हों तो भले हों,** उसमें कहाँ मना है? हों तो भले हों, छह द्रव्य हैं, अनंत जीव, अनंत पुद्गल परमाणु, कौन मना करता है? हों तो हों।

मुमुक्षु: सब हैं। हों तो हों! मैं तो एक हूँ।

पू. लालचंदभाई : हों तो हों! मैं तो एक हूँ, यहाँ (आत्मा में)। मेरी नजर तो यहाँ (अंदर) है, मेरी नजर (वहाँ) बाहर नहीं है। मेरी नजर तो अंदर में थम गयी है, बस! आहाहा! ज्ञान पलटता नहीं, आहाहा! ज्ञेय पलटते हैं परंतु ज्ञान नहीं पलटता। ज्ञेय अर्थात् क्या? अंदर के जो परिणाम हैं न? वे ज्ञेय हैं, छह द्रव्य ज्ञेय नहीं हैं।

मुमुक्षु: आपने कहा न अपनी कल्लोलें।

पू. लालचंदभाई : हाँ कल्लोलें! नीलम समझी न? अपनी कल्लोलें ज्ञेय हैं। हें! इतना पकड़ में आया न? परिणाम जो होते हैं अंदर में, आहाहा! वे ज्ञेय हैं-वे ज्ञेय हैं। वे ज्ञेय तो पलटते हैं। परिणाम आते हैं और जाते हैं, आते हैं और जाते हैं। अब, उनसे संबंधित जो ज्ञान होता है वह तो अज्ञान है। लेकिन जो ज्ञान आत्मा को जानता है, वह पलटता ही नहीं। क्योंकि आत्मा पलटता नहीं, पलटे उसे ज्ञान नहीं कहते। क्योंकि वे तो ज्ञेय पलटते हैं और ज्ञेयों के पीछे-पीछे ज्ञान दौड़ता है। इसे (पर को) जानूँ-

इसे जानूँ- इसे जानूँ, अब, इसे जाना-इसे जाना, वह ज्ञान ही नहीं है।

मुमुक्षु: आपको एक बार और पधारना पड़ेगा एक बार हमारे घर..।

पू. लालचंदभाई : हें? ऐसा लगता है? लंदन? बुला लेना, एक बार?

मुमुक्षु: दूसरा कुछ नहीं करेंगे हम बस!

पू. लालचंदभाई : अपन बैठ जायेंगे सामने सामने। ऐसा न? हम तीन जने।

मुमुक्षु: जो हमारी भूल है वह भूल तोड़नी है।

मुमुक्षु: बहन तो इजाजत देंगी न आपको। देंगी न बहन इजाजत? बापूजी अनुमति देंगे न? हमारे यहाँ आने के लिये।

पू. लालचंदभाई : आहाहा! **दूसरी चीजें हों तो** भले **हों, परमार्थ से उनके साथ मेरा जानने तक का संबंध नहीं है।** ज्ञाता-ज्ञेय का संबंध तोड़ दिया। कर्ता-कर्म संबंध तो नहीं है परंतु मैं ज्ञाता और यह (पर) ज्ञेय ऐसा जो व्यवहार, उस व्यवहार को तोड़ते हैं। उस व्यवहार को तोड़े तब अंदर में आये, उपयोग अंदर में जाए। मैं इसे (पर को) जानता हूँ, वह ज्ञेय और मैं ज्ञाता (ऐसा नहीं है)। (गुरुदेव ने) सुबह दोपहर और शाम, आत्मा की ही बात की। एक ही बात की, पैंतालीस-पैंतालीस वर्षों तक, शुरू से अंत तक, पलटे नहीं। विरोध हुआ, हजारों लाखों लोगों का, मेरू डिग जाये लेकिन ज्ञानी नहीं डिगते, आहाहा! कहते थे, तुम्हें फिरना पड़ेगा, यह हमारी बात फिरनेवाली नहीं है, ऐसा कहते थे। चेलेंज हों!

मुमुक्षु: वस्तु का स्वरूप ही ऐसा होता है, फिर।

पू. लालचंदभाई : फिर क्या फिरे? वस्तु फिरती है कहीं? वस्तु फिरे तो वस्तु का ज्ञान फिरे। वस्तु जैसी है ऐसी ज्ञान में आ गई और वाणी में ऐसा आता है, बस!

**आहाहा! यहाँ क्या कहते हैं?** दूसरा पैराग्राफ, अब शुरू होता है। **आहाहा! यहाँ क्या कहते हैं? कि परज्ञेय (परपदार्थों** उसकी व्याख्या करते हैं, परज्ञेय की, **देव-गुरु-शास्त्र, पंचपरमेष्ठी, और व्यवहार रत्नत्रय**

**आदि ज्ञेय** अंदर के परिणाम को ज्ञेय में लिया। वे बाहर के ज्ञेय और व्यवहार रत्नत्रय के परिणाम अंदर के ज्ञेय।

मुमुक्षु: वहाँ तक ले लिया, व्यवहार रत्नत्रय के (परिणाम)।

पू. लालचंदभाई : अंदर के, व्यवहार रत्नत्रय के परिणाम भी ज्ञेय में जाते हैं, वे ज्ञान में नहीं आते।

मुमुक्षु: ज्ञेय में आते हैं, सही है।

पू. लालचंदभाई : ज्ञेय में आते हैं। आत्मा में तो नहीं आते, किन्तु ज्ञान में भी नहीं आते। वे परज्ञेय में आते हैं। हमारी सुबह बात हुई न? वह यह, आया था। **और व्यवहार रत्नत्रय आदि ज्ञेय) के साथ मेरा ज्ञाता-ज्ञेय संबंध तो दूर ही रहो,** आहाहा! **मेरा ज्ञाता-ज्ञेय संबंध तो दूर ही रहो, परमार्थ से तो मैं ज्ञेय, मैं ज्ञान, और मैं ज्ञाता - ऐसे तीन भेदरूप भी मैं नहीं हूँ। इन तीनों मय मैं एक ही हूँ।** ज्ञाता भी मैं, ज्ञेय भी मैं और ज्ञान भी मैं। अंदर के तीन भेद उसने अभेद कर दिए।

मुमुक्षु: भेद को निकाल दिया।

पू. लालचंदभाई : भेद को निकाल दिया।

मुमुक्षु: अभेद में आ गया।

पू. लालचंदभाई : भेद को निकाल दिया मतलब अभेद में आ गया।

मुमुक्षु: अभेद हो गया।

पू. लालचंदभाई : अभेद हो गया, बस! **इन तीनों मय मैं एक ही हूँ। देखो, यह स्वानुभव की दशा!** अनुभवी कहते हैं कि मैं ज्ञान, मैं ज्ञेय और मैं ज्ञाता, ऐसे जो तीन भेद (हों) तब तक अनुभव नहीं होता। इन तीनों का एकपना होवे तो अनुभव होता है। उसका नाम सम्यग्दर्शन-ज्ञान है। यह पुस्तक जो है न, अध्यात्म रत्नत्रय, छपी है न? उसके साथ यह एक बुक बाइंड करा लेना, ऐड (add) कराना, ऐड (add)। है तो उसमें कलश टीका में २७१, लेकिन वह कलश टीका के ऊपर का है, यह समयसार का। इसलिए एक बाइंडिंग करा लेना। लाइफ टाइम पढ़ना, एक पुस्तक

हों! लाइफ टाइम।

मुमुक्षु: अभी जो बात है न वह तो सचोट है।

पू. लालचंदभाई : दोनों की हाँ आती है-दोनों की हाँ आती है। पहले हमारे भाई की हाँ नहीं आती थी। अब हाँ आने लगी है। मुझे खुशी हुई है। मैं प्रशंसा नहीं करता। प्रशंसा नहीं करता तो भी एक प्रकार से रुचि जागी है। स्वरूप को समझने की भाई को रुचि जागे और इन गुरु के वचन में हकार आये। समझ गये? उसका काम हो ही जाए, दूसरा कुछ नहीं।

मुमुक्षु: रुचि तो जगी जब से बात मान्य हुई.

पू. लालचंदभाई : तब से।

मुमुक्षु: लेकिन समय।

पू. लालचंदभाई : इतना नहीं था अभी उघाड़। अब पकड़ में आता है, सही से, ज्यादा। अच्छी बात है।

मुमुक्षु: दोनों के लिये अच्छा है। एक दूसरे को ऐसे..।

पू. लालचंदभाई : हाँ, दोनों के लिये अच्छा है। तुम्हारे लिये भी अच्छा है। एक दूसरे को परस्पर, परस्पर एक आगे और एक पीछे रहे तो मजा नहीं आता। दोनों साथ दौड़ें न? तो मजा आता है। फिर योग्यता के अनुसार कोई जल्दी अरिहंत होवे और फिर कोई देर से। उसमें कोई बात नहीं।

मुमुक्षु: वह तो सबकी अपनी योग्यता।

मुमुक्षु: वह तो जो होने का काल है वह होना ही है।

पू. लालचंदभाई : वह कोई बदलनेवाला नहीं है। उसके साथ हमें संबंध नहीं है।

मुमुक्षु: लेकिन यह तो एक ही वस्तु जो है उसका निर्णय करना है।

पू. लालचंदभाई : वह निर्णय करना है। मैं कौन हूँ और कैसा हूँ? बस! इतना निर्णय करना है। उसमें काम होगा। **देखो, यह स्वानुभव की दशा!** ज्ञाता, ज्ञान और ज्ञेय अभेद हो गये, ये दशा स्वानुभव की। **मैं ज्ञान,**

**ज्ञाता, ज्ञेय- ऐसे भेदों से भेदरूप नहीं होता**, टुकड़े नहीं होते तीन, समझाये तो। अभेद में भेद करके समझायें, तो वस्तु तो अभेद ही है। खण्ड नहीं होते उसके। **मैं ऐसा अभेद चिन्मात्र आत्मा हूँ।** भेदरूप नहीं होता ऐसा अभेद चिन्मात्र मैं आत्मा हूँ। **मैं ज्ञेय हूँ, मैं ज्ञान हूँ, मैं ज्ञाता हूँ- ऐसे भेदों का उत्पन्न होना तो राग है, विकल्प है।**

मुमुक्षु: उसे विकल्प कहते हैं।

पू. लालचंदभाई : मैं इसे (पर को) जानूँ वह मिथ्यात्व का विकल्प (है)। और ज्ञाता, ज्ञान और ज्ञेय का भेद करना वह साधक का विकल्प। साधक कहता है विकल्प है उसमें शांति नहीं है, उसमें अशांति है।

मुमुक्षु: निर्विकल्प चाहिये।

पू. लालचंदभाई : चाहिये, उसे यह चाहिये।

मुमुक्षु: क्योंकि उसका जो स्वभाव है उस रूप से टिका रहे...

पू. लालचंदभाई : हाँ, बस!

मुमुक्षु: तो सही है। वरना जहाँ तक विकल्प की उत्पत्ति हुई वह दुःख है।

पू. लालचंदभाई : तब तक दुःख होता है। (यह मैं ज्ञान), यह (मैं) ज्ञेय, यह मैं ज्ञाता, ऐसे तीन भेद दिखते नहीं हैं। भेद होने पर भी भेद दिखते नहीं, दृष्टि अभेद के ऊपर चली जाती है। अभेद ध्येय होता है और अभेद ज्ञेय हो जाता है। अभेद ध्येय में गुणभेद नहीं दिखता और अभेद ज्ञेय हुआ उसमें आनंद की पर्याय अलग नहीं दिखती। आनंदमय आत्मा, आनंदमय अनुभवता है बस! मय!

**भाई! तुझमें तेरा अस्तित्व कितना विशाल है- इसकी तुझे स्वयं ही खबर नहीं है।** तू कौन है? तू कौन है, वह तुझे पता नहीं है। आहाहा! तू कौन है इसका तुझे पता नहीं है। कितना अंधेरा! **तीन लोक के अनन्त द्रव्य- द्रव्य-गुण-पर्याय त्रिकालवर्ती जो अनंतानंत हैं, उन सबको जाननेवाली तेरी ज्ञान की दशा- वह वास्तव में तेरा ज्ञेय है।** अर्थात्

ज्ञान की पर्याय ज्ञेय है, वास्तव में! परंतु जो जानने में आते हैं, छह द्रव्य, वे तेरे ज्ञेय नहीं हैं। बहन! निकाल दिया, छह द्रव्य ज्ञेय नहीं हैं। किन्तु छह द्रव्य जिसमें जानने में आते हैं वह ज्ञान, कि जिस ज्ञान में आत्मा जानने में आता है।

यह ज्ञान की बात है, अज्ञान की बात (नहीं)। अज्ञान में आत्मा भी नहीं जानने में आता और अज्ञान में छह द्रव्य भी नहीं जानने में आते। ज्ञान में आत्मा जानने में आता है, अतः छह द्रव्य जानने में आते हैं- ऐसा कहा जाता है। किन्तु जिस ज्ञान में आत्मा जानने में नहीं आता उसमें ज्ञान नहीं है, तो ज्ञान नहीं है तो छह द्रव्य जानने में नहीं आते। अज्ञान में जानने में नहीं आते, ज्ञान में जानने में आते हैं। जानने में आते हैं फिर भी उन्हें जानता नहीं है, आहाहा! उनके ऊपर लक्ष नहीं है न? जानने में आते हैं सभी लेकिन उनके ऊपर लक्ष नहीं है, आहाहा!

मुमुक्षु: उसे इतना ही चाहिये। स्वयं और स्वयं की ज्ञान की पर्याय।

पू. लालचंदभाई : बस! इतना ही है। दूसरा बाहर में कुछ है नहीं। बाहर में कहीं जाने जैसा है नहीं, बस! अंदर में आ जाये न? तो उसका जल्दी काम हो जाये। वास्तव में तेरा ज्ञेय तो तेरी ज्ञान की पर्याय है। जिस पर्याय में छह द्रव्य जानने में आते हैं वे ज्ञेय नहीं हैं तेरे। **न केवल वह दशा, किन्तु तेरे द्रव्य-गुण-पर्याय वे सभी ज्ञेय हैं।** अब देखो, खुलासा किया कि ज्ञान की पर्याय ही ज्ञेय (है) ऐसा तुझे कहा लेकिन केवल ज्ञान की पर्याय ज्ञेय नहीं है। तेरा आत्मा, द्रव्य, गुण और पर्याय - तीनों अभेद होकर ज्ञेय है। यह तो तुझे समझाने के लिये कहा कि तेरी ज्ञान की पर्याय ज्ञेय है, छह द्रव्य ज्ञेय नहीं हैं। उनका (छह द्रव्य का) निषेध करने (के लिये) ज्ञान की पर्याय को ज्ञेय कहा, किन्तु ज्ञान की पर्याय ही ज्ञेय नहीं होती, परंतु अभेद पूरा आत्मा। द्रव्य-गुण से पर्याय में परिणमा हुआ संपूर्ण आत्मा - वह ज्ञेय है। पूरा आत्मा, वह ज्ञेय है। **वह सभी ज्ञेय है, आहाहा! उन समस्त का (-अपना) ज्ञान वह ज्ञान, वे समस्त (-स्वयं) ज्ञेय और**

**स्वयं ज्ञाता- ये तीनों वस्तुएं एक ही हैं।** वस्तु आत्मा ही है वे तो। ज्ञान भी आत्मा, ज्ञेय भी आत्मा और ज्ञाता भी आत्मा। आत्मा से भिन्न धर्म नहीं हैं ये, एक ही हैं। **तीन भेद नहीं हैं।** तीन भेद नहीं हैं। **ऐसी सूक्ष्म बात! ज्ञान-ज्ञाता-ज्ञेय तीनों भावों सहित वस्तुमात्र स्वयं एक है।** चलो अब पांचवा पेज कल लेंगे। थोड़ी थकान लग रही है।

मुमुक्षु: बहुत सुंदर। मजे की बात आती है।

पू. लालचंदभाई : बहुत अच्छी बात आती है।

मुमुक्षु: और समझ में आ रही है।

पू. लालचंदभाई : और समझ में आ जाती है, वह दिखता है। हमें भी ऐसा दिख रहा है कि तुम्हें समझ में आ रहा है इतना अच्छा है। नहीं तो यह समझना बहुत कठिन है। यह जो विषय है न? यह विद्वानों को नहीं बैठता, गले नहीं उतरता!

ॐ

## પ્રવચન ૩ (LA૩૯૬): સમયસાર કળશ-૨૭૧, પ્રવચન રત્નાકર ભાગ ૧૧, પાનું ૨૫૦-૨૫૧ રાજકોટ, સપ્ટેમ્બર-ઓક્ટોબર ૧૯૯૦

..... એવું જણાય છે પણ આ છ દ્રવ્ય મને જણાતા નથી કેમકે મારું લક્ષ છૂટી ગયું છે ત્યાંથી. લક્ષ અંદરમાં આવી ગયું છે - અનુભવના કાળે, નિર્વિકલ્પ ધ્યાનના કાળે, અને જેટલો અનુભવ છે તેટલો જ ધર્મ છે.

મુમુક્ષુ: એટલો જ ધર્મ છે.

પૂ. લાલચંદભાઈ: એટલો જ ધર્મ છે. જેટલો આત્મા અનુભવમાં આવે અને વીતરાગ પ્રગટ થાય પર્યાય એટલો ધર્મ છે. પરના લક્ષે તો રાગ થશે.

મુમુક્ષુ: સ્વભાવમાં છે એટલો જ ધર્મ છે. બાકી...

પૂ. લાલચંદભાઈ: સ્વભાવથી બહાર જાય તો અધર્મ છે.

મુમુક્ષુ: ઇન્દ્રિયજ્ઞાન છે એ અધર્મ?

પૂ. લાલચંદભાઈ: અજ્ઞાન છે. કેમકે અજ્ઞાન શું કામ? કે ઇન્દ્રિયજ્ઞાન આત્માને જાણતું જ નથી. માટે અજ્ઞાન, એમ! લોકો શું કહે છે? પરને જાણે છે માટે જ્ઞાન. જ્ઞાની શું કહે છે? કે ઇન્દ્રિયજ્ઞાન સ્વને જાણતું નથી ને? માટે અમે એને અજ્ઞાન કહીએ છીએ. અમારી વ્યાખ્યા તું સાંભળ જરાક. તું એમ લઈ રહ્યો છો કે પરને જાણું છું માટે જ્ઞાન થયું મને. અમે કહીએ છીએ કે ઇન્દ્રિયજ્ઞાન સ્વને જાણતું નથી, માટે અમે એ અપેક્ષાએ અજ્ઞાન કહીએ છીએ. અમારી અજ્ઞાનની વ્યાખ્યા તું સાંભળ. ઇન્દ્રિયજ્ઞાન સ્વને જાણતું નથી ને? તારી પાસે ઇન્દ્રિયજ્ઞાન તો અનાદિનું છે. આત્મા જાણવામાં આવ્યો? કે નહિ.

મુમુક્ષુ: ભેદરૂપી જ્ઞાન થયું.

પૂ. લાલચંદભાઈ: તો પછી?

મુમુક્ષુ: એ ભેદ પાડે છે.

પૂ. લાલચંદભાઈ: તો એ અજ્ઞાન જ છે. જે જ્ઞાનમાં આત્મા ન જણાય એને જ્ઞાન કોણ કહે?

મુમુક્ષુ: એ અજ્ઞાન છે.

પૂ. લાલચંદભાઈ: અજ્ઞાન કહેવાય. આ હું હમણાં વાંચીને આવ્યો હતો ને, એમાં (આ) કુદરતી આવી ગયું.

મુમુક્ષુ: ભાઇ! આ કોઈને ...

પૂ. લાલચંદભાઈ: કોક વિરલા (જ આ સમજે)! સમજી ગયા? સ્વપરપ્રકાશક પ્રમાણજ્ઞાનમાંથી નિશ્ચય કાઢવો, જ્ઞાનની પર્યાયના પ્રમાણમાં, સ્વ અને પર પ્રકાશક એ પ્રમાણ જ્ઞાનનું વાક્ય છે. એમાંથી નિશ્ચય કાઢવો કે જ્ઞાન સ્વને જાણે છે અને પરને નથી જાણતું ત્યારે જ્ઞાન અંતરમાં વળીને અનુભવ થાય. નિશ્ચય-વ્યવહાર છે જ્ઞાનની પર્યાય, સ્વને પણ જાણે અને પરને પણ જાણે, સ્વપરપ્રકાશક. એમાંથી, પ્રમાણમાંથી એમ કાઢવું કે મારું જ્ઞાન મારા આત્માને જાણે છે અને પરને નહિ. એવું અસ્તિ-નાસ્તિ અનેકાંત કરે ત્યારે ઉપયોગ અંદરમાં વળી જાય, અનુભવ થાય. એ અનુભવી કહે છે કે છ દ્રવ્યને જાણતો નથી - મારુ જ્ઞેય જ નથી.

મુમુક્ષુ: કેમકે જે અનુભવાય છે એ જ્ઞેય છે.

પૂ. લાલચંદભાઈ: એ (આત્મા) જ્ઞેય છે.

મુમુક્ષુ: છ દ્રવ્ય અનુભવાતા નથી.

પૂ. લાલચંદભાઈ: નથી.

મુમુક્ષુ: છ દ્રવ્ય સંબંધી જ્ઞાન અનુભવાતું નથી.

પૂ. લાલચંદભાઈ: નથી.

મુમુક્ષુ: માટે (છ દ્રવ્ય) એ જ્ઞેય નથી.

પૂ. લાલચંદભાઈ: જ્ઞેય નથી. જે અનુભવાય એ તો જ્ઞાન છે, એટલું જ્ઞેય છે, આહાહા! આનંદ અનુભવાય છે તો એટલું જ્ઞેય છે. છ દ્રવ્ય

અનુભવમાં આવતા નથી, ભિન્ન રહી જાય છે અનુભવના કાળે. ઉપયોગ અભિમુખ અંદરમાં આવી જાય છે.

મુમુક્ષુ: કેટલું ચોખ્ખું છે. અમૃત છે અમૃત.

પૂ. લાલચંદભાઈ: આહાહા! આમ (આત્મા) અનુભવાય છે, અને છ દ્રવ્ય જ્ઞેય એમ અનુભવાતું નથી. આત્મા જ્ઞેય એમ તો અનુભવાય છે, પણ છ દ્રવ્ય જ્ઞેય એમ અનુભવાતું નથી. મારા ઉપકારી ગુરુ જ્ઞેય એમ અનુભવાતું નથી. મારા સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા, દિવ્યધ્વનિ, વાણી, એમ અનુભવાતું નથી.

મુમુક્ષુ: બધું અજ્ઞાન.

મુમુક્ષુ: તીર્થંકર ભગવાન મારા જ્ઞેય નહિ. જુઓ તો ખરા!

પૂ. લાલચંદભાઈ: નહીં-નહીં હોં! તીર્થંકર ભગવાન મારા જ્ઞેય નહિ.

મુમુક્ષુ: જેનો મને સ્વભાવ સાધનામાં ઉપકાર છે, એ પણ મારા જ્ઞેય નહિ.

પૂ. લાલચંદભાઈ: મારા જ્ઞેય નહિ. જો એને જ્ઞેય બનાવશો તો તમારો આત્મા નહીં જણાય. તો અલકા જ્ઞેય ક્યાં રહ્યું? અલકા તો જ્ઞેય ક્યાંયનું ક્યાંય રહ્યું.

મુમુક્ષુ: ક્યાંય દૂર રહી ગયું.

પૂ. લાલચંદભાઈ: દૂર રહી ગયું. સાક્ષાત્ જે ઉપકારી તીર્થંકર પરમાત્મા વંદનીય, હેં, પૂજનિક-પૂજનિક પૂરેપૂરા હેં? પણ એ જ્યાં સુધી તું એને જાણીશને, રોકાઇશને, ત્યાં સુધી તને આત્મા નહીં જણાય. એમ સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું કે તું તને જાણ. **परदव्वादो दुग्गइ** પરદ્રવ્ય ઉપર લક્ષ રહેશેને, તારી દુર્ગતિ, માઠી ગતિ થશે. ગુરુદેવ તીર્થંકરની વારંવાર કહેતા હતા વાત કે તીર્થંકર સામે લક્ષ કરીશને તો તારી દુર્ગતિ થશે. તીર્થંકરનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત આપે, પણ આપણા ઉપકારી છે તો ન જોવું એની સામે? કે જોવાનું બંધ કર.

મુમુક્ષુ: બંધ કરશું ત્યારે એ ઉપકારી થાશે.

પૂ. લાલચંદભાઈ: બસ! ત્યારે ઉપકારી કહેવાય. અંદરમાં જાય ત્યાં બંધ કરે. અહીંયા અનુભવ થાય પછી સવિકલ્પદશામાં આવ્યો, આહાહા! આપના વચનથી મને....

મુમુક્ષુ: ત્યારે ગુરુ ને દેવ ઉપકારી કહેવાય.

પૂ. લાલચંદભાઈ: ઉપકારી કહેવાય.

મુમુક્ષુ: ત્યારે એ ભાવ નમસ્કાર થયા?

પૂ. લાલચંદભાઈ: (ના.) એ ભાવ નમસ્કાર અંદર થયા, પછી દ્રવ્ય નમસ્કાર આવે. નિશ્ચય પહેલા. ભાવ નમસ્કાર, પોતાના જ્ઞાનમાં પોતાનો આત્મા જણાણો-અનુભવાણો એ ભાવ નમસ્કાર. પછી સવિકલ્પદશામાં આવતાં, અરે! આપના શબ્દોથી જ મને આત્માનો અનુભવ થયો. આપે મને આત્મા આપ્યો. એમ બોલે. ઉપકાર ઓળવે નહિ, સજ્જન. આપની વાણીથી જ મને આત્માની પ્રાપ્તિ થઇ. પ્રભુ! આપે જ મને આત્મા આપ્યો, એમ, એમ. એમ જ હોય ને? એ દ્રવ્ય નમસ્કાર, દ્રવ્ય નમસ્કાર બંધનું કારણ. ભાવ નમસ્કાર મોક્ષનું કારણ.

મુમુક્ષુ: જે ભાવ ઊઠે છે પાછો એ પણ પાછું બંધનું કારણ.

પૂ. લાલચંદભાઈ: બંધનું કારણ. પાકું દ્રવ્ય નમસ્કાર.

મુમુક્ષુ: સાવ ચોખ્ખી વાત છે ને?

પૂ. લાલચંદભાઈ: ચોખ્ખી વાત છે, બેન.

મુમુક્ષુ: જીવની લાયકાત.

પૂ. લાલચંદભાઈ: બસ! જીવની લાયકાત! (જે) જીવની લાયકાત હશે એને બેસશે અને બાકી નહીં બેસે. એ તો એનો કાળ પાકશે ત્યારે બેસશે, એમ આપણે ગણવું. આજે નથી બેસતું, કાલે બેસશે. બધાય પામશે. ભગવાન આત્મા છે. આજે કાળ નથી પાક્યો તો કાલ પાકશે, આહાહા! આત્મા જ્ઞેય થાય છે ત્યારે છ દ્રવ્ય મારું જ્ઞેય થતું નથી. અનુભવી પુરુષ લખે છે. કેમ? કેમ નથી જણાતા મને? **પરમાર્થે પર સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે જ નહિ,** આહાહા! વ્યવહારે જ્ઞેય-જ્ઞાયક

સંબંધમાં રોકાઇ જઈશ તો આત્માનો અનુભવ નહીં થાય, એમ!

**કહે છે - 'જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે'**. હવે જ્ઞાનની વાત કરે છે. જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા છે ને? એમાં જ્ઞાનની વ્યાખ્યા કરે છે. કે જ્ઞાન કોને કહેવું? જ્ઞેય કોને કહેવું અને જ્ઞાતા કોને કહેવો? **જુઓ, શું કીધું? કે જ્ઞેયો જગતના છે તેને જાણવારૂપ જાણનક્રિયા તે જ્ઞાન-સ્વરૂપ છે**, **જ્ઞેયસ્વરૂપ નથી**. જે છ દ્રવ્યો જણાય તે પોતાનું જ્ઞાન છે, એ જ્ઞેય નથી. **જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે તે ખરેખર છ દ્રવ્ય જણાતા નથી**. જણાય છે અને જણાતા નથી. આ કોણ સમજે? કોણ? જણાય છે અને જણાતા નથી. ત્યારે ખરેખર શું જણાય છે? કે જ્ઞાન.

મુમુક્ષુ: જ્ઞાન જણાય છે.

મુમુક્ષુ: ભાઇ! આ કળા છે.

પૂ. લાલચંદભાઈ: આ તમે, બેન! આ તમે (જુઓ). શાંતિથી બધા વિચારે તો ખરા. કોઇ ધ્યાન દઇને ગુરુવાણીને સમજતા જ નથી. આ જુઓ, **જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે**, પ્રતિભાસે છે, ઝલકે છે, એમ રાખ્યું ને? **તે ખરેખર છ દ્રવ્ય જણાતા નથી**. જણાય છે અને જણાતા નથી! આ શું?

મુમુક્ષુ: જણાય છે છતાં ખરેખર જણાતા નથી.

પૂ. લાલચંદભાઈ: એ શું? એ જણાય છે એમ કહો છો અને એ જણાતા નથી? તો બેમાંથી એક વાત કરોને? બે વાત શું કામ કરો છો? કાં એમ કહો કે જણાય છે અને કાં એમ કહો કે જણાતા નથી. ના - જણાય છે પણ જાણતો નથી. જણાય છે પણ જાણતો નથી, આહાહા! દેખે છતાં નહીં દેખતો, ચાલે છતાં નહીં ચાલતો, આહાહા! બોલે છતાં નહીં બોલતો, (તત્ત્વસ્થિત અડોલ).

મુમુક્ષુ: તત્ત્વસ્થિત અડોલ.

પૂ. લાલચંદભાઈ: તત્ત્વસ્થિત અડોલ! આહાહા! ગજબની વાત છે.

જણાય છે અને જાણતો નથી! આ શું પણ? જણાય છે અને જાણતો નથી?

મુમુક્ષુ: લક્ષ નથીને એટલે જાણતો નથી.

પૂ. લાલચંદભાઈ: જણાય છે પણ જે જણાય છે એના ઉપર લક્ષ નથી. ત્યારે-ત્યારે-ત્યારે શું કહે છે? કે જણાય છે એ ખરેખર **જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે તે ખરેખર છ દ્રવ્ય જણાતા નથી.** આત્મા જણાય છે, કેમકે આત્મા ઉપર લક્ષ છે. **પણ છ દ્રવ્ય સંબંધીનું પોતાનું જે જ્ઞાન તે જણાય છે**. જ્ઞાન જણાય છે, છ દ્રવ્ય જણાતા નથી. **અને તે ખરેખર આત્માનું જ્ઞેય છે.** જ્ઞાનની પર્યાય જે થઈ, આત્માને જાણનારી, તે જ્ઞેય છે. **પરજ્ઞેય જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે.** પરજ્ઞેયો જણાય છે રાગાદિ, દેહાદિ, એમ કહેવું તે વ્યવહાર છે, એટલે કે એમ નથી.

મુમુક્ષુ: એટલે એ જણાતા નથી.

પૂ. લાલચંદભાઈ: જણાતા નથી. જણાય છે એ જાણતો નથી. એ શું? જણાય છે અને જણાતા નથી. જણાય છે અને જાણતો નથી એમ નહિ, જણાય છે અને જણાતા નથી.

મુમુક્ષુ: કમાલ વાત છે. જણાય છેને જણાતા નથી.

પૂ. લાલચંદભાઈ: ગજબની વાતને? આ કોણ કહી શકે જ્ઞાની સિવાય? આહાહા!

મુમુક્ષુ: કહેવાય છે કે જણાય છે પણ ખરેખર એ જણાતા નથી.

પૂ. લાલચંદભાઈ: જણાતા નથી. જ્ઞાન જણાય છે, એમ!

મુમુક્ષુ: ભાઇ! ખરેખર જ્ઞાન જ જણાય છે.

પૂ. લાલચંદભાઈ: એમ જ છે ને? જ્ઞાનની સાથે તાદાત્મ્ય છે ને આત્મા. આ ક્યાં જણાય છે?

મુમુક્ષુ: જ્ઞેય જ્ઞાનને જ પ્રસિદ્ધ કરે છે.

પૂ. લાલચંદભાઈ: હા. જ્ઞેય જ્ઞાનને જ પ્રસિદ્ધ કરે છે, આહાહા!

જ્ઞાન તો આત્માને પ્રસિદ્ધ કરે પણ જ્ઞેયો પણ આત્માને પ્રસિદ્ધ કરે. **પણ છ દ્રવ્ય સંબંધી પોતાનું જે જ્ઞાન તે જણાય છે અને તે ખરેખર આત્માનું જ્ઞેય છે**. **પરજ્ઞેય જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે. જ્ઞેય સંબંધી પોતાની જ્ઞાનની પર્યાય જાણવારૂપ થઇ તે એનું જ્ઞેય છે**. જ્ઞાન જ્ઞેય છે. **ઓલું (પરજ્ઞેય) નહિ.** જ્ઞાન પોતાનું છે એ જ્ઞેય છે. જ્ઞાન વડે જ્ઞાન જણાય છે. એમ! **ઓલું (પરજ્ઞેય) નહિ**, **કેમકે પોતામાં પોતાની જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ છે (પરનું નહીં). આહાહા! છ દ્રવ્યને જાણવાની જ્ઞાનની પર્યાય પોતાની છે, તેને છ દ્રવ્યનું જ્ઞાન કહેવું તે વ્યવહાર છે.** છ દ્રવ્યનું જ્ઞાન થયું એમ કહેવું તે વ્યવહાર છે અને આત્માનું જ્ઞાન થયું એમ કહેવું તે નિશ્ચય છે.

મુમુક્ષુ: તે સાચું છે.

પૂ. લાલચંદભાઈ: આત્માનું જ જ્ઞાન થાય. છ દ્રવ્યનું જ્ઞાન જ ન થાય. **જ્ઞેય-જ્ઞાન જ્ઞેયનું નથી, જ્ઞેય-જ્ઞાન જ્ઞેયનું નથી, પણ જ્ઞાનનું જ્ઞાન છે**. જ્ઞેયો જે જ્ઞાનમાં જણાય છે તે એનું નથી પણ જ્ઞાનનું જ્ઞાન છે, આહાહા! **જાણનક્રિયારૂપભાવ જ્ઞાનસ્વરૂપ છે**. **પંડિત જયચંદજી એ જ સ્પષ્ટ કરે છે - વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. પોતે જ** ઓલુ જ્ઞાનની વ્યાખ્યા થઇ ગઇ. હવે જ્ઞેયની વ્યાખ્યા. આત્મા જ જ્ઞેય છે. **બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે, જ્ઞાનમાં પેસતા નથી; જ્ઞેયોના આકારની** એટલે સ્વરૂપની **ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે.** જ્ઞેયો(ની), જ્ઞાનમાં ઝલક આવતાં, જાણે જ્ઞાન જ્ઞેયાકારરૂપ થઇ ગયું છે, એમ દેખાય છે. **પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે**. જ્ઞેયના કલ્લોલો નથી, જ્ઞાનની પર્યાય છે. જ્ઞાનની પર્યાય છે. ભલે નિમિત્તપણે ઓલું હો. પણ જ્ઞાનની જ પર્યાય છે, એમ. **તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે**. એટલે જ્ઞાન જ જ્ઞાન વડે જણાય છે, જ્ઞેય નહિ. આહાહા!

ઓલી ઉપરની ચાર લીટીમાં બધું આવી ગયું. એનો વિસ્તાર છે.

**જુઓ, આહાહા! જુઓ બાહ્ય જ્ઞેયો - રાગાદિથી માંડી છ એ દ્રવ્યો**, રાગ પણ પરજ્ઞેય, શરીર પણ પરજ્ઞેય, અને છ દ્રવ્યો પણ પરજ્ઞેય, **પોતાના આત્માથી** એટલે **(પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી ત્રણેથી) જુદા છે. જો તે જુદા ન હોય તો એક હોય**. છ દ્રવ્ય એકમેક હોય, આત્માની સાથે. **પણ એમ તો કદી બનતું નથી, છે નહિ.** એકમેક થાય નહીં છ દ્રવ્ય અને આત્મા. છ દ્રવ્ય ભિન્ન અને આત્મા ભિન્ન છે. રાગ ભિન્ન અને આત્મા ભિન્ન. રાગને લઇ લીધુંને? રાગને પરજ્ઞેયમાં લઇ લીધુંને? રાગ અને આત્મા એકમેક નથી. રાગ જુદો છે આત્માથી. જ્ઞાનમાં આવતો નથી રાગ અને દુ:ખને વેદતું નથી જ્ઞાન. દુ:ખને જાણતું પણ નથી. દુ:ખને વેદતું પણ નથી અને દુ:ખને જાણતું પણ નથી.

આ પ્રેમચંદભાઇના ધર્મપત્ની જ્યારે સ્વર્ગવાસ થયોને ત્યારે રાજેશનો ફોન આવ્યો હતો કે અમારા માતાજીની છેલ્લી સ્થિતિ લાગે છે, તમે બે શબ્દ કહો. એણે શું કર્યું કે હું અહીંથી બોલતો ગયો અને એણે ટેપ ઉતાર્યું. અને એ જ ટેપ લઇને કલાક પછી ગયો હોસ્પિટલે કલાકમાં. પછી એને સંભળાવી. છેલ્લી (વાણી). આખી કેસેટ અને પછી ત્રણ-ચાર કલાકે તો સ્વર્ગવાસ થઇ ગયો. ત્યાં સુધી એને જાગૃતિ હતી, બરાબર સાંભળી, હકાર આવતો હતો. એ ટેપમાં કહ્યું છે કે બેન! દુ:ખ વેદાતું તો નથી હોં! પણ દુ:ખ જણાતું પણ નથી. તમે દુ:ખ ઉપરથી લક્ષ ઉઠાવી લો. મારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એમ લઈ લો. દુ:ખ જણાતું જ નથી.

મુમુક્ષુ: વેદના કેટલી ઓછી થઇ ગઇ.

પૂ. લાલચંદભાઈ: ઓછી થઇ ગઇ, બસ!

મુમુક્ષુ: લક્ષ પોતા બાજુ, પછી વેદન હો તો ભલે હો.

પૂ. લાલચંદભાઈ: ભલે હો. આહાહા! મારું લક્ષ એનાથી હું વાળી લઉં છું અને મારા જ્ઞાનને આત્મા તરફ લઇ જાઉં છું. મને જાણનાર જણાય છે. દુ:ખ જણાતું નથી. વેદાતું તો નથી પણ જણાતું પણ નથી,

આહાહા! એવી વાત કરી હતી. સમજી ગયા? એણે ટેપો પણ ઘણાંને આપી છે.

મુમુક્ષુ: સાંભળી છે.

પૂ. લાલચંદભાઈ: સાંભળી છે?

મુમુક્ષુ: બહુ મજાની વાત છે.

પૂ. લાલચંદભાઈ: હા, બહુ મજાની. અહીંયા તો પછી તો એનો પહેલું થયું આખો ઉતારો કર્યો. અને ઘણી છપાવીને ઘણાંને કાગળો એણે આપ્યા. ખૂબ ખુશી થયા બધા. સમાધિ મરણ નથી, સાવધાન મરણ છે. સાવધાન મરણ છે. સમાધિ મરણ સમ્યગ્દૃષ્ટિને હોય.

મુમુક્ષુ: હા મરણની પણ કેટલી સાવધાની. ક્યાંક ઉપયોગ બીજે નહિ.

પૂ. લાલચંદભાઈ: બીજે નહિ. આવી જાય અંદરમાં.

મુમુક્ષુ: મરણમાં પણ પોતાનો આત્મભાન.

પૂ. લાલચંદભાઈ: આત્મા યાદ આવ્યો. આત્મા યાદ આવવો જોઇએ, મરણ વખતે. હા!

મુમુક્ષુ: વિકલ્પ દ્વારા પણ પોતાનું ઘૂંટણ કરે છે.

પૂ. લાલચંદભાઈ: ઘૂંટણ કરે છે.

મુમુક્ષુ: હું આત્મા છું-હું આત્મા છું.

પૂ. લાલચંદભાઈ: હું જાણનાર છું.

મુમુક્ષુ: હું જાણનાર છું

પૂ. લાલચંદભાઈ: આ દુ:ખ મારાથી ભિન્ન છે, હું દુ:ખને વેદનારો નહિ. આહાહા! દુ:ખને જાણતો નથી ત્યાં લક્ષ છૂટી જાય અને જાણનાર જણાય (છે) એમ વિચારમાં આવી જાય, વિચારમાં. ત્યાં દુ:ખ ઘટી જાય છે. આ દુ:ખ છે ને, એ દુ:ખનું અસ્તિત્વથી દુ:ખી થતો નથી પણ દુ:ખમાં જોડાઇ જાય છે, એકત્વ કરે છે, એનું દુ:ખ છે.

મુમુક્ષુ: મને થાય છે એનું દુ:ખ, એનું દુ:ખ થાય છે.

પૂ. લાલચંદભાઈ: એનું દુ:ખ થાય છે. હાં! મારુ તો જ્ઞાન થાય છે, મારામાં તો. આહાહા! તો દુ:ખ ભાગી જાય, વેદાય જ નહિ. ભેદજ્ઞાન છે ને? ભેદજ્ઞાન. મૂળ ભેદજ્ઞાનથી જેટલા સિધ્ધ પરમાત્મા થયા, એટલા બધા ભેદજ્ઞાનથી જ થયા છે. આ મારો આત્મા મને જણાય છે ચાર લીટીમાં, પર જણાતું નથી, ભેદજ્ઞાન છે. એ જ્ઞાનની પર્યાયમાં ભેદજ્ઞાન કરી લીધું એણે. જ્ઞાનની પર્યાયમાં પર જણાય છે અને સ્વ જણાય છે. એમાં (ભેદજ્ઞાન કર્યું કે) ના, સ્વ જ જણાય છે, પર જણાતું નથી ત્યાં ઉપયોગ અંદરમાં આવી ગયો. અનુભવ કરી લીધો.

મુમુક્ષુ: એનું નામ ભેદજ્ઞાન છે.

પૂ. લાલચંદભાઈ: ભેદજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ: પરથી છૂટું પડ્યું જ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: છૂટું પડી જાય જ્ઞાન. પરનું લક્ષ છૂટી જાયને? પરનું લક્ષ છૂટે ત્યારે અંદરમાં આવેને?

મુમુક્ષુ: પરનો અને પોતાનો ભેદ પાડયો.

પૂ. લાલચંદભાઈ: ભેદ પાડયો.

**વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે**. **તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.** બરાબર?

**આહાહા! જુઓ! બાહ્ય જ્ઞેયો-રાગાદિકથી માંડીને છએ દ્રવ્યો પોતાના આત્માથી જુદા છે. જો તે જુદા ન હોય તો એક હોય, પણ એમ કદી બનતું નથી**. રાગ અને આત્મા કદી એક થતા નથી. **રાગનું જ્ઞાન થાય તેમાં કાંઇ રાગ જ્ઞાનની પર્યાયમાં આવતો નથી**. દુ:ખ જ્ઞાનની પર્યાયમાં આવતું નથી. **કેવળીને લોકાલોકનું જ્ઞાન થયું તો લોકાલોક કાંઇ જ્ઞાનમાં પેસી ગયા નથી**. ક્યાં આવે છે? એ તો લોકાલોક એનામાં છે.

છઠ્ઠું પાનું, **ઘટનો જાણનાર ઘટ-રૂપે થતો નથી**. **વળી ઘટનો જાણનાર વાસ્તવમાં ઘટને જાણે છે એમ નથી**. ઘડો જ્ઞાનમાં તો આવતો નથી પણ જ્ઞાન ઘડાને જાણતું પણ નથી. હવે આ તો એના વચન છે. આ કાંઇ લાલુભાઇની વાણી થોડી છે? આ તો ગુરુવાણી છે. ભાઇ!

મુમુક્ષુ: ગુરુવાણી છે ને આ તો જ્ઞાનીના વચન છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાનીના વચન છે. સ્વીકાર કરી લે, તારું કામ થઇ જશે. હું પરને જાણું છું પક્ષ છોડી દે. જાણનાર જણાય છે. સ્વભાવના પક્ષમાં તો આવ. જાણનાર જણાય છે, પક્ષમાં આવ તો પક્ષાતિક્ક્રાંત થશે. **વળી ઘટનો જાણનાર વાસ્તવમાં ઘટને જાણે છે એમ નથી**. **સ્વપરને જાણવાના જ્ઞાનરૂપે સ્વયં આત્મા જ થાય છે**. સ્વપરનો પ્રતિભાસ થાય છે ને એટલે. **ઘટને જાણવાના જ્ઞાનરૂપે આત્મા થાય છે; તેથી ઘટનું જ્ઞાન નહિ, પણ આત્માનું જ જ્ઞાન છે.** ઘડાનું કોઇ દિ જ્ઞાન થાય? તો-તો જ્ઞાન ઘટ-રૂપે થઇ જાય.

**પોતાનામાં તો પોતાના જ્ઞાનપરિણામનું અસ્તિત્વ છે, જ્ઞેયનું નહિ. આત્માનો 'જ્ઞ' સ્વભાવ છે અને 'જ્ઞ' સ્વભાવી આત્મામાં જાણનક્રિયા થાય તે પોતાથી થતી પોતાની ક્રિયા છે, એમાં પરજ્ઞેયનું કાંઇ જ નથી. આમ જ્ઞેય સંબંધી પોતાના જ્ઞાનનું જે પરિણમન થયું તે જ્ઞેય પોતે, જ્ઞાન પોતે જ, અને પોતે જ જ્ઞાતા છે**. **સમજાણું કાંઇ?**

હવે બીજો પારો સારો આવે છે. લીટા કરેલા છે એમાં. **જ્ઞેયોના આકારની ઝલક,** ઝલક સમજાણું ને? જેમ દર્પણમાં ઝલક આવેને અગ્નિની એમ! **જ્ઞેયોના આકારની** એટલે સ્વરૂપની **ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો છે**. એ જ્ઞાનની જ પર્યાય છે. જ્ઞેય ક્યાં એમાં આવ્યું છે? **જુઓ, જ્ઞાન જ્ઞેયાકાર છે એમ નહિ, એ તો જ્ઞેયને જાણવા પ્રતિ તેવા જ્ઞાનાકારે**

**જ્ઞાન પોતે જ થયું છે.** જ્ઞાનાકારે જ્ઞાન થયું છે. જ્ઞેયાકારે જ્ઞાન નથી થયું, આહાહા! એક-એક શબ્દની કિંમત છે. **તેવા જ્ઞાનાકારે જ્ઞાન પોતે જ થયું છે. જ્ઞેયનું તેમાં કાંઇ જ નથી. જ્ઞેય જ્ઞાનમાં પેઠું છે એમ છે જ નહિ; અર્થાત્ જ્ઞાન જ્ઞેયરૂપે થાય છે એમ છે જ નહિ. જ્ઞાન જ્ઞાનાકાર જ છે. એ જ્ઞાનના જ કલ્લોલો છે,** આહાહા! જ્ઞેયાકાર થતું નથી. જ્ઞાન જ્ઞાનાકાર રહે છે.

**આહાહા! કેવું ભેદજ્ઞાન કરાવ્યું છે! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઇ! જરા ધીરો થઇને સાંભળ. કહે છે - આત્મા પરને કરે કે પરથી આત્મામાં કાંઇ થાય એ વાત તો જવા દે, એ વાત તો છે નહિ, પણ પર જ્ઞાનની પર્યાયમાં જણાય, જ્ઞાન પરને જાણે કે પરજ્ઞેય જ્ઞાનની પર્યાયમાં આવે-પેસે એમ પણ છે નહિ**. ફરીથી, આ લીટી ઇમ્પોર્ટન્ટ છે.

મુમુક્ષુ: બહુ ઇમ્પોર્ટન્ટ છે.

પૂ. લાલચંદભાઈ: બહુ ઇમ્પોર્ટન્ટ છે. લીટા કરેલા છે. **પણ પર જ્ઞાનની પર્યાયમાં જણાય, જ્ઞાન પરને જાણે, કે પરજ્ઞેય જ્ઞાનની પર્યાયમાં આવે - પેસે એમ પણ છે નહિ**, આહાહા!

મુમુક્ષુ: બોલો! પર જ્ઞાનની પર્યાયમાં જણાય એમ નહિ.

પૂ. લાલચંદભાઈ: પર પોતાની જ્ઞાનની પર્યાયમાં જણાય, રાગ પોતાની જ્ઞાનની પર્યાયમાં જણાય, એમ નથી. એને જાણતો તો નથી પણ એ રાગ જણાતો નથી, જ્ઞાનમાં. કાચો પારો છે. જો સમજે તો કામ થઇ જાય. લક્ષ ફરી જાય આખું.

મુમુક્ષુ: અને જો ભૂલે તો ભૂક્કો બોલી જાય, એવી વાત છે.

પૂ. લાલચંદભાઈ: ભૂલે તો ભૂક્કો બોલી જાય. મોટું નફા-નુકસાનનું વ્યાપાર છે. મોટો નફો અને મોટો નુકસાન.

મુમુક્ષુ: જો સમજે તો નફો-નફો જ છે.

પૂ. લાલચંદભાઈ: નફો એટલે અલ્પકાળમાં મુક્તિ થઇ જાય.

મુમુક્ષુ: અને જો ભૂલ કરે.

પૂ. લાલચંદભાઈ: ગોથું ખાઈ ગયું.

મુમુક્ષુ: તો પતી ગયું.

પૂ. લાલચંદભાઈ: પતી ગયું. આ ભવમાં જો ભૂલ્યો તો આવો ભવ પાછો મળવો મુશ્કેલ છે. મનુષ્ય ભવ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, મળવા દુર્લભ છે.

**પર જ્ઞાનની પર્યાયમાં જણાય,** એમ નથી. **જ્ઞાન પરને જાણે,** એમ પણ નથી. **કે પરજ્ઞેય જ્ઞાનની પર્યાયમાં આવે,** એમ પણ નથી, આહાહા! **વસ્તુ-દ્રવ્ય એક જ્ઞાયકભાવપણે છે તે પોતે જ્ઞાનની પર્યાયપણે, જાણનક્રિયારૂપે થાય છે તે પોતાની સ્વપરપ્રકાશકની ક્રિયા છે. એમાં પર જણાય છે એમ કહેવું તે વ્યવહાર છે**. સ્વપરપ્રકાશક સામર્થ્ય તો એ નિશ્ચય છે, પોતાનું. પણ એમાં પર જણાય છે એમ કહેવું તે વ્યવહારથી છે. સ્વપરપ્રકાશક અભેદ કહો તો નિશ્ચય. પણ પર જણાય એમ કહો તો વ્યવહાર થઇ ગયો, એમ! **એમાં પર જણાય છે એમ કહેવું તે વ્યવહાર છે, બસ. પર જણાતું નથી**, **પોતાની જાણનક્રિયા જાણવારૂપે છે તે જણાય છે**. પર જણાતું નથી, પોતાનું જ્ઞાન જણાય છે.

મુમુક્ષુ: જાણનારો જણાય છે.

પૂ. લાલચંદભાઈ: જાણનારો જણાય છે. ઉપરની ચાર લીટીનો જ વિસ્તાર છે.

મુમુક્ષુ: આ બધા આગમનો સાર કહી દીધો, આ જ છે.

પૂ. લાલચંદભાઈ: ચાર લીટીમાં બધું કહી દીધું હતું પહેલા. આ જુઓ અનુભવની કળા. અમે જ્યારે આત્માને સન્મુખ થઇએ છીએ ત્યારે આત્મા જ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયપણે જણાય છે. છ દ્રવ્યો, દેવ-ગુરુ-શાસ્ત્ર, ઉપકારી ગુરુ જણાતા નથી. સમયસાર શાસ્ત્ર જણાતું નથી. જિનવાણી જણાતી નથી, આહાહા! ગજબ છે આ તો વ્યાખ્યા. **એમાં**

**પર જણાય છે એમ કહેવું તે વ્યવહાર છે બસ. પર જણાતું નથી, પોતાની જાણનક્રિયા જાણવારૂપે છે તે જણાય છે.** પોતાનું જ્ઞાન જણાય છે. જ્ઞાન જણાય છે એમ કહો, કે આત્મા જણાય છે બેય એક જ છે. જ્ઞાન અને આત્મા એક જ છે. પર જણાતું નથી, સ્વ જ જણાય છે. જ્ઞાન જણાય છે એટલે સ્વ જ જણાય છે, જ્ઞેય નથી જણાતું, આહાહા!

ઉપરની વાત કરી, એ નિર્વિકલ્પ ધ્યાનની. આ સવિકલ્પની વાત કરે છે. સવિકલ્પદશામાં પણ ઉર્ધ્વપણે આત્મા જણાય છે, મુખ્યપણે, પર જણાતું નથી. પર ગૌણ થઇ જાય છે. પરનું લક્ષ નથીને એટલા માટે, લક્ષ નથી. પ્રતિભાસે છે પણ જણાતું નથી, લક્ષ નથી માટે. એ ગૌણ થઇ જાય છે. જ્ઞાન ઉર્ધ્વ થઇ જાય છે. શ્રીમદ્જીએ કહ્યું ઉર્ધ્વપણે જ્ઞાન જણાય છે. ઉર્ધ્વપણે એટલે મુખ્યપણે જ્ઞાન જણાય છે જ્ઞાનીને. એટલે નિર્જરા થયા કરે છે. જો એક સમય પણ આત્માને ન જાણે તો નિર્જરા ન રહે. સમ્યગ્દર્શન ન રહે, ટકે નહિ.

**ભગવાન! તું આવડો અને આવો જ છે; બીજી રીતે માન તો તારા સ્વભાવનો ઘાત થશે. સર્વજ્ઞ પરમેશ્વર કહે છે - લોકાલોક જણાય એવડી તારી પર્યાય નથી**. તારા જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય એવું તારુ જ્ઞાન નથી, એવી તારી જ્ઞાનની પર્યાય નથી. તારો આત્મા જણાય એવી જ્ઞાનની પર્યાય છે.

મુમુક્ષુ: ઓલું તો પરજ્ઞેય છે એનો સ્વભાવ જ નથી જાણવાનો. પોતાને જાણતા ....

મુમુક્ષુ: બધો સંકેલો કરી નાખ્યો.

પૂ. લાલચંદભાઈ: બહુ સંકેલો. આખો ઉપયોગ અંદરમાં આવે અને આત્માનો અનુભવ થઇ જાય, ભવનો અંત આવે, સમ્યગ્દર્શન થાય, એવી આ ગાથા છે. **સર્વજ્ઞ પરમેશ્વર કહે છે - લોકાલોક જણાય એવડી તારી પર્યાય નથી, તારી જ્ઞાન પર્યાયને તું જાણ એવું તારું સ્વરૂપ છે**. લોકાલોક જણાય એવું તારું સ્વરૂપ (નથી), આહાહા!

ચોખ્ખું કરીને ગયા છે. (ગુરુદેવ) બધું કહીને ગયા છે, પણ કોઇ ધ્યાન દઇને વાંચતું નથી, નહિતર પિતાજી લખી ગયા છે. પિતાજીનો કાગળ પુત્ર ઉપર આવ્યો, આહાહા!

મુમુક્ષુ: વારસો લખી આપ્યો.

પૂ. લાલચંદભાઈ: આ સ્વરૂપ છે.

મુમુક્ષુ: વારસો લખી આપ્યો કે આનો માલિક તું છો. આનો ધણી તું છો, તારા માટે મૂકતો જાઉં છું.

પૂ. લાલચંદભાઈ: તારા માટે મૂકતો જાઉં છું.

મુમુક્ષુ: તારું જ છે બધું.

પૂ. લાલચંદભાઈ: તારું જ છે બધું. **તારી જ્ઞાનની પર્યાયને તું જાણ એવું તારું સ્વરૂપ છે**. **લોકાલોકને જાણવું એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે**. કેવળી લોકાલોકને જાણે છે એ જૂઠો વ્યવહાર છે, એમ! સાચો વ્યવહાર પણ નથી, આહાહા! વ્યવહારના પક્ષવાળાને કઠિન પડે, કઠણ પડે. અમૃત છે, અમૃત. આ જે છે ને, આ પુસ્તક તમે લંડન લઇ જાજો અને વખતો વખત વાંચજો. ઓલા ઝીણા અક્ષર છે. આ મોટા અક્ષર વાંચવામાં તમને ઠીક પડશે. આ અગિયારમાં ભાગમાં છે ખરું, પણ ઝીણા અક્ષર છે.

મુમુક્ષુ: ઓ તો આખું શાસ્ત્ર કાઢવું પડે, આ એક છૂટું જ્યારે મન થાય ત્યારે.

પૂ. લાલચંદભાઈ: હા, એક છૂટું, તમે ગમે ત્યારે સ્વાધ્યાય, મન થાય ત્યારે સ્વાધ્યાય કરી શકો.

મુમુક્ષુ: બીજા ભાગો કરતા અગિયારમાં (અક્ષરો) વધારે ઝીણા છે.

પૂ. લાલચંદભાઈ: હા, અગિયારમાં ભાગમાં વધારે ઝીણા છે. ભૂલ થઇ ગઇ છે. દસમાં ભાગમાં સારા હતા. એટલે મને તો એ વાંચી જ ન શકું એટલે મે મારા માટે ઝેરોક્ષ કરાવી લીધી. અને પછી આ વ્યાખ્યાન આપતો હતો એટલે બૂક છપાવી લીધી. ચારસો પુસ્તક આવા એણે

છપાવ્યા છે. ઓલા પર્યુષણમાં વાંચતા હતા ને એટલે સામે બધાની પાસે હોય ને?

મુમુક્ષુ: જી, વધારે મજા આવે.

પૂ. લાલચંદભાઈ: હા.

સાતમું પાનું- **તે આ; પોતે જાણગ-જાણવાના ભાવવાળું તત્ત્વ હોવાથી** તત્ત્વ એટલે સ્વરૂપ, આત્માનું સ્વરૂપ જ આવું છે, **હોવાથી લોકાલોકના જેટલા જ્ઞેયો છે તેને અને પોતાને જાણવાની ક્રિયારૂપે પોતામાં, (પોતાના અસ્તિત્વમાં) પોતાના કારણે પરિણમે છે. ખરેખર તો આ જ્ઞાનનો પર્યાય તે જ્ઞેય છે.** લોકાલોક જ્ઞેય નથી.

મુમુક્ષુ: પોતાની જ્ઞાનની પર્યાય તે જ જ્ઞેય છે.

પૂ. લાલચંદભાઈ: **જ્ઞાનની પર્યાયનું પર (પદાર્થ) જ્ઞેય છે એમ કહેવું તે વ્યવહાર છે. આવી વાત છે.** જ્ઞાન, જ્ઞાનને જાણે છે તે સાચી વાત છે. જ્ઞાન પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર, ઉપચાર છે. ઉપચારના કથન છે, બધા, આહાહા! **જ્ઞેયોના આકાર એટલે જ્ઞેયોના વિશેષો** એટલે એના દ્રવ્ય, ગુણ, પર્યાય – ભેદો, **એની જ્ઞાનમાં ઝલક આવે છે અર્થાત્ તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં પોતાથી પરિણમે છે. તે જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે એમ કહ્યું પણ તે જ્ઞેયાકાર થયું નથી**. એટલે જ્ઞેયને જાણતું જ નથી.

આ ઝવેરચંદભાઇ લંડન રહે છે, લંડનથી આવ્યા છે. થોડા દિવસ સોનગઢ રહ્યા હતા. તમે મુંબઇ હતા. ત્યારે સોનગઢ થોડા દિવસ રહી આવ્યા.

૨૭૧ ઉપર ગુરુદેવના વ્યાખ્યાન, બુક છે ને?

મુમુક્ષુ: હા, આ તમે લ્યો-લ્યો.

મુમુક્ષુ: ના-ના, આમની પાસે છે-છે, ચાલશે-ચાલશે.

પૂ. લાલચંદભાઈ: કાંઇ વાંધો નહિ. સાતમું પાનું છે, બીજો પારો, વચમાં છે.

**તે જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે એમ કહ્યું પણ તે જ્ઞોયાકાર થયું નથી**, **એ તો જ્ઞાનાકાર- જ્ઞાનના જ તરંગો છે. આહાહા**! **જાણગ-જાણગ-જાણગ પોતાનો સ્વભાવ છે,** આહાહા! **એમાં પરવસ્તુનો-પરજ્ઞેયનો પ્રવેશ નથી, છતાં એનું જાણવું અહીં (-પોતામાં) થાય છે તે ખરેખર એનું** એટલે **(પરજ્ઞેયનું) જાણવું નથી**. કેટલા શબ્દ ચોખ્ખા છે હેં? આહાહા! ખુલાસો. કેટલો ખુલાસો! **જાણવાની પોતાની દશા છે એનું જાણવું છે**. દશાને જાણે છે. જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને નહિ. આહાહા! **આ ન્યાયથી તો વાત છે; એને સમજવી તો પડે ને! આહાહા! કોઈ થોડું સમજાવી દે?**

મુમુક્ષુ: વાંચે તો ખ્યાલ આવે કે અહિયાં બહુ વજન આપ્યું છે આ વાતમાં.

પૂ. લાલચંદભાઈ: બહુ વજન, બહુ વજન આપ્યું છે. વાંચે એટલે ખ્યાલમાં આવી જાય.

**જુઓ, દર્પણના દૃષ્ટાંતે આ વાત સમજીએ: જેમ દર્પણની સામે કોલસા, અગ્નિ વગેરે મૂકેલા હોય તે દર્પણમાં દેખાય છે. પણ એ દર્પણથી જુદી ચીજ છે ને? દર્પણમાં તો તે પદાર્થોની ઝલક દેખાય છે**, કોલસા વગેરે. **પણ શું કોલસા ને અગ્નિ વગેરે દર્પણમાં છે? દર્પણમાં તો દર્પણની સ્વચ્છતાનું અસ્તિત્વ છે**. **જો અગ્નિ વગેરે તેમાં પેઠા હોય તો દર્પણ અગ્નિમય થઇ જાય, તેને હાથ અડકાડયે હાથ બળી જાય. પણ એમ છે નહિ. દર્પણ દર્પણની સ્વચ્છતાના પરિણામે પોતે જ પોતાથી પરિણમ્યું છે; કોલસા કે અગ્નિનું તેમાં કાંઇ જ નથી. સમજાણું કાંઇ?** આહાહા!

એ નિમિત્ત છે અને આ નૈમિત્તિક છે એ કાઢી નાખ્યું, કેમકે એ વ્યવહાર કાઢી નાખવો છે ને આ તો? કેમ કે જ્ઞાતા-જ્ઞેય તે અંદર અભેદ કરવું છે ને? એ જ્ઞેયાકાર થતું જ નથી, એમ કહેવું છે ને? એટલે એ નિમિત્ત છે અને આ નૈમિત્તિક છે, તો-તો વ્યવહાર થઇ જશે.

મુમુક્ષુ: તો-તો વ્યવહાર સિધ્ધ થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: એ વ્યવહારનો અહીંયા નિષેધ કરીને નિશ્ચયમાં પહોંચાડવું છે. ક્યાંય શબ્દ નિમિત્ત નથી આવતું, જોજો. ઝલકે છે એટલું આવે, બાકી નિમિત્ત છે અને આ નૈમિત્તિક એમ નહિ. નહિતર તો જ્ઞેયાકાર સિધ્ધ થઇ જાય. અહીં જ્ઞાનાકાર સિધ્ધ કરવું છે.

મુમુક્ષુ: .....થઈ જાય?

પૂ. લાલચંદભાઈ: આત્મા છે, એ જ આત્મા છે.

**આ શું કીધું? લ્યો, ફરીથી. એક બાજુ દર્પણ છે, અને તેની સામે એક બાજુ અગ્નિ ને બરફ છે**. **અગ્નિ અગ્નિમાં લબક-ઝબક થાય છે.** અગ્નિ અગ્નિમાં લબક-ઝબક થાય છે, ઊંચી નીચી થાયને, અગ્નિની જ્વાળા**. ને બરફ બરફમાં પીગળતો જાય છે**, પાણી થતું જાય છે. **તે સમયે દર્પણમાં પણ બસ એવું જ દેખાય છે**. ત્યાં જેવું હોય એવું અહીંયા દેખાય છે, દેખાય છે, બરાબર! **તો શું દર્પણમાં અગ્નિ ને બરફ છે? ના;** દેખાય છે એટલે એમાં આવી ગયું? ના. **અગ્નિ અને બરફનું હોવું તો બહાર પોતપોતામાં છે, દર્પણમાં તેમનું હોવાપણું નથી**, **દર્પણમાં તેઓ પેઠા નથી**. **દર્પણમાં તો દર્પણની તે-રૂપ સ્વચ્છ દશા થઇ છે તે છે**. **અગ્નિ અને બરફ સંબંધી દર્પણની સ્વચ્છતાની દશા તે દર્પણનું પોતાનું પરિણમન છે**. પોતાની સ્વતંત્ર શક્તિ છે, સ્વચ્છતારૂપે પરિણમે છે. ઓના કારણે કાંઇ છે નહીં, ઓલું ભિન્ન છે ને આ ભિન્ન છે. **અગ્નિ ને બરફનું તેમાં કાંઇ જ નથી**. નિમિત્ત છે એમ ન કહ્યું બિલ્કુલ.

મુમુક્ષુ: એ માર્મિક વાત છે.

પૂ. લાલચંદભાઈ: હા! નિમિત્ત સ્થાપે તો વ્યવહાર થઇ ગયો, તો જ્ઞેયાકાર સિધ્ધ થઇ જાય. અહીં જ્ઞેયાકારને ઊડાડવો છે, જ્ઞાનાકાર સ્થાપવો છે.

મુમુક્ષુ: નિમિત્ત કહે તો-તો જ્ઞેયાકાર સિધ્ધ થઇ જાય.

પૂ. લાલચંદભાઈ: એટલે અનાદિનો જ્ઞાતા-જ્ઞાનનો વ્યવહાર જે છે એ સાચું માને તો મિથ્યાત્વનો દોષ લાગે છે, એમ આવે છે. વ્યવહાર સાચો લાગ્યોને અનંતકાળથી? બીજું શું? વ્યવહાર સાચો લાગ્યો "હું જ્ઞાતા અને આ જ્ઞેય". એમ નથી. હું જ્ઞાતા અને હું જ જ્ઞેય છું. એ તો આ મૂળ ગાથામાં કહેવું છે. એ જ કહેવું છે. **બરફનું તેમાં કાંઇ જ નથી**; **અગ્નિ અને બરફે એમાં કાંઇ જ કર્યું નથી**, **એ તો જુદા પદાર્થો છે.**

આગળ, **તેમ ભગવાન આત્મા સ્વચ્છ ચૈતન્ય દર્પણ છે**. ઓલો દર્પણનો દૃષ્ટાંત આપ્યો. એમાં આ ભગવાન આત્મા દર્પણની સમાન સ્વચ્છ છે. **તેના જ્ઞાનમાં જ્ઞેયોના આકારની** એટલે જેવું સ્વરૂપ હોય એવા સ્વરૂપની **ઝલક આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે.** જ્ઞેયાકાર થતું નથી, જ્ઞેયાકાર દેખાય છે. **સામે જેવા જ્ઞેયો છે તે જ પ્રકારની વિશેષતારૂપે પોતાની જ્ઞાનની દશા થતાં જાણે કે જ્ઞાન જ્ઞેયાકારે થઇ ગયું હોય તેમ દેખાય છે**, **પરંતુ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી,** કોઇ કાળે, કોઇ કાળે, હોં! આજ સુધી. આ તો અંતરમાં જવાની પાઠ છે, આહાહા! કોઇ કાળે થયું જ નથી.

જ્ઞેયાકાર થાય જ નહિ. જ્ઞેયાકાર જો થાય તો જ્ઞાનનો નાશ થાય. જ્ઞાનાકારપણું છોડે નહીં અને જ્ઞેયાકારપણું આવે નહિ. કહેવાય, કહેવાય, કથનમાત્ર, પણ એમ છે નહિ. **જ્ઞાન જ્ઞેયાકાર થઇ ગયું હોય તેમ દેખાય છે, પરંતુ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી,** થાય છે ને પછી એનો અભાવ કરવો, એમ નથી. થયું જ નથી. મૂળમાં ભૂલ છે. **જ્ઞાનાકાર છે;** જુઓ! **જ્ઞેયાકાર થયું જ નથી, જ્ઞાનાકાર છે;** જ્ઞાનાકાર થાય છે, એમ નહિ.

મુમુક્ષુ: જ્ઞાનાકાર જ છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાનાકાર જ છે, અનાદિ અનંત, આહાહા! ખરેખર આ પુરુષનો જન્મ કોઇ અલૌકિક! અને એની વાણી ચમત્કારિક! અને એને સમજે તો ભવનો અંત આવી જાય. બસ! એવું

સ્પષ્ટ છે, કોઇને પૂછવું ન પડે. શાંતિથી ઘરે બેસીને વાંચે, ઉકેલ આવી જાય અંદરમાં. આ (ગુરુદેવ) સાચા છે એમ રાખવું એ મનમાં. ગુરતત્ત્વ સાચું છે, બસ! મારે આને સમજવાનો પ્રયત્ન કરવો.

મુમુક્ષુ: જે ગુરુએ વચનો કહેલા છે એ વચનો સત્ય છે.

પૂ. લાલચંદભાઈ: સત્ય છે. મારે એને સમજવાનો પ્રયત્ન કરવો.

મુમુક્ષુ: મારી જે સમજવાની ભૂલ છે એ આમને કહેલા વચનો....

પૂ. લાલચંદભાઈ: દ્વારા નીકળી જશે, બસ!

**જાણે કે જ્ઞાન જ્ઞેયાકારે થઈ ગયું હોય તેમ દેખાય છે, પરંતુ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી, જ્ઞાનાકાર છે; અર્થાત્ તે જ્ઞેયના કલ્લોલો નથી, પણ જ્ઞાનના જ કલ્લોલો** જ્ઞાનની જ પર્યાય **છે,** જ્ઞેયની પર્યાય ક્યાં અહીં આવે છે? **જ્ઞાનની જ દશા છે; જ્ઞેયોનું એમાં કાંઇ જ નથી**. આહાહા! જ્ઞેયો કારણ નથી અહીંયાં જ્ઞાન થાય છે એમાં. કાંઇ જ નથી. ઉપાદાન કારણ પણ નથી અને નિમિત્ત કારણ પણ એ નથી, આહાહા! ત્યાં જ્ઞેય છે માટે અહીંયાં જ્ઞાન થાય છે એમ ક્યાં છે? જ્ઞાન તો જ્ઞાનથી થાય છે.

મુમુક્ષુ: જ્ઞેય કારણ પણ નથી ને જ્ઞેય કર્મ પણ નથી.

પૂ. લાલચંદભાઈ: નથી. બિલ્કુલ નથી.

મુમુક્ષુ: એટલે જ્ઞેયથી થતું નથી જ્ઞાન અને જ્ઞેયનું પણ થતું નથી જ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: જ્ઞેયનું થાય તો તો જ્ઞેય થઇ જાય જ્ઞાન, નાશ થઇ જાય જ્ઞાન. આહાહા! એમ તો બનતું નથી. આહાહા! **સમજાણું કાંઇ?** એમ કે કાંઇક સમજાણું, જો બધું સમજાય તો ન્યાલ થઇ જાય, એમ ગુરુદેવ કહે. આહાહા! બહુ સૂક્ષ્મ વાતો કરી ગયા છે, હોં! કરી ગયા છે. **આહા! આવો પોતાના અસ્તિત્વનો મહિમા જાણ્યા વિના ભાઇ! તું દયા, દાન, વ્રત, તપ કરીકરીને સૂકાઇ જાય તોય લેશ પણ ધર્મ થાય નહિ. પોતાના સ્વરૂપનું મહાતમ (-મહાત્મ્ય) વિના ધર્મની**

**ક્રિયા કોઇ દિ' થઇ શકતી નથી.**

**નાની ઉંમરની વાત છે. પાલેજમાં પિતાજીની દુકાન હતી. તે બંધ કરી રાત્રે મહારાજ ઉપાશ્રયમાં આવ્યા હોય** સ્થાનકવાસી, **ત્યાં એમની પાસે જતા**. નાની ઉંમરમાં. **ત્યાં મહારાજ ગાતા-**

**"ભૂધરજી તમને ભૂલ્યો રે ભટકું છું ભવવનમાં,**
**કૂતરાના ભવમાં મેં વીણી ખાધા કટકા, ત્યાં ભૂખના વેઠયા ભડકા રે"**

**હવે આમાં તત્ત્વની કાંઇ ખબર નહીં, પણ સાંભળીને તે વખતે રાજી રાજી થઇ જતા. લોકમાં પણ બધે આવું જ ચાલી રહ્યું છે ને! પોતે કોણ અને કેવડો છે એની ખબર ન મળે, પણ માંડે વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ કરવા; એમ કે એનાથી ધરમ થશે પણ ધૂળમાંય ધરમ નહીં થાય**. લેશમાત્ર ધરમ નહીં થાય, એમ! **પોતે કોણ છે એની ખબર વિના શેમાં ધરમ થશે? બાપુ! હું જ્ઞાનસ્વભાવ છું એમ ભૂલીને રાગના કર્તાપણામાં મંડયો રહે એ તો પાગલપણું છે.** આહાહા! પાગલપણું લખ્યું. **દુનિયા આખી આવી પાગલ છે. સમજાણું કાંઇ?**

**આહાહા! અહીં કહે છે - 'આ જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.' પોતાના હોવાપણામાં દયા, દાન આદિના ભાવ, કે શરીર, મન, વાણી ઇત્યાદિ પરજ્ઞેયનો પ્રવેશ નથી, એ તો જુદા પર છે**. દયાના ભાવો જુદા છે. ગુરુદેવની ભક્તિનો ભાવ પણ જુદો છે, રાગ, એમ! **જુદા પર છે; માટે જાણવાની ક્રિયા જ જ્ઞાન વડે,** આહાહા! **આત્મા વડે જણાય છે. દયાના પરિણામ થાય તેને જાણનારી ક્રિયા આત્માની છે ને તે એનું જ્ઞેય છે, પણ દયાના પરિણામ પરમાર્થે આત્માના નથી, ને પરમાર્થે તે આત્માનું જ્ઞેય** પણ **નથી**. જ્ઞેય ઊડાડી નાખ્યું, આહાહા! જ્ઞેય તો આત્મા છે. જ્ઞાન છે, જ્ઞેય છે. લ્યો, વખત થઇ ગયો. નવમું પાના સુધી આવ્યા. દસ પાના છે આ.

મુમુક્ષુ: ફરીથી, દયાના પરિણામ ત્યાંથી.

પૂ. લાલચંદભાઈ: હાં, હાં, ઠીક, ફરીથી લેશું, ફરીથી લેશું. દયાના પરિણામ જે થાય એનું જ્ઞેય નથી, પણ દયાના પરિણામ જેમાં જણાય એવી જ્ઞાનની પર્યાય જ્ઞેય છે. એ જ્ઞાનની પર્યાય જ્ઞેય છે અને દયાના પરિણામ ખરેખર પરમાર્થે જ્ઞેય પણ નથી. દયા સંબંધીનું જે જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાય એનું જ્ઞેય કહેવાય પણ દયાના પરિણામ એ જ્ઞેય પણ નથી, એમ કહે છે. કાલ લેશું ફરીથી, કાલ લેશું.

મુમુક્ષુ: આપણે લીધું હતુને એક ફેરે, જાણે તે કર્તા ને જણાય તે કર્મ.

પૂ. લાલચંદભાઈ: કર્મ થઈ જાય, હા.

મુમુક્ષુ: દયાના પરિણામ જણાય તો કર્મ થઇ જાય.

પૂ. લાલચંદભાઈ: કર્મ થઈ જાય છે. જાણે તો એનો કર્તા બની જાય. કાલ લેશું.

ૐ

## प्रवचं ३ (LA३९६): श्री समयसार कलश २७१
## प्रवचन रत्नाकर भाग ११, पृष्ठ ५७१-५७७
## राजकोट, सितंबर-अक्टूबर १९९०

ऐसा जानने में आता है लेकिन ये छह द्रव्य मुझे जानने में नहीं आते क्योंकि मेरा लक्ष वहाँ से छूट गया है। लक्ष अंदर में आ गया है - अनुभव के काल में, निर्विकल्प ध्यान के काल में, और जितना अनुभव है उतना ही धर्म है।

मुमुक्षु: उतना ही धर्म है।

पू. लालचंदभाई : उतना ही धर्म है। जितना आत्मा अनुभव में आता है और वीतराग पर्याय प्रगट होती है उतना ही धर्म है। पर के लक्ष से तो राग होगा।

मुमुक्षु: स्वभाव में है उतना ही धर्म है। बाकी तो...

पू. लालचंदभाई : स्वभाव से बाहर जाये तो अधर्म है।

मुमुक्षु: इन्द्रियज्ञान है वह अधर्म?

पू. लालचंदभाई : अज्ञान है। क्योंकि.. अज्ञान किसलिए? क्योंकि इन्द्रियज्ञान आत्मा को जानता ही नहीं। इसलिए अज्ञान, ऐसा! लोग क्या कहते हैं? पर को जानता है इसलिए ज्ञान। ज्ञानी क्या कहते हैं? कि इन्द्रियज्ञान स्व को नहीं जानता न इसलिए हम उसे अज्ञान कहते हैं। हमारी व्याख्या तू सुन जरा। तू ऐसे ले रहा है कि पर को जानता हूँ इसलिए ज्ञान हुआ मुझे। हम कहते हैं कि इन्द्रियज्ञान स्व को जानता नहीं, इसलिए हम उस अपेक्षा से अज्ञान कहते हैं। हमारी अज्ञान की व्याख्या तू सुन। इन्द्रियज्ञान स्व को नहीं जानता न? तेरे पास इन्द्रियज्ञान तो अनादि का है। आत्मा जानने में आया? कि नहीं।

मुमुक्षु: भेदरूपी ज्ञान हुआ।

मुमुक्षु: वह भेद करता है।

पू. लालचंदभाई : तो वह अज्ञान ही है। जिस ज्ञान में आत्मा ज्ञात न हो उसे ज्ञान कौन कहे?

